॥ શ્રી હરિઃ ॥

અરવિન્દકુમાર

અથવા

संशयात्मा विनश्यति.

નાટક.

લખી પ્રસિદ્ધ કરનાર.

સૌ. સુરતિ, લલ્લુભાઈ શામળદાસ મુ. અંધેરી.

સંવત્ ૧૯૬૭ કાર્તિક શુકલ ૧ સન ૧૯૧૦.

આવૃત્તિ પહેલી.

કિમ્મત રૂ. ૦–૧–૦.

અમદાવાદ—સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શા. સાંકળચંદ

હરિલાલે છાપ્યું.

લોકમાન્ય શ્રીયુત ઓ. મી. જી. કે. ગોખલે

સાહેબને અર્પિત થયેલી.

—કમળ કુમાર—

એ નામની કરૂણાજનક, રસિક નવલ કથા.

રચનાર. સૌ. સુમતિ.

કિમ્મત. પાકા પુંઠાના રૂ. ૦-૮-૦ કાચાના રૂ. ૦-૬-૦

—મળવાનાં ઠેકાણાં—

એન. એમ. ત્રિપાઠીની કુંપની મુંબઈ.

ઓ. મી. લલ્લુભાઈ શામળદાસ અંધેરી.

" ગુજરાતીપંચ " ઓફીસ—અમદાવાદ.

દશરથલાલ ગંગારામ વ્યાસ. પાટણ. આનંદ ઓફીસમાં

શ્રીહરિ:

અર્પણ પત્રિકા.

મ્હારાં વ્હાલાં બ્હેન તુલ્ય સખી.

અ. સૌ. સરયૂદા.

જે દિવસથી ત્હમારે અને મ્હારે સાથે રહેવા પ્રસંગ આવ્યો તેજ સ·
મયથી મ્હારૂં લેખન–કાર્ય વધ્યું. એ મ્હારા આરંભથી તે
છેક આજ પર્યંતના સર્વ લેખો અતિ ઉત્સાહપૂર્વક, પુરી
આતુરતાથી લખાય કે તરત વાંચવાની જીજ્ઞાસાથી,
ત્હમે મ્હારા હૃદયમાં એવી છાપ બેસાડી કે બીજું
કોઈ જગતમાં મ્હારૂં લખ્યું વાંચવા ત્હમારા જેટલું
ઉત્સાહી નથી ને તે લાગણીનો ઉભરો આમ
બ્હાર ઉભરી આવી આ અર્પણ પત્રિ·
કાના રૂપમાં બ્હાર નીકળી મ્હને
આકર્ષે છે. તે પ્રેરણાને
તાબે થઇ હું આ
ન્હાનું નાટક ત્હ·
મને શુભેચ્છા
સાથે પ્રેમપૂ·
ર્વક અર્પણ
કરૂં છું.

ત્હમારી.

દીન બ્હેની.

સૌ. સુમતિ.

॥ श्री हरिः ॥

અરવિન્દકુમાર નાટક.

(લેખક—સૌ. સુમતિ લલ્લુભાઇ શામળદાસ.)

પ્રસ્તાવના.

થોડાં ઘણાં ઇંગ્રેજી નાટકો વાંચ્યા પછી અને બે ત્રણ ઇંગ્રેજી નાટક કંપનીનાં નાટકો મુંબાઇમાં ભજવાતાં જોયા પછી આવી જાતનાં નાટક લખવા વિચાર થયો. સામાન્ય બોલવા ચાલવાની ઢપછપફેરની નાટકી રીતિથી તેમજ મુખ્ય કરી ગાયનદ્વારાજ નાટકોમાં ચાલતી વાતો કર્ણને કંઇક અરૂચીકર લાગવાથી સ્વાભાવિક રીતિને પ્રકાશમાં આણવા ઉત્કંઠા વધી ને તેથીજ નાટકને સામાન્ય વાતચિતરૂપ બનાવી માત્ર દરેક પ્રવેશના આરંભમાં અને અંતમાં એકેકો છંદ મુકયો છે. ગાનસ્વર કર્ણઇન્દ્રિ વિશેષ આકર્ષે છે તેથી એનાથી પ્રારંભ થતું વાંચન વાંચવાની રૂચી એ ગાન રણકારથી હ્રદયમાં કરાવે અને અન્તમાં પણ એ રણકારથી પ્રવેશની પૂરતી થાય એટલે અન્ય વેળા બીજો પ્રવેશ વાંચકનું હ્રદય આકર્ષે એ પદ્ધતિ જો કે નવી છે એટલે વાંચક વૃંદને પ્રથમ અપરિચિત લાગશે. પરન્તુ—

तदात्वे नूतनं सर्वं मायत्यां च पूरातनम् ।
न दोषा यै तदुभयं न गुणाय च कल्पते ॥

ન્યાયથી દરેક વસ્તુ પ્રથમ નવીનજ હોય તેથી રહેજ મહાવરા પછી એ સર્વને રૂચશે એમ આશા ને વિશ્વાસ છે ને પ્રભુ તે પૂર્ણ કરો એ પ્રાર્થના છે.

તથાસ્તુ—**નમ્રબાળા.**

સૌ. સુમતિ.

પાત્રોનાં નામ.

અરવિન્દ કુમાર—મુંબઇનો એક સારો કમાઉ વકીલ.

પ્રબોધચંદ્ર—ચંદ્રમતિની માશીનો દિકરો.

દેવી પ્રસાદ—ચંદ્રમતિના કાકાનો દિકરો.

ચંદ્રમતિ—મુંબાઇના એક અતિ ધનાઢ્ય શેઠની એકની એક પુત્રી.

કાન્તિમતિ—ચંદ્રમતિની માશીની દિકરી.

લલિતા—અરવિન્દની વિધવા બ્હેન.

નરેન્દ્ર—
સુરેન્દ્ર—
ઇન્દુમતિ અથવા **સરલા**— } અરવિન્દ કુમારનાં બાળકો.

માસીજી તથા **માસાજી**—ચંદ્રમતિનાં માસી, માસા.

શિવાય.

દાસી, નોકરો, માળી, ઇત્યાદિ ઇત્યાદિ.

॥ श्रीहरिः ॥

श्रीमते नारायणाय नमः

અરવિન્દકુમાર.

મંગળાચરણ.

હરિણી.

અખિલ જગના કર્ત્તા સ્વામી, વળી હરનાર જે,
વિનીત જનના સાચા સ્હાયી, દુઃખો હરનાર જે,
શ્રુતિ શિર પરે, દીપેલા છે, પ્રભુ શ્રીનીવાસ જે,
મુજ હિત ચહી આદ્યોપાન્તે, કરો ઉર વાસ તે.

ગીતિ.

ઉપજાવ્યો ઉર જેણે, શુભ મનોર્થ આ તે પ્રભુને વંદુ !
તુજ શક્તિથી કરજે, કાર્ય પૂર્ણ નમી યાચું દીનબન્ધુ !

પ્રથમ અંક.

પ્રથમ પ્રવેશ.

સ્થળઃ—મુંબાઇમાં નેપીયન્સીરોડઉપર આવેલ એક વિશાળ મહાલય નામે ચંદ્રભુવન.

સમયઃ--મધ્યાન્હના ત્રણ.

(પડદો ઉઘડતાં પહેલાં નેપથ્યમાં સંભળાય છે.)

મન્દાક્રાન્તા.

આ સંસારે, નવ રહ્યું હવે, કોઇ મ્હારૂં અરે રે !
આ સંસારે, નવ રહ્યું હવે, કાંઇ મ્હારે ખરે ! રે;
અન્ધારામાં, દુઃખ ઉદધિમાં ડુબતી એકલી હું;
સૂઝે ના ! ના ! કંઈપણ અરે, બાલિકા માત્ર હું છું.

પડદો ઉઘડે છે.

(ચન્દ્રભુવનનો વચલો વિશાળ ખંડ દ્રશ્ય થાય છે, આખો ઓરડો ચાલુ જમાનાને ઉચિત સર્વ જાતના સરસામાનથી શણગારેલ છે, ન્હાની

નાજુક મખમલની ખુરશીઓ, કોચો, સુંદર નાજુક ટેબલો કાચનાં કુંડાં ને બાઝ ઇત્યાદિ બહુ સફાઇબંધ ગોઠવેલ છે. ખુણામાં એક લખવાનું ટેબલ ને હેની પાસે એક બહુજ સગવડતાથી બેસાય એવી ખુરશી પડેલી છે, ખુરશીપર ચંદ્રમતિ તદ્દન કાળાં વસ્ત્રમાં સજ્જ થયેલ બેઠેલી છે. બાળા ઉમ્મરમાં અરાઢ ઓગણીસ વર્ષની લાગે છે. તે બાંધે મજબૂત, દેખાવમાં ઉંચી કદાવર ને અત્યંત સુંદર કન્યા છે. શરીરનો ગૌર વર્ણ સ્યામ વસ્ત્રમાં મળી બાલિકાનું સૌંદર્ય વધારે છે.

તે માથે એક હાથ દઇ ઘણા ઉંડા વિચારમાં બેઠી જણાય છે. ને પાસેના ટેબલઉપર છુટા છુટા પડેલા કાગળો, એક મુકી બીજો લઇ વીંખ્યા કરે છે. થોડી ક્ષણ આ દેખાવ ચાલુ રહે છે પણ પછીથી બાલિકાના મુખમાંથી શબ્દોચ્ચાર સંભળાય છે.)

ચન્દ્રમતિ—(સ્વગત) અરેરે ! આ મ્હારી શી દશા ને શી આપત્તિ ! કાલે સ્હવારમાં મ્હને અતિ વ્હાલથી બોલાવનાર મ્હારા પિતાજી શું મૃત્યુવશ થયા ? મૃત્યુ ! મરણ ! ઓ ક્રુર દેવ ! ત્હારાં પગલાં આ ન ઘટે તેવા સ્થાનમાં તે ક્યાંથી થયાં ! જે મૃત્યુને હું પરમદિવસ સુધી સ્વપ્નમાં પણ ઓળખતી નહોતી તે મૃત્યુ કાલે મ્હને દેખાયું. મ્હારા પિતાના શરીરમાં દેખાયું ને હું અત્યારે ત્હેને માટે કલ્પાન્ત કરતી એકલી અહીં નિરાશાના સાગરમાં ડુબતી બેઠેલી છું ? હવે ઓ પ્રભુ ! શું—

(બાળાના નિકળતા ઉદ્દગારોમાં ખલલ થાય છે ને મુખ્ય દ્વારમાંથી નોકર, **અરવિન્દકુમાર** આવ્યાની ખબર કરે છે. ચન્દ્રમતિ કંઇ સ્વસ્થ થવાનો ડોળ કરે છે, તેટલામાં આવનાર મુખ્ય દ્વારમાંથીજ પ્રવેશ કરે છે. **અરવિન્દકુમાર** દેખાવમાં બહુ ઉંચો ભવ્ય છતાં કાંઇક શામળો છે. મ્હોટી ભરાવદાર મૂછ મુખને ઢાંકી દે છે. ત્હેનાં નેત્રોમાં વકીલાતના છળ પ્રપંચ લેશમાત્ર નથી, પરન્તુ ઉલટી અતિ સૌમ્યતા દીપે છે. ટેબલ પાસે બેઠેલ બાળાને જોતાં એ તરફ જાય છે ને બાળા પણ ત્હેને લેવા સ્હામી ઉભી થાય છે.)

અરવિન્દ—ચન્દ્રમતિ ! આવતાં જરા વાર થઇ તેથી ક્ષમા કરજો, પરન્તુ મ્હારે એક એવા કામ સારૂ આવવાનું હતું કે આવતાં મન અચકાતું હતું.

ચન્દ્રમતિ—(હાથનો અણુસારો કરી સ્હામે પડેલ ખુરશી બતાવતાં) કંઇ ચિન્તા નહિ ! મ્હેં પણ અહીં ઘરમાં પડેલા સર્વ કાગળ જોયા છે ને તમારા આગમનનું થોડું ઘણું કારણ સમજી છું. અરવિન્દભાઇ ? મ્હારે ને

ત્હમારે અથવા મ્હારા પિતાને ને ત્હમારે એક વકીલ ને કુલ જેવો સંબંધ નથી ને નહોતો; પરન્તુ આજે તો--

(અત્યારસુધી ઉભેલી બાલિકા બેસે છે ને તે તકનો લાભ લેતાં)

અરવિન્દ—હા ! આજે તો વકીલ તરીકેજ આવ્યો છું. શું ત્હમારા પિતાની દરેક હકિકત ત્હમારા જાણવામાં આવી ?

ચન્દ્રમતિ—લગભગ બધી; પાંચ છ મહિનાથી પાંચ વર્ષ સારૂ આ ચન્દ્રભુવન ત્હમારે હવાલે ગીરો મુકેલ છે. ત્હેનો દરેક સરસામાન ત્હમને વેચેલ છે, કુલ મીલકતના ત્હમેજ હવે લ્હેણદાર તરીકે માલીક છો ઇત્યાદિ સર્વ વૃતાન્ત પિતાજીએ મ્હારા ઉપરના અન્ત વખતના પત્રમાં લખેલ છે.

અરવિન્દ—ત્યારે તો હું મહા મુસ્કેલીથી બચ્યો, મ્હને એમ થયા કરતું હતું કે મ્હારાથી આ હકિકત ત્હમારા જેવાં અતિ કોમળ મનનાંને કેમ કહી સકાશે ?

ચન્દ્રમતિ—ભાઇ ! કાળ સર્વ શીખવે છે. જ્યાં સુધી વર્ષાનાં ઝાપટાં સ્હેવા વખત નથી આવ્યો, જ્યાં સુધી વીજળીના કડાકા ધડાકા નિરખવા પ્રસંગ નથી આવ્યો ત્યાંસુધી બધી કોમળતા ને નાજુકતા રહે છે. પરન્તુ પછી બધું જખ મારીને સ્હેવું પડે છે.

ચન્દ્રમતિ—(ફરી પાછી ઉંડી નિરાશા ને ઉદાસી ભર્યાં સ્વરથી) મ્હને ખબર નથી પડતી કે મ્હારા પિતાએ શા સારૂં આટલું કરજ કરી બ્હાવો બાહ્ય ડોળ ને ઠાઠ ચાલુ રાખ્યો હશે !

અરવિન્દ—કુમારિ ! ત્હમે હજી બીનઅનુભવી છો. જગતમાં જે યશ સાથે દેખાવ દીધો હોય તેજ દેખાવ સાથે અન્ત આવે. દરેક આબરૂદાર માણસની અભિલાષા હોય છે ને એ ઉચ્ચ અભિલાષાજ એવાં માણસ પાસે બ્હાવાં તુચ્છ કામ પણ કરાવે છે.

ચન્દ્રમતિ—પણ જો ત્હમે હમારી સાથે આટલી બધી સાધુતા ન રાખી હોત તો અન્તે તો ફજેતીજ હતીને ! ત્હમારા ઉપકારનું જ્યારથી મ્હને ભાન થયું છે ત્યારથી મ્હારા હ્રદયમાંથી એ વૃત્તિ જરા પણ ખશી નથી. મ્હારા પિતાની દરેક મીલકતના ત્હમે આજ લગભગ દશબાર માસથી માલિક છતાં જાણે કશું બનતુંજ ન હોય તેમ છેક નિર્ભય રાખ્યાં ને જગતથી તો શું પણ મ્હારાથી, હું એમની સગી પુત્રી ત્હેનાથી પિતાજીની આ વાત ગુપ્ત રાખવા દીધી ! ખરે **અરવિન્દભાઇ** ! ત્હમારો તો જેટલો માનું તેટલો ઓછો ઉપકાર !

અરવિન્દ—છીટ. છીટ. **ચન્દ્રમતિ** ! ત્હમારૂં મન અતિ દુઃખથી અતિ નબળું બન્યું છે ત્હેમાં ત્હમને એટલું બધું લાગે છે. પણ પડી મૂકો એ વાત, (**ચન્દ્રમતિ**ની આંખમાં અશ્રુ ઉભરાય છે ને એ એના સુંદર ગુલાબી ઉદાસીન કપોલ પરથી માર્ગ કરે છે.)

ચન્દ્રમતિ—(પોતાની લાગણી દાબતાં) ખરી ઉર્મિને શબ્દની જરૂર નથી. મ્હારી અંતરની ઉંડી મનોવૃત્તિઓ ખોલવા મ્હને એક શબ્દ પણ જડતો નથી ને જડે તો તે ઉપયોગમાં લેવા હું ઇચ્છતી નથી.

(થોડીવાર મનને સ્વસ્થ કરતાં એક બીજાની દયા ને આભારમાં દબાતાં બન્ને શાન્ત બેસી રહે છે. ફરી **ચં**દ્રમતિજ શરૂ કરે છે.)

ચન્દ્રમતિ—ઠીક ! હવે ત્યારે આજથી આ મકાનની માલેકી ત્હમારે હવાલે લ્યો; હું મ્હારાં માશીબાને ત્યાં હાલ તુરત તો જઇને રહેવા ધારૂં છું, ભૂતકાળના તરંગો મ્હને ભવિષ્યકાળના સાગરમાં જવા દેતા નથી ને મ્હારૂં મગજ તદન ધુમ થઇ ગયું છે. એટલે જો આજની રાત મ્હને આ મકાનમાં રહેવા દ્યો તો હું મ્હારી કંઈક સગવડ સ્વસ્થતાથી વિચારીને કરૂં. ત્હમારા આટલા ઉપકાર છે ત્હેમાં આટલો વધારો; ને યાચકને તો એકવાર યાચ્યું પછી લજ્જાજ શાની રહે !

(દુઃખીતાના સ્વરમાં એટલો શોક, એટલી ઉદાસિનતા ને નિરાશા ધ્વનિ કરે છે કે સ્હામે બેઠેલ વકીલ કરૂણાથી કમ્પે છે.)

અરવિન્દ—અરેરે ! એ તે શું બોલ્યાં. એક રાત તો શું પણ એક માસ, એક વર્ષ, એક આખી જીંદગાની. જ્યાં સુધી ત્હમારી ઇચ્છા હોય ને રૂચે ત્યાં સુધી આ મકાન ત્હમારૂં જ છે,

(**ચન્દ્ર**મતિ સાંભળતાંજ ઉઠે છે, **અ**રવિન્દની ખુરશી પાસ આવે છે. અંતરમાં ઊંડાં સંભળાતાં ડસકાં સાથે ત્હેના બે હસ્ત પકડી આભારની ઉભરાતી ઉર્મિથી દાબીને એ ઓરડો છોડી જાય છે.)

(પડદો પડે છે ને નેપથ્યમાં ગીત સંભળાય છે.)

લલિત છંદ.

વિવિધ રંગ શા વિશ્વમાં અહા ! વિવિધ શી દશા માનવોની હા !
ક્ષણુ મહિં ચ્હડે, ઉચ્ચ શીખરે, પલકમાં પડે, ગૂઢ સાગરે.

પ્રવેશ ૨ જો.

સ્થળ—મુંબાઇમાં ચોપાટી ઉપર આવેલ એક ન્હાના એકજ માળના બેઠા ઘાટના બંગલાનો બગીચો.

સમય—સન્ધ્યાકાળનો છે. (નેપથ્યમાં)

દીંડી.

પૂર્ણ સન્ધ્યા ખીલી કેવી ગગન માંહ્ય, સૂર્ય ઉદધિરૂપ ભૂવન મહિં જાય,
કોઇ રશ્મિ માત્ર દશ્ય કયાંહિ ત્યાંહ્ય, અહા ! કુદરતતણું વર્ણન શું થાય!

(પડદો ઉઘડે છે.)

(બગીચો ન્હાનો છતાં બહુ શોખથી પોષેલ જણાય છે. ત્હેની મધ્યમાં સુંદર આકૃતિથી ગોઠવેલ એક ગુલાબના ક્યારા પાસે **કાન્તિમતિનાં** દર્શન થાય છે. તે કયારા પાસે ફુલ તોડતી ઉભેલી છે. બાલિકા ઉમ્મરમાં સોળ સત્તર વર્ષની, દેખાવમાં સ્હેજ નીચી ને સામાન્ય પણ ઘણી બુદ્ધિમાન જણાય છે. ફુલ તોડી તે કોઇની વાટ જોતી હોય એમ મુખ્યદ્વાર સ્હામું જોયા કરે છે પણ પછી એ દશામાં બહુ વખત રહી નથી શકાતું એટલે સ્વગતઃ બોલવાજ માંડે છે.)

કાન્તિમતિ—મ્હને એમની વાટ જોતાં આટલી બધી ઉર્મિ શેની ઉભરાય છે ! વકીલ સાહેબ આજે ઘણા મોડા થશે એમ લાગે છે ને તેથી મ્હને ત્હેમને ચ્હીડવતાં બહુ આનંદ આવશે; પણ એ બધું શા ખાતર !

(બાળા જરા વિચારમાં પડતી લાગે છે ને એના મ્હોંઉપર મીઠું મંદ સ્મિત પ્રસરી રહે છે. ફરી મન સાથે થતી વાતો શરૂ થાય છે.)

શા ખાતર ! શું હું નથી સમજતી કે એ બધું શા ખાતર છે ! પણ હા ! મ્હને કેમ આમ અચાનક ઉદાસિનતા હૃદયમાં ભરાય છે ! મ્હારા જેવી સદાની આનંદીને ઉદાસિનતા ! આનંદી ! આનંદી કેવી રીતથી ! મ્હારા મનને શું સુખ છે ! માતાપિતાને દુઃખી થતાં જોવાં, એક બીજાથી વિચારભેદને લીધે અલગ રહેતાં જોવાં. પ્રબોધભાઇનું સર્વ કાર્ય મ્હારે શીરે, એ ભાર મ્હારે મસ્તકે ને તે છતાં હું આનંદી ! હું મ્હને સુખી માની શકું ! શું જીંદગીનો આરંભ થતો ઝરણ પ્રવાહ, જીંદગીમાં આગળ આવવાના ટેકરા, ટેકરી, વન, ઉપવન, વૃક્ષની ગાઢ ઘટા એ સર્વ મુશ્કેલી સમજી શકતો નથી ! સમજી તો શકે છે, નહિતો તે શિવાય આ વિચાર કયાંથી આવે ! પરન્તુ એ સમજેલ ઉપર મનન કરવા મન હિમ્મત નથી કરતું ને માનસિક

શક્તિના અભાવથી આવ્યું સ્વીકારે છે, હું પણ હજી મ્હારૂં ઝરણું વહેવા પણ પુરૂં નથી માંડયું તેટલામાં ભવિષ્યની કેવી આશા બાંધું છું ! જે સાગરને પહોંચવા સરિતા પણ કલ્પનાદ્વારા હામ કરી ન શકે તે સાગર સાથે જોડાવવા મ્હારી અંતરવૃત્તિ-મ્હારૂં ન્હાનકડું ઝરણું-ઉછાળા મારે છે પણુ—

(કુમારિકાના વિચાર અટકે છે ને તે સ્તંભીને ચૂપ થાય છે કારણુ કે મુખ્યદ્વારથી **અરવિન્દ**કુમાર ઓફીસના પોશાકમાં સજ થયેલો પ્રવેશ કરે છે,)

અરવિન્દ—(અજાયબીથી) ઓહો ! આજ અત્યાર સુધી કેમ બગીચાને પાવન કર્યા કરો છો ! કંઇ એના ઉપર ઘણાં મ્હેરબાન થયાં જણાઓ છો ! તેમ કરવાનું શું કારણ !

કાન્તિ—પ્રશ્ન કરનારના હૃદયને પૂછો.

અરવિન્દ—પ્રશ્ન કરનારનું હૃદય તો કહે છે કે કાંઇ ઘરમાં **માશીબા માસાજી**ને તકરાર થઇ હશે એટલે બાનું ત્રાસ્યાં હશે.

કાન્તિ—(સ્હેજ ચ્હીડાતાં ભ્રુવાં ચ્હડાવીને) દરેક મનુષ્યને પોતાનો દોષ હોય ત્યારે બીજાં નિમિત્ત શોધવા બહુ મન થાય છે, ને તે બ્હાનાં પણ કેવાં ! સ્હામા માણસનાં કાળજાં કોતરી નાંખે તેવાં !

અરવિન્દ—(ત્હેની છેક સમિપ જઇ ત્હેને વાંસે હાથથી પંપાળતાં) જોયું પાછું ગમજ ચસકયું ! પણ લ્યો એક નવાઇ જેવી વાત કહું જેથી બધા મીજાજ હાલ ઉતરી જશે.

કાન્તિ—(જીજ્ઞાસાથી ને **અરવિન્દ**ના સ્પર્શથી પ્રફુલ્લ બનતાં)-શું ! શું ! કાંઇ **પ્રબોધભાઇ**ના સમાચાર આવ્યા છે ?

અરવિન્દ—ના ! આતો તેથી કાંઇ વિચિત્ર વાતજ છે. ત્હારાં **માશી**ની દીકરીનાં સંબંધમાં વાત છે.

કાન્તિ (દયા ખાતી હોય એવું મ્હોં કરીને)-બિચારી **ચન્દ્રમતિ** ! હા ! વારૂ ત્હેનું શું ! તે અહીં કયારે રહેવા આવે છે

અરવિન્દ—(જરા માર્મિક રીતે)-કદી પણ નહિ.

કાન્તિ—કારણુ !

અરવિન્દ (સ્હેજ મંદસ્મિત)-કારણુ કે થોડા સમયમાં જે એના પિતાનું મકાન ગણાતું તેજ એના પતિનું મકાન ગણાવાનું છે.

કાન્તિ (સ્હેજ ચમકતાં)-એટલે ! એનો શો અર્થ ! **અરવિન્દભાઇ** ! આજે ત્હમને શું થયું છે તે ત્હમે આમ માર્મિક રીતે બોલો છો ?

અરવિન્દ—મ્હેં એને મ્હારી સાથે પરણવા માગું કર્યું ને તે એણે

કબુલ્યું છે. એના પિતાને ગુજરી ગયાને હજી આઠ દશ દિવસ પણ નથી થયા તેથી હાલ એ વાત ખાનગી રાખી છે. ને દોઢ માસ થતાં લગ્ન પણ ખાનગી રીતે ધામધુમ કર્યા વગર કરીશું, પણ એ સૌથી ગુપ્ત રાખવાનું રહસ્ય શું મ્હારી ન્હાનકડી લાડકડી કાન્તિબ્હેનથી ગુપ્ત રખાવી!

(**અરવિન્દના** બોલથી કુમારિકા કમ્પે છે ને થોડીવાર એ ઘણીજ અસ્વસ્થ દશામાં ઉભી રહે છે. **અરવિન્દનું** ધ્યાન ગુલાબના છોડમાં અંદરના ભાગમાં ખીલેલ એક ઘણુજ સુંદર ગુલાબ ઉપર છે ને તેથી એ બાલિકાની દશા જોતો નથી. કાન્તિ થોડીવાર પ્રયત્ન કરી અંશ માત્ર શાન્તિ મેળવી પ્રશ્ન કરે છે.)

કાન્તિ—અરવિન્દભાઇ! ત્હમારો એમના ઉપર ત્યારે તો ઘણા લાંબા સમયથી પ્રેમ હોવો જોઇએ?

અરવિન્દ (સ્હેજ આશ્ચર્યથી બાલિકા સ્હામું જોતાં) કાન્તિ! મ્હારા કલ્પનાના સાગરના તરંગો, હજી સુધી એ ત્હમારા કાલ્પનિક પ્રેમને લાગણીઓના પર્વતના શિખર સુધી ઉંચા નથી અથડાઇ શકતા. ખરા શબ્દોમાં બોલું તો એની છોળો હજી સુધી તો એ પર્વતની તળેટીને પણ અથડાઇ નથી, એટલે ત્હારા પ્રશ્નનો હું શું જવાબ આપું?

કાન્તિ—(જરાક આશામાં આવી વધુ સ્વસ્થ બની)-ત્યારે લગ્નનું કારણ શું! એ બાબતને કંઇક મૂળ તો હોવુંજ જોઇએને! કારણ વગર કંઇ કાર્ય બની શકે?

અરવિન્દ—કારણ એ નિરાધાર બાળાઉપર દયા, હું થોડો ઘણો પ્રભુને માનનારો છું તે તું જાણે છે, ને ત્હેના એક પણ દુ:ખી થતા જીવને હું કંઇક શાન્તવનરૂપ કંઇક સુખદાયક થાઉં તો હું મ્હારૂં જીવન સાફલ્ય માનું.

કાન્તિ (સ્હેજ અકળાઇને કચવાતાં)-હવે એ ખોટી દલીલો છોડો ને ખરૂં કહો કે જો ત્હમારો પ્રેમ શિખર સુધી નથી પહોચ્યો તોપણ ત્હમારી સ્નેહસરિતા ત્યાં વહીને ત્હમારી કૃપાવૃષ્ટિ એના ઉપર વરસી છે.

અરવિન્દ—શબ્દ ગમે તે લ્યો પણ કાર્ય નક્કી થયું એટલી વાસ્તવિક વાત છે ને હમારે વકીલોને વ્યવહારિક જ્ઞાન ને બુદ્ધિની વિશેષ જરૂર તેથી તરંગોના ઘોડા કુદાવવા કરતાં જે દૃશ્ય સત્ય હોય ત્હેને વળગીએ પણ (ગજવામાંથી ઘડીયાળ કહાડીને જોતાં) ઓહો! બહુ વખત થઇ ગયો. મ્હારે હવે જવુંજ જોઇએ. ચાલો, કાન્તિમતિ રજા લઉંછું! કાલ રવિવાર છે તેથી

બનતાં સુધી બપોરે વ્હેલો આવીશ ને માશીબાના મનનું કાંઇક સમાધાન કરી જઇશ. well Good evening.

(એમ માયાથી બોલી બાલિકાનો હાથ પકડી તે છોડી, છોડમાં ગુમ રહેલ ગુલાબનું પુષ્પ તોડે છે ને તે હાથમાં લઇ જડ પૂતળાની માફક સ્તબ્ધ ઉભેલ કાન્તિમતિ તરફ હલાવતો અદૃશ્ય થાય છે ને પડદો પડે છે.)

નેપથ્યમાં સંભળાય છે.

હરિગીત.

મુજ જીવણુ ઝરણું વહ્યું જરા ત્યાં પ્રથમ મુસ્કેલી પડી,
જ્યાં લેશ ચાલ્યું ત્યાં વિપત્તિરૂપ ટેકરી છે નડી,
આશા હતી શી ઉર વિશે ! શું ધાર્યું'તું ને શું થયું !
રે ઇશ ! ત્હારી શી લીલા ! આ હૃદય કોનું ક્યાં ગયું !

પ્રવેશ ત્રીજો.

સ્થળ—ચન્દ્રભુવનનો સુશોભિત વરન્ડો (ઓટલો) અને ત્યાંથી દૃશ્ય બગીચાનો એક તરફનો ભાગ.

સમય—સ્હવારના નવ વાગ્યાનો (નેપથ્યમાં સંભળાય છે.)

શાર્દૂલ

સંસારી વ્યવહારથી નવ વધૂ—બાળા-હજી અજ્ઞ હું,
કાર્યો જે ગૃહદેવીને ઉચિત છે, તેથી નહિ સુજ્ઞ છું;
ચારૂ ધટ્ટ વિશાળ મંડપ તળે પોષાયલું પુષ્પ તે,
વાડીની રચના વિવિધ વિપદો. ત્હેને લહી શું શકે ?

(પડદો ઉઘડે છે.)

(વરન્ડો સાધારણ વપરાશના ફરનીચરથી સારા રીતે શણગારેલ છે. વચમાં રહેલ ગોળ ટેબલ આજુબાજુ છ ખુરશીઓ અને ત્હેની બન્ને બાજુએ બે કોચ છે. એક કોચ ઉપર એક ખુણે શાન્ત ચહેરે કંઇક ઉમંગિત દેખાતી ચન્દ્રમતિ બેઠેલી છે. ત્હેણે શોકનાં છેક શ્યામ વસ્ત્ર તજ્યાં છે, પરન્તુ હજી દિલગીરીની નિશાની દાખલ માત્ર છેક શ્વેત કપડું જ અંગપર ધારણ કરેલું છે. ટેબલ અગાડીની એક ખુરશીપર સ્હેજ ઉદાસિન ને પુરા ગંભીર ચ્હેરાથી કાન્તિમતિ બેઠેલી છે, ને બીજી બાજુના કોચ ઉપર અરવિન્દની વિધવા બ્હેન લલિતા રોફબંધ બીરાજેલ છે. તેઓની મુખાકૃતિજ, ત્હેમનો મીજાજ, બાજરમાવપણું ને ઠસ્સો જાહેર કરે છે. પ્રભુકૃપાથી શરીર

પણ સ્વભાવને શોભે તેવુંજ છે. ત્રણે જણ કંઈ પણ વાત કર્યા શિવાય, જુદા જુદા વિચારમાં કોઇકની વાટ જોતાં બેઠેલાં છે, તેટલામાં પછવાડીના ભાગમાંથી નોકર **પાંડુ** પ્રવેશ કરે છે, આવીને **લલિતા** સ્હામો ઉભો રહે છે ને લિનિત ચ્હેરે ભયથી સંકોચાતાં પ્રશ્ન કરે છે.)

પાંડુ—બાઇ! બજારમાંથી શું આણવાનું છે?

લલિતા—(મિજાજમાં જરા છણ છણીને)—હવે હમારો હક તો ગયો! પૂછો ઘરનાં નવાં શેઠાણી થયાં હોય ત્હેને! હું તો કંઇ જવાબ દેતી નથી.

(બોલીને નોકર તરફથી મ્હોં ફેરવીને ટેબલપર પડેલું પેપર લઇ જાણે કેવાં વાંચવામાં મશગુલ હોય તેવો ડોળ કરે છે. **ચન્દ્રમતિ** શરમ ને ભયથી કમ્પે છે ને એના એ ગભરાટમાં જ નોકર પ્રશ્ન કરે છે,)

પાંડુ—ભાભી સાહેબ! શી આજ્ઞા છે!

ચન્દ્રમતિ—(લજવાતાં નીચું જોઇ બે હાથથી રમતાં)—**પાંડુ** હું ઘરમાં શું છે તે જાણુતી નથી, વળી એ કામમાં હું કાંઇ કુશળ પણ નથી, તે છતાં તું જાણીતો છે એટલે પંદર શેર ઘી સાકર, પાંચ મણ તેલ વિગેરે ત્હને જેમ વગ પડે તેમ.—

(નણદી જે અત્યાર સુધી વાંચવાનું ડોળ કરતાં હતાં તે પેપર પછાડે છે ને ગુસ્સાથી બોલી ઉઠે છે.)

લલિતા—ભાભી! આ તે કાંઇ બજારનો હુકમ આપ્યો કહેવાય! ન આવડતું હોય તો માથે ભાર ન લઇએ. દીકરીની જાતને ઘર વ્યવહાર ચલાવતાં ન આવડે! અરે આતે કાંઇ વાત! મ્હને લાગે છે કે આમતો ત્હમે પંદર દહાડામાં મ્હારા ભાઇને ભીખ માગતો કરી નાખો. ઘરમાં વડીલ આવીને ચ્હોંટ્યાં છીએ તે શું નકામાં! કંઇ પૂછવું તો હોયજને!

ચન્દ્રમતિ (અશ્રુથી ઉભરાતી આંખો સાથે)—**લલિતા**બ્હેન! ત્હમે તો મ્હારાં માતા તુલ્ય છો ને હું ત્હમને કેમ ન ગણુકારૂં? પરન્તુ મૂળ **પાંડુ**ને કોણે મ્હને પુછવા આવવા કહ્યું? મ્હેં તો જાણ્યું કે ત્હમે સાચા મનથી કહ્યું ને તેથી એ ત્હમારી આજ્ઞા ગણી તે પ્રમાણે વર્તી ત્હેમાં પણ શું દોષ! (ચક્ષુમાંથી અશ્રુ નીચે માર્ગ કરે છે.)

મ્હારો બાળકનો અપરાધ ક્ષમા કરો ને બધો ગૃહ કારભાર ત્હમારે માથેજ મ્હારે ખાતર રાખો તો કેટલી કૃપા! ત્હમારા વગર મ્હારૂં કોણુ છે? (ભોળાજી પરન્તુ ભોળી નણંદને અસર થાય છે ને તે **પાંડુ**ને બોલાવી

વરદી આપે છે. **કાન્તિમતિ** આ ચાલતું ફારસ કંઇક ઈર્ષા ને કંઇક ચેષ્ટાની નજરથી જોતી બેસે છે. તેટલામાં **અરવિન્દ** વચલા ખંડમાંથી બ્હારના ભાગમાં પ્રવેશ કરે છે.)

અરવિન્દ (ખુરશી પર બેઠેલી **કાન્તિમતિ**ને પ્રથમ નીહાળતાં)– ઓહો ! **કાન્તિમતિ** ! ત્હમારાં પગલાં ક્યાંથી ! આજ આ ઘર પાવન કરવા આકર્ષાયાં પણ (અચાનક ત્હેની નજર **ચન્દ્ર**મતિ તરફ ખેંચાતાં)– મતિ ! શું છે ! કેમ ચક્ષુએ અશ્રુ સરિતાને માર્ગ આપ્યો છે. ?

ચન્દ્રમતિ (સાવધ થઈ હાથમાં પકડેલ રૂમાલથી નયન સાફ કરતાં.) કાંઇ નહિ એ તો સ્હેજ; હમારે આંઓને કયાં જળાશય શોધવા જવું પડે તેમ છે? જ્યારે જોઇએ ત્યારે ચક્ષુમાં વારી તૈયારજ હોય છે.

(બોલીને મંદસ્મિત કરી પોતાની મશીઆઇ બ્હેન સ્હામું જુવે છે, ને બન્નેની નજર એક થતાં બન્નેના મનમાંથી જૂદા જૂદા વિચાર ઝરણાં છુટે છે.

અરવિન્દ (પોતાની બ્હેન સ્હામું જોઇ કાંઇક વાત સમજતો હોય તેવું ત્હેના મુખ ઉપરથી જણાય છે ને તેથી દુઃખી પત્નીના શાન્ત્વનાર્થ)— મતિ ! જોયો હ્‌વણે દ્રાક્ષનો મંડપ; એના ઉપર કેટલી તાજી દ્રાક્ષ ઝઝુમી રહેલી છે ને કેવી કોઈ ભોક્તાની રાહ જોતી તત્પર બેઠી છે ? ચાલો આપણે બન્નેજ ત્હેના ભોક્તા થઇ એ બિચારીની મનોવાંચ્છના પુરીએ.

(**અરવિન્દ ચન્દ્રમતિ** પાસે આવી ત્હેનો હસ્ત ઝાલી પગથીયા ઉપરથી ઉતરી નીચે જવા ચાલે છે ને પતિ પત્ની વચ્ચે ધીમે સ્વરે વાત ચાલુ થાય છે. **લલિતા** કંઇક લજ્જીત ને કંઇક ક્રોધિત થતી માંહેના ભાગમાં ચાલી જાય છે. ને **કાન્તા** આ સ્નેહાળ પતિ પત્નીને જોતી વિચારસાગરમાં ડુબતી ત્યાંની ત્યાં સ્તબ્ધજ બેશી રહે છે.)

ચન્દ્રમતિ—(હ્રદયમાં ભરાતાં ડસકાં દાબીને) ઓ મ્હારા વ્હાલા, હું ત્હમારા જેવા ઉચ્ચ વૃક્ષને વિંટાવાને યોગ્ય વેલી નથી,—

અરવિન્દ—(ત્હેના બન્ને હસ્ત પકડી ચાલતાં ચાલતાં) **ચન્દ્રમતિ** ! આટલું બધું ગભરાવાનું કાંઈ કારણ !

ચન્દ્રમતિ (જરા ધ્રુજતે અવાજે)—કારણ કે હું આ જંગલરૂપી વનના એક **ઘણા** જ **એકાન્ત** ભાગમાં—**એક** ઘણાજ ઘટાદાર વનમાં ~~દ્દષ્ટી~~ એ ન પડે એવી **વિશાળ શાખાઓ** વાળા વૃક્ષતળે ઉત્પન્ન થઇ છું ને તેથી મ્હને વનના શીતોષ્ણ વાયુ ત્યાં વરસતી વિવિધ વૃષ્ટિ અને જૂદી જૂદી જા-

તનાં ઉગતાં વૃક્ષ કે વેલી કશાનું લેશ પણ જ્ઞાન નથી.

અરવિન્દ (અતિમાયાથી) મ્હારી નિર્દોષ પ્રિય ! અજ્ઞાનતામાં જે પૂર્ણ પવિત્રતા રહેલી છે ને જે વિશુદ્ધતા દૃશ્ય થાય છે તેવી જ્ઞાનમાં હોતી નથી. જેમ જ્ઞાન વધે તેમ દોષનું ભાન પણ વધે ને અજ્ઞાતના કદી ખ્યાલમાં પણ ન આવે એવા દોષો દોષના જ્ઞાનીથી થાય. જો ને ! હમારે વકીલોને પણ શું કરવું પડે છે ? કાયદાના સર્વ પ્રકારે જ્ઞાની બની પછી ન્યાયાસન સુમિપમાંજ તિરસ્કારણીય અસત્ય દલીલો કરવી પડે છે ને ?

ચન્દ્રમતિ (હજી પણ પુરી તુષ્ટ ન બનતાં)—પરન્તુ હું ત્હમારા કાર્યમાં સ્હાયક અથવા સેવિકા તરીકે એકે રીતે ઉપયોગી થાઉં એમ નથી; મ્હારી ઉપરની ત્હમારી કૃપા અઘટિત છે.—

અરવિન્દ (ત્હેને બોલતી રોકીને)—મ્હારી મધુરી વેલ ! વળી ત્હારા વૃત્તાન્તને હાલના જમાનાને ઉચિત દૃષ્ટીથી કંઈક કેળવણી ભરી આંખથી જોઈએ તો પણ ઘણું ઠીક છે. એક અજ્ઞાત આત્માની ઉન્નતિ—એક અંધના ચક્ષુ ઉઘાડવાની ક્રિયા—એથી વધુ પરમાર્થનું કામ બીજું શું હોઇ શકે ? ત્હારા અજ્ઞાનને ટાળવાને મ્હારૂં જ્ઞાન તત્પર રહેલું છે ને ત્હને સર્વ રીતે સ્હાય કરતાં—

(બોલતાં બોલતાં તેઓ છેક નીચે ઉતરી ગયાં છે ને અરવિન્દના મુખમાંથી નિકળતા અન્તના વાક્યના ધ્વનિ સાથે તેઓ દ્રાક્ષના મંડપની પછવાડે અદ્રશ્ય થાય છે, માત્ર કાન્તિમતિ એકલીજ દ્રશ્ય છે. તે બેઠેલ ખુરશી પરથી ઉઠે છે ને ઓટલાને છેડે આવેલા કઠેડાને અઢેલી, એક ગાલઉપર હાથ રાખી વિચારમાં ધીમું ધીમું વદી જાય છે.)

કાન્તિ—આહ ! શો પ્રભુનો પણ ખેલ છે, આજ સુધી મ્હારા મનમાં એમ હતું કે મનુષ્ય ધારે તો શું ન કરી શકે ! કદી મ્હેં મ્હારા સ્વપ્નના વિચારોમાં પણ નહિ ધારેલું કે આ બે અહાવા સંબંધથી જોડાશે ! જે સ્થાને મ્હેં કલ્પનાની ભૂમિમાં મ્હને જોયેલી, જે હસ્તમાં મ્હારા તરંગ પ્રવાહમાં હું મ્હને વિંટાયલી નિહાળતી તે સ્થાને બે હસ્તમાં હું એક દીન ન ધારેલ મનુષ્યને જોઉં છું, ને રોઉં છું. મ્હને મ્હારી પણ દયા આવે છે.

મ્હારી કલ્પનામાં હું અસત્ય માર્ગે દોરાઇ તો હવે મ્હારા વાસ્તવિક વર્તનમાં હું સાચે પંથે વળું એવી રાખેલી ઇચ્છા—ધારેલી સ્પૃહા પણ ક્યાં પાર પડે છે ? દ્વેષરૂપી બળીયા દુશ્મનને હું કેટલા પ્રયાસ છતાં મ્હારા હૃદયમાંથી ક્યાં દૂર કહાડી શકું છું ?—

(કુમારિકાના વિચાર અટકે છે; મંડપ તરફથી પાછા ફરતાં પતિપત્ની ફરી દ્રશ્ય થાય છે, ને પત્નીને નિચે મુકી એકલો અરવિન્દ ઉપર ચ્હડે છે.)

કાન્તિ (જરાક રોષિત સ્વરથી મ્હોટા સાદે)—અરવિન્દભાઇ ! ત્હમારા સુખમાં વિઘ્ન નાંખવા સારૂ ક્ષમા કરજો પરન્તુ મ્હારે એક વાત કરવી છે.

અરવિન્દ (ઉપર ઝડપથી ચ્હડી ત્હેની સમિપ આવતાં)—કાન્તિ ! ત્હારામાં કેમ આટલો બધો ફેરફાર ! આનંદની સદા જણાતી રશ્મિઓ ત્હારા મુખચન્દ્રથી કેમ દૂર થઈ છે ?

કાન્તિ (પોતાની મનોવૃત્તિ દાબતાં)—ભાઈ ! હમે બન્ને માતા પુત્રી હાલ ઘણા માનસિક કષ્ટમાં છીએ. હમણાં તો ત્હમે પણ આવતા નથી એ ટલે હમે ઘણી ઘુંચવણમાં છીએ; પરન્તુ ત્હમારોએ શો દોષ કહાડું ? સુખની સુંદર સરિતાના તટ ઉપર ઉગતા વૃક્ષને દુઃખના દાવાનળમાં દહન થતાં વૃક્ષોનો શો ખ્યાલ આવે !

અરવિન્દ (જરા લાગણીથી ત્હેને માથે હાથ મુકી)—ગાંડી ગાંડી, ચાલ હવે કાલે હું જરૂર માશીબા પાસે આવી જઇશ ! મ્હારી તરફથી ત્હેમની પાસે ક્ષમા માગજે.

કાન્તિ—તે આવવાનું કહેવાજ હું અહીં આવી છું. કાલે પ્રબોધ ભાઇનો પત્ર આવ્યો છે કે—

(બાળાનું બોલાતું વાક્ય મ્હોંમાં રહે છે; ચન્દ્રમતિ ઉપર આવી, આ ઉભેલા યુગલ પાસે આવે છે ને ત્રણેજણ સ્હામે પાસેજ રહેલા દ્વારમાંથી અંદરના ભાગમાં જાય છે.)

(પડદો પડે છે ને નેપથ્યમાં સંભળાય છે.)

વસંત.

આ વિશ્વમાં પ્રકટ દ્વેષ થયો પ્રભુ ! કાં ! વિઘ્નો વિવિધ, દુઃખદારૂણ તેહ દે, શાં !
સર્વે મનુષ્ય પતિ એક તણી પ્રજા તે—અન્યોન્ય દ્વેષ કરી કાં દુઃખમાં પડે છે !

પ્રથમ અંક.

પ્રવેશ પહેલો.

સ્થળ—ચોપાટી ઉપરના કાન્તિમતિના પિતાના બંગલાનો વચલો ન્હાનો ખંડ;

સમય—સાયંકાળના પાંચ વાગ્યાનો.

(નેપથ્યમાં સંભળાય છે.)

લાવણી (ન્હાની)

વિધ વિધ પ્રકૃતિ તણા જનો આ જગમાંહે શું દેખું ?
ભિન્ન શોખની માનવજાતી ભિન્ન ભિન્ન શું પેખું ?
વિચિત્રતા એકત્ર થઇ શા સંબંધો બંધાયે !
અકળ કળા છે ઇશ આપની, ક્ષુદ્રથી શું સમજાયે ?

(પડદો ઉઘડે છે.)

(ઓરડામાં સામાન્ય સામાન ગોઠવેલો છે. બ્હારીએ બ્હારીએ ને ટેબલે ટેબલે જ્યાં જરા જગા હોય ત્યાં ઝાડ ફુલનાં કુંડાં ને વાઝ માલીકના શોખનું કથન કરતાં ઝઝુમી અથવા સ્થિર સ્તંભી રહ્યાં છે. પશ્ચિમાદિ બ્હારીમાંથી આથમતા સૂર્યનાં કિરણો બ્હારીના બ્હારના ભાગમાં સામટાં ભેગાં થઈ અંદર તડકાને રૂપે પ્રવેશે છે. ઓરડામાં એક સોફા કોચઉપર માશીબા બહુ ઉદાસીન મુખથી સુતેલાં છે. ત્હેમની ઉમ્મર સુમારે પીસતાળીસથી પચાશ વર્ષ સુધીની લાગે છે. પરન્તુ કાયા માનસિક કષ્ટને લીધે ઘણી નંખાઇ ગઇ છે. કોચ પાસે એક ન્હાના સ્ટુલ ઉપર કાન્તિમતિ માતાનો હસ્ત ઝાલી ત્હેને પંપાળતી બેઠી છે ને માતાપુત્રીની વચ્ચે વાતો ચાલતી લાગે છે.)

માશી—કાન્તિ ! બેટા ! આજે ત્હારૂં મ્હોં પણ કેમ આટલું બધું ઉદાસ છે ! જે ઉદાસિનતાએ આટલે વર્ષે મ્હારાઉપર કબજો કર્યો તેવી ત્હને ત્હારી આટલી ન્હાની ઉમ્મરમાં કેમ વળગી !

કાન્તિ—માતાજી ! ઉદાસિનતા ને વયની સાથે સંબંધ નથી. એ તો જ્યાં જરા દુઃખ દેખે કે ત્યાં ઝટ કરતી પોતાના વિજયની, પોતાના રાજ્યની ધ્વજા ફેરવવા માંડે, ને (કુમારી બોલતાં અટકી વાત અટકાવવા ઇચ્છતિ હોય તેમ એક બાજુ પડેલા ટેબલઉપરનું વાઝ ઉપાડી હાથમાં લે છે ને વાત ફેરવે છે). જોયું આ બા મોગરાનું ફુલ ? મ્હેં એને કેટલી મહેનત કરી ઉગાડ્યું છે તે ત્હમે જાણો છો ?

માશી (પુત્રીની વાત કરવાની ને ફેરવવાની રીતિથી સ્હેજ આશ્ચર્ય પામીને)—બ્હેન ! ત્હેં ઉગાડ્યું ! ત્હારો પ્રયાસ હશે તે ખરૂં, પરન્તુ તે કેમ ઉગ્યું, ત્હેમાં સુરંગ સુરભી ક્યાંથી આવ્યાં તે ત્હેં જાણ્યું ? દીકરા ! ત્હેનો ખરો ઉગાડનાર તો જૂદોજ છે.

કાન્તિ—પરન્તુ માડી ! મ્હારૂં કહેવું તેવી જાતનુંજ છે. જો બીજ નિર્દોષ વિશુદ્ધ હોય તો પ્રભુ ત્હેની ઉત્પત્તિમાં સ્હાય શા સારૂ ન આપે !

આપણા હાલના ચાલુ સમયમાં પણ જો વૃતાન્ત બીજ સત્ય વિમળ હશે તો માતા મ્હારી? આપણો વિજય છે.

માશી—બ્હેન! ત્હારી ઇચ્છા ફળીભૂત થાઓ બીજું હું શું વદું?

કાન્તિ—અહા! આ વાઝમાં કેટલાં વિચિત્ર વિવિધ પુષ્પોને ગોઠવ્યાં છે! કયા વૃક્ષનું કયા છોડનું કયું કુસુમ ક્યાંથી કયાં લાવી મુકેલ છે! એ વિચિત્રતાનું એકત્રપણું શી ઇચ્છાથી કરેલ છે? શું આ રચનારનો આમ ગોઠવણ કરવામાં કાંઇ પણ હેતુ છે! વ્હાલી માતા! ત્યારે જગતમાં ઉત્પન્ન થતાં વિવિધ કુસુમો મનુષ્યોરૂપી ફૂલોનો પણ એવી જાતનો સંબંધ નહિ હોય એમ શી ખાત્રી! શું ઉદ્યાનના માળી જેમ વિશ્વવાડીના માળીની આ રચના વિનાહેતુ નિરર્થક જ હશે? અથવા શું આ વાઝની વિચિત્રતામાં આપણુને ભાસતી સુંદરતા પેઠેજ શું આપણી વિચિત્રતામાં એને સુંદર લાગતી હશે?

માશી—કાન્તિ! આટલા બધા તર્ક વિતર્ક ન કરીએ દીકરી!—

(**મા**શીબાનું વાક્ય મ્હોંમાં રહે છે. પ્રવેશ કરવાના દ્વારમાંથી **અ**રવિન્દ પ્રવેશ કરે છે. પહેલાં સ્હામેથી આવતાં કિરણોથી તે બરોબર ઓરડામાં ન દેખી શકવાથી સ્થિર ઉભો રહે છે પરન્તુ પછી કોચભણી નજર જાય છે, ને ઉતાવળે પગલે ત્યાં જઇ માશીબાના પગ પાસે કોચપર જ બેશી જાય છે.)

અરવિન્દ—માશીબા! માફ કરજો હો! મ્હારાથી આટલા દિવસ ન આવી શકાયું. પરન્તુ હું બહુ કામમાં રહેતો.

માશી—ભાઇ! જીવન રસના મધુરા ઘુંટડા પીતાં જુવાનને માશીની જરૂર નથી. **ચં**દ્રમતિના પિતાએ પ્રથમથી એને મ્હારાથી અલગ રાખી છે. એટલે ત્હારે આટલી માફી માગવા સમય આવે, નહિ તો એ મ્હારૂં છોકરૂં મ્હારી બ્હેનની પ્રતિમા તે મ્હને એને સારૂં ઓછું હોય!

અરવિન્દ—ના! ના! એને દોષ ન દેશો; એ કાંઇ હું આવું તો મ્હારી આડી આવે છે! પરન્તુ (વાત ફેરવવાની ઇચ્છાથી પોતાના કપાળપરનો પ્રસ્વેદ ગજવામાંથી રૂમાલ કહાડી લ્હોતાં) **કાન્તિ**! કાલે સ્હવારમાં ત્હેં મ્હને કહ્યું હતુંને કે **પ્ર**બોધનો પત્ર આવ્યો છે!

માશીબા—આસ્તે; ભાઇ આસ્તેથી; વળી જો **પ્ર**બોધનું નામ સાંભળશે તો પાસેના ઓરડામાંજ તેઓ બેઠેલા છે તે મ્હારાપર નાખુશીનો વરસાદ વરસાવશે.

કાન્તિ (**અ**રવિન્દની છેક સમિપ પોતાનું સ્ટુલ લઇ જઇ અતિ

ધીમા સાદથી)— **અરવિન્દભાઈ!** પુનેથી પત્ર છે. તેઓ ગમે તે રીતે પણ **માતાજીને** મળવા અતિ આતુર છે. થયેલ બનાવમાં પોતે છેક નિર્દોષ છે એમ ફરી ફરી લખ્યું છે. ને પિતાજી જો કંઇ દયા કરે તો એ દિવસ ઘરમાં આવી રહેવા લખે છે.

અરવિન્દ—કાન્તિ! તું જાણે છે કે એ બનવું અશક્ય છે.

પ્રબોધ ગમે તેવો નિર્દોષ હશે પરન્તુ **માસાજીને** ગળે એ વાત ઉતરવાની નથી. પણ એ આવવાનું ક્યારે લખે છે?

કાન્તિ—કાલે રાત્રીના અગીયાર વાગ્યાની ટ્રેનમાં, પોલિસથી ન્હાસી ન્હાસી આવવું એટલે શું કરવું! ને વળી ઘરમાં પણ ક્યાં વિશ્રામસ્થળ છે! **અરવિન્દ** ભાઇ! એને કાલે રાત્રે પણ પાછા નિરાશ કરી છતે ઘરે ઘરમાં આશ્રય આપ્યા શિવાય આ જંગલના ગમે તે ભાગમાં ગુપ્ત રીતે રખડવા કહાડી મુકવા પડશે, અરે! કાળજામાં શું શું ચુંથારા થઇ જાય છે!

(**બાલિકા** ઉંડો નિશ્વાસ મુકે છે ને **માશીબા** તો વાતના આરંભથી પુષ્કળ રડવા લાગેલાં છે,

અરવિન્દ (**માશીબાને** આશ્વાસન આપતાં **કાન્તિનો** નાજુક હસ્ત હાથમાં ઝાલી)—માશીબા! ત્હમે ચિન્તા ન કરો, **ચદ્રભુવન** ઘણું વિશાળ છે. ત્યાં એકાદ ખંડમાં હું ત્હેને સાચવી શકીશ ને અહીં.—

અરવિન્દને વાક્ય પુરૂં કરવા વખત નથી રહેતો, પાસેના ખંડમાંથી પંચાવનેક વર્ષના ઘણા ગંભીર દેખાવના માસાજી પ્રવેશ કરે છે ને પોતાના કોપિત સાદથી ત્યાં બેહેલાંને ધ્રુજાવી નાંખે છે.)

માસા—કેમ વળી પાછી ત્હમારે એ નફટ છોકરાની વાત ચાલી રહી છે કેમ! **અરવિન્દ!** ત્હારા એ નાલાયક મિત્રની વાત કરવી હોય તો ત્હારે અહીં ન આવવું, સમજ્યો! આ બન્નેની તો અક્કલ બ્હેર મારી છે બ્હેર!

અરવિન્દ (ઉભો થઇ જતાં)—**માસાજી!** એ પોતે લખે છે કે તે તદન નિર્દોષ છે. સો દોષિત ને મારી નાંખો ત્હેના કરતાં એક નિર્દોષને હેરાન કરો એ કરોડગણું ખરાબ—

માસા—ચાલ રે! નિર્દોષ શી રીતે! મૂળ ગુનાહમાં કદાચ કંઈ જૂદું હોય પરંતુ એની એવા અઘટિત સ્થાનમાં હાજરી હતી એ તો ચોક્કસ થયું છે! મ્હારો પુત્ર મ્હારા આત્માનો એક ભાગ એવો અરે! એવો દુષ્ટ નીચ

પાપી વ્યભિચારી—

(માસાજી ગુસ્સામાં પગ પછાડે છે ને બધાં ગભરાય છે)

(પડદો પડે છે.)

નેપથ્યમાં સંભળાય છે.

લાવણી.

ગયું છુપાઇ નીતિ રત્ન કયાં ! અરે, સંસાર સિન્ધૂમાંહિ,
કુકર્મ અધર્મ રૂપ શીલા દસ્ય કેમ ! રત્ન ઘટિત જ્યાંહિ;
મંથનજ્ઞાનથી જ્ઞાત પૂર્ણ બની, મંથન ઉદધિમાંહિ કરો,
શોધો ! શોધો ! નીતિ રત્નને, જગતતણા ઉપકારી ઠરો;

પ્રથમાંક સમાપ્ત.

(પ્રથમને દ્વિતીયાંકની વચમાં પાંચ વર્ષ વિતે છે)

દ્વિતીય અંક.

પ્રથમ પ્રવેશ.

સ્થળ—ચંદ્રભુવનનો એક બાજુનો સુવાનો ઓરડો.

સમય—મધ્યાન્હના બે વાગ્યાનો.

(નેપથ્યમાં સંભળાય છે,)

ઉપજાતી.

શંકા અતિશે દુઃખ આપનારી, અગ્નિ થકી એ વધુ બાળનારી;
વ્યાધિ તણીજે અસરો ન થાય, તે સર્વ પીડા શકમાં જણાય.

(પડદો ઉઘડે છે.)

(ઓરડો સામાન્ય ન્હાનો સુંદર નાજુક ફરનીચરથી શણગારેલો છે. ત્હેનું એક બારણું વરંડા ઉપર ને એક વચલા વિશાળ ખંડમાં પડે છે. ખૂણામાં એક નાજુક પલંગપર ચંદ્રમતિ સુનેલી છે. ત્હેના મસ્તક ઉપરના સર્વેવાળ છૂટેલા છે, પલંગ પાસેના એક ન્હાના ટેબલ ઉપર **શ્રીમદ્‌**ભગવત્‌ગીતા ને **પ્રાર્થ**નામાળા પડેલ છે. સ્હામે એક ઉંચા સ્ટુલ ઉપર દવાની શીશીઓ પડેલી છે. ચંદ્રમતિ દેખાવમાં ઘણી ફેરવાઇ ગઇ છે. ત્હેના સુંદર કપોલપરની ગુલાબી રંગત ઉડી જઇ ત્યાં ફીકાશે વાસો કર્યો છે ને આંખની આજુબાજુ કાળાં કુંડાળાં મંદવાડના ચિન્હ દેખાડતાં સ્પષ્ટ જણાય છે. શા-

રીરિક કષ્ટ છતાં એના મુખ ઉપર શાન્તિનાં ચિન્હો દર્શન દે છે. સ્હામે ભીતપર ટાંગેલી ઘડીયાળમાં જેવા બેના રણકાર કરતા ટકોરા વાગે છે એટલે તરત ચંદ્રમતિ સાવધ થતી જરા આકર્ષણથી પલંગમાં બેઠી થાય છે ને હાથ લંબાવી પ્રાર્થનામાળા લે છે. ને ત્હેમાંથી ગાય છે,)

ચંદ્રમતિ—"પ્રભુ મહિમા ગુણ ગાઓ રે, સર્વ મંગળ થાશે."

(સ્હેજ સાદ ચાલવાથી શ્વાસ ચ્હડે છે ને અશક્ત અબળા પુસ્તક હાથમાંજ બંધ કરી કંઇક ખિન્ન થતી બેસતાં વિચારમાં પડે છે.)

સર્વ મંગળ થાશે એ પદ વાંચતાં હું કંઇક શંકાશીળ થઇ જાઉં છું. હૈં. સર્વ સારૂંજ થવાનું હોય તો મ્હને આવો વિચિત્ર મંદવાડ પણ શું કામ આવે? નરેન્દ્રને આજે એક વર્ષ પુરૂં થઈ બીજું બેઠું પણ બાર માસ થયા છતાં મ્હારા શરીરનું ક્યાં ઠેકાણું પડે છે? શું લોકો જેને ક્ષય સુવારોગ વિગેરે એવાં નામ આપે છે તેવો વિષમ વ્યાધિ મ્હને તો નહિ વળગ્યો હોય!

(ત્હેના વિચાર અટકે છે કારણ કે બ્હાર વરંડા ઉપર કંઇક ખડખડાટ થતો ત્હેને સંભળાય છે. મનની કલ્પનામાં કામ કરતી સર્વ ઇન્દ્રિયો બ્હાર ભાગમાં આકર્ષાય છે ને બ્હાર કોઇકના આવતા અવાજ ઉપર તે લક્ષ આપે છે.)

ગંગાબાઈ! બાઇ સાહેબ સુઈ ગઇ છે કે?

(**પાંડુ**ને પોતાના સમાચાર પૂછતાં સાંભળી ચંદ્રમતિ વધારે સાવધ થઇ વરન્ડાપર અદ્રશ્ય થતી વાત સાંભળે છે. ને વાતો સાથે બુટ પાલીશ કરવાનો અવાજ ને શગડીમાં કોયલા સળગતાં ફુટતા તણખાનો અવાજ કર્ણે પડે છે.)

ગંગા—પાંડુ! બાઇ બિચારી અત્યારે પણ ન સુએ ત્યારે ક્યારે જંપે! આ ફેરી બહુ ખરાબ મંદવાડ આવ્યો છે ડાકટરો ચોખ્ખું બોલે નહિ ને ઘરાકને નિચોવે પરન્તુ હું સમજું છું કે બાઇનો મંદવાડ સારો નથી.

પાંડુ—હા; હમને પણ એવો લાગે છે ખરો, એની ખાંસી આખી રાત્રી છેક હમારા ઓરડા સુધી કાને આવે છે.

(ચંદ્રમતિના મ્હોં ઉપર ગભરાટનાં ચિન્હ ફેલાય છે ને પરસેવાના મોતીયા એના સુંદર લેવાયલા કપાળ પર ઝામે છે. બ્હાર નોકરો વચ્ચે થતી વાતથી વિમુખ થવા એ ટેબલ પરથી ગીતાજીનું પુસ્તક ઉપાડે છે પરન્તુ વૃત્તિ વશ રહેતી નથી ને બ્હાર થતી વાત તરફ ખેંચે છે.)

પાંડુ—ગંગાબાઈ! બાઈ બિચારી મરવા પડેલાં છે ને શેઠ તો બીજી બાઈડી સાથે અત્યારથીજ નાચી કુદી રહ્યા છે. હમી આટલા વર્ષના બુઢ્ઢા અનુભવી થયા તે લોકોનાં મનને ચિષ્ટા સઘળા જલદી સમજી જાતાસ તો !

ગંગા—અરે જવા દેરે એ શેઠની વાત ! આ બિચારી માંદી એક ઓરડામાં પડી રહે છે ને શેઠ તો પેલી કાન્તિમતિ સાથ આનંદ કરે છે. પુરૂષોનાં કાળજાં ખસે રે !–એમને તે કાંઇ લાગણી હોય છે ! એ તો આ લાગ હાથમાં પકડયા છે તેવા જોડાની જોડ જેવી બૈરીને ગણે. એક ફાટે એટલે બીજી તૈયાર; કાલ સાંજે એ બન્નેને બાગમાં ફરતાં જોયાં ત્યારનું મ્હારૂં તો મન ફટકયું છે !--

પાંડુ—અરે ! સાંઝ એકની કયાં વાત છે ! વચ્ચે વચ્ચે રાત્રે પણ એ અહીં આવે છે ને શેઠને એને બાગમાં સાથે ફરતાં હમી હમારી સગી આંખોથી જોયલા મ્હને તો આ ગરીબ બાઈ સારૂ ઘણું લાગે છે—

(ગંગાબાઇ શગડી ખસેડે છે તેથી વાતનો અવાજ ખડખડાટ સાથે મળી જઇ **ચંદ્ર**મતિના કર્ણ સુધી નથી આવતો. અત્યાર સુધી છેક ઝાંખું પડેલું મ્હોં શંકાના દુઃખમાં કંઇક વધારે ફીકકું પડે છે ને ઓઠઉપર કાળાશ ધસી આવે છે. બહુ ખેંચાઇને એ પલંગ ઉપરથી ઉઠે છે ને વરન્ડામાં પડતા દ્વારમાંથી **ગંગા**બાઇને વાત અટકાવતી બોલાવી લે છે.)

ચંદ્રમતિ—ગંગાબાઇ ! બે વાગી ગયા કાંજી લાવોને ?

ગંગા—જી બાઈ ! લાવી જી.

(**ગં**ગાબાઈની છી છી એમ ચૂપ રહેવાની **પાં**ડુને મુખદ્વારા થતી સંજ્ઞાનો મંદ અવાજ આવે છે ને થોડો વખત શાન્તતા પ્રસરે છે. **ચન્દ્ર**મતિ વિચાર ચકડોળે ચ્હડી અતિ દુઃખમાં ડુબતી લાગે છે ને ફરી એ ગીતાજી હાથમાં લે છે.)

ચંદ્રમતિ—**तमेव शरणं गच्छ सर्व भावेन भारत**

तत्प्रसादात्परां शांतिं स्थानं प्राप्स्यसि शाश्वतम् ॥

ત્હેને શરણે જાઉં ! શું પરલોકિક શાન્તિનું પરમ સ્થાન પ્રાપ્ત કરવાથી આ લોકની અગ્નિજ્વાળા શાન્ત પડશે ? શું હું મૃત્યુ પામીશ પણ મ્હારા મનનાં આજે વવાયેલાં શંકાનાં બીજ નિર્મુળ જશે ! શું જેનો આરંભ થયો તે પૂર્ણ થયા વગર અટકી શકશે ? ઓ કમનસિબ સેવકો ! ત્હમે કરેલી અજ્ઞાત વાતોએ મ્હારા હૃદયને કેવી અસર કરી નાંખી ? શું મ્હને કંઇ અગ્નિના વચમાં મુકી છે ? શું આજ મ્હને વધારે તાવ આવ્યો છે ! નહિ !

નહિ ! આ મ્હારૂં શારીરિક કષ્ટ નથી. આતો નક્કી માનસિક વેદનાજ છે. ઓ પ્રભુ ! ઓ ઇશ ! મંદવાડમાં તુજ વિષયિક વાંચનદ્વારા શાત્વન લેવા માંડયું ત્યારે વચમાં આ કયાંથી ઉગી નીકળ્યું ? શું અરેરે શું આ બધું ખરૂં હશે ?

(અતિ દુઃસ્સહ શંકાથી પીડાતી દુઃખી અશક્ત સુન્દરી રૂદન કરતી તકીયામાં પોતાનું મુખ છુપાવી રડે છે, એટલામાં વચલા દ્વારમાંથી અરવિન્દ પ્રવેશ કરે છે ને પત્નીને રડતી નીહાળી એકદમ તે તરફ ધસી પત્નીનું મસ્તક ખોળામાં લે છે.)

અરવિન્દ—મતિ ! મ્હારી વ્હાલી ! શું થાય છે ! છાતીમાં બહુ ગભરાટ થાય છે ! ડાકટરને તેડાવું ! શું ઉધરસ બહુ આવી !

ચન્દ્ર—ઓ મ્હારા નાથ ! ઓ મ્હારા જીવન આધાર ! મ્હને વચન આપો મ્હને વચન આપો.

(રૂદનના શ્રમથી ધ્રુજતી ડસકાં ખાતી તે જરા ઉંચી થઇ પાછી તકીયાઉપર પડે છે.)

અરવિન્દ (ત્હેના વિખરાયલા કેશ સમારતાં)—મ્હારી મધુરી ! શેનું વચન ! અત્યારે આમ કેમ બની છે !

ચન્દ્ર—મ્હને વચન આપો કે કદાચ હું ને ત્હમે આ જીવનમાં બહુ વ્હેલાં છુટાં પડીયે, કદાચ મ્હારી સંસારયાત્રાનો અન્ત ઘણો વ્હેલો આવે ને મ્હારે મ્હારી અટકવાની જગાએ ત્હમને હજી ઘણી મુસાફરી કરવા છોડવાનું થાય તો આપણે બન્ને જે નાવમા બેઠલાં છીએ તે નાવમાં પેલી કંગાળ પેલી નડતરને નહિં બેસાડો—

અરવિન્દ—(ત્હેના કપાળ ઉપર હાથ ફેરવી ત્હેને વધારે શાન્ત કરતાં)–

ચન્દ્રમતિ ! આટલું બધું ન ઉસ્કેરા, એ ત્હારી તબીયતને નુકસાન કરશે, જરા શાન્ત થઈ અકલમંદ વાત કર તો હું ઉત્તર દઉં.

ઘેલી ! ઉન્માદક શંકાનાં પાપી પગલાં ત્હારા પવિત્ર હૃદયમાં કયાંથી થયાં !

ચન્દ્ર—નહિ હું બીજો કાંઇ ઉત્તર નહિ આપું; બસ મ્હને એટલુંજ વચન આપો, ત્હમે એટલીજ પ્રતિજ્ઞા લ્યો કે હું આ મંદવાડમાંથી ન બચું ને કદાચ મૃત્યુના ક્રુર દેવને વશ થાઉં તો ત્હમારે કાન્તિમતિ શિવાય ગમે ત્હેને પરણવું. એની સાથે કદી પણ જોડાવું નહિ. એને તો કદી ત્હમારી જીવન નૌકામાં સંગી ન કરવી. લેશો પ્રતિજ્ઞા?

અરવિન્દ (ત્હેનો દુર્બલ થઇ ગયેલ હસ્ત સ્વ હાથમાં લઇ) લે

આ પ્રતિજ્ઞા લઉં તું બોલે છે તે બીલકુલ અઘટિત ને ઢંગ વગરનું છે, કારણ કે ત્હારો મંદવાડ કાંઇ એવો દુરસ્ત થાય નહિ તેવો છેજ નહિ. પણ અત્યારે ત્હારી માનસિક સ્થિતિ એવી છે. કે જો હું જરા દલીલ કે વિવાદ કરવા જાઉં તો ત્હારી નબળી તબીયતને નુકશાન થાય માટે ત્હારૂં ગમે તે રીતે પણ સમાધાન કરીશ. લે આ બીજીવાર પ્રતિજ્ઞા લઉં છું. જો આ ઇન્દુમતિ આવી ત્હેને અહીં બોલાવી પાસે બેસાડ.

(પતિએ આપેલ વચન ને લીધેલી પ્રતિજ્ઞાથી શાન્ત થતી પત્ની લીધેલ શ્રમથી હાંફતી પતિપર્યંકમાંજ જોરથી દમ લેતી ઢળી પડે છે ને સ્હામેથી દોડતી આવતી ત્રણ સાડાત્રણ વર્ષની કુમારિકા ને એક હસ્તથી પકડે છે.)

પડદો પડે છે.

ને

નેપથ્યમાં સંભળાય છે.

શિખરિણી.

પ્રતિજ્ઞા લેવી છે,—સરલ તદપી શું પળી શકે ?
પ્રતિજ્ઞા લેવી શું,—મન સ્થિર રહેવું બની શકે !
પ્રતિજ્ઞા લેવી ના, હૃદય નત કો માનવ વશે,
પ્રભુ હસ્તે બાજી, દિનજનથી પુરૂં શું શું થશે.

પ્રવેશ બીજો

સ્થળ—ચંદ્રભુવન ઉદ્યાન.

સમય—સ્હવારના દશ,

(ને પથ્થમાં સંભળાય છે.)

ઝુલણા છંદ.

સ્વામી મ્હારા તણું હૃદય નથી દશ્ય હા ! વૃત્તિ ત્હેની લહું કેવી રીતે ?
વૃત્તિનું વહન કોના પ્રતિ ધાય છે ! સ્હાય કોનું હૃદય કેવી પ્રીતે !
મધ્યમાં હું ઝુલું, પાર આવે નહિ, તીર નિર્ણય વિશે થાઉં બ્રાન્ત
ક્ષણ મહિ સત્ય આ, ક્ષણ મહિં સત્યએ, કલ્પી કષ્ટાઉં બો ક્રુર કાન્ત !

પડદો ઉઘડે છે.

(ઉદ્યાનના જમણી બાજુના બાગમાં એક આરામખુરશીઉપર ચંદ્રમતિ આંખે શરીરે શાલ લપેટી સુતી છે. ને ત્હેના મુખઉપર કંઇક તેજ

કંઈક તંદુરસ્તી સહચારી બની વસેલાં છે, ત્હેનાથી થોડે દૂર બે ન્હાનાં સુંદર બાલક એક કુમાર અને કુમારિકા ઘાસમાં રમે છે.)

ચન્દ્રમતિ—ઈશ્વરે માનવ મન નિરખવાનાં દ્વાર ઉઘાડાં રાખ્યાં હોત તો કેવું સારૂં? મન, મનોવૃત્તિ ગુપ્ત ન રાખી શક્ત, ને જગતમાં જન્મતા કલેશ લેશ પણ ન રહેત. શું મ્હારી આ કલ્પના સત્ય છે? નહિ! નહિ! પ્રભુ પૂર્ણ ચતૂર ને ડાહ્યો છે, ને એનાં કાર્ય શ્રેષ્ઠ ને સહેતુકજ છે. જો હૃદયની ચાવી હસ્ત સ્હડત તો તોફાની માનવજાતિ ત્હેમાંથી હજાર તોફાન ઉભાં કરત. ખરેખર! જે આનંદ શંકામાં, જે આકર્ષણ અનિશ્ચિતપણામાં છે તે આનંદ ને આકર્ષણ નિશંકતામાં ને નિશ્ચિતપણામાં નથી. જો તેમ હોત તો પ્રભુ પોતે પોતાનાં અસ્તિત્વ વિશયમાં આટલી શંકાઓ ને અનિશ્ચિતપણું જૂદાં જૂદાં માનવ પર જૂદી જૂદી રીતે શું કામ રહેવા દેત! પોતે પ્રત્યક્ષ થઇ બધું નિશ્ચિત ન કરી નાંખત! હા! જો હૃદય કળ હાથ લાગતી હોત તો હું પોતેજ આજે આમ કલ્પનાના પક્ષી ઉડાવતી કંઇક ઉત્સાહ, કંઇક આશા, કંઈક નિરાશા, કંઇક ક્રોધ, એવી મિશ્રણ વૃત્તિ અનુભવથી આમ ક્યાંથી બેસત? નહિ હા.—

(દૂર રમતી બાલિકા જોરથી દોડતી સમિપ આવે છે.)

ઈન્દુ--**મતિ** બ્હેન! **મતિ** બ્હેન! બાગના પેલા દરવાજા કને મ્હેં **અરવિન્દ**ભાઇને દીઠા.

ચન્દ્ર--ઠીક બેટા! જાઓ રમો.

(કુમારી હરણી પેઠે દોડી જાય છે ને **ચન્દ્ર**મતિ વિચારમાં પડે છે) આવ્યા, આજે અત્યારમાં પણ ત્યાં ગયા હતા. શું કામ આટલો વખત ત્યાં રહેતા હશે! શંકા! શંકારૂપ એ પ્રચંડી વાયુ મ્હારા હૃદયવનને હેરાન ના કરો; ઈર્ષારૂપ અરે દાવાગ્નિ! મ્હારા ઉરને ના બાળો; શું થશે?

(**અરવિન્દ** ત્વરાથી બાગમાં પ્રવેશી સમિપ આવે છે ને ચંદ્રમતિને નિરખતાં.)

અરવિન્દ—ઓહો! આજ તો દેવી પૃથ્વીપર સ્વર્ગથી ઉતર્યાં તે બગીચાની બ્હાલી વધારવા કે આવના અર્ચકને આવકાર આપવા! મતિ! મ્હારૂં હૃદય હર્ષથી ઉભરાઇ જાય છે.

ચન્દ્ર (મંદસ્મિત કરતાં)—ઉદ્યાન તે પૃથ્વી નહિ કિન્તુ સ્વર્ગ છે. ગૃહનું નામજ ભુવન છે. ને તેથી દેવી સ્વર્ગથી પુજાવા સારૂ નહિ પરન્તુ

સેવિકા સંસારમાંથી સ્વર્ગમાં દેવને પુજવા આવી છે. પણ દેવનાં દર્શન દુ-ર્લભ છે. કદાચ કોઇ બીજી સેવિકાની સેવા !

અરવિન્દ (અટકાવીને)—ગાંડી પાછું ગાંડું બોલવા માંડ્યું, મ્હારા ઉપર આટલોજ વિશ્વાસ છેને! મતિ! આટલા દીર્ઘ સહવાસ છતાં પણ તું ત્હારા પતિ, અને પતિ પ્રેમને પારખતાં ન શીખી! ને મ્હારી દ્રઢતા પર શંકા! ચાલો જવા દ્યો પણ એક અજાયબીની વાત કહું તું પણ ખુશ થશે.

ચન્દ્ર—વળી આજે શું આશ્ચર્ય મ્હારે કાજે આણ્યું ?

અરવિન્દ—ત્હારા કાકાના પુત્ર દેવીપ્રસાદ ત્હારા દેવુભાઇ આજે મું-બાઇ આવ્યા છે ને ત્હારા ચંદ્રભુવનના મહેમાન છે.

ચન્દ્ર (કંઇક નારાજી બતાવી)-મહારા પિતાજીને એમનું ગમન બહુ અરૂચિકર હતું, પરન્તુ આતો ત્હમારા મહેમાન કહેવાય. વારૂ એમને ગયે કેટલાં વર્ષ થયાં હશે! હા, માશીબાના પ્રબોધભાઇ ઉપર આળ આવ્યું ને કંઇક ગુમ થઇ ગયા ત્યાર પછી થોડાજ સમયમાં દેવુભાઇ પણ ચાલ્યા ગયા હતા. બરાબર ૭ સાડા ૭ વર્ષ થયાં

અરવિન્દ (ખુરશીના હાથપર બેસતાં)—હા ! જો ! ઠીક પ્રસંગ મળ્યો; મતિ હું ત્હને એજ કહેવાનો હતો કે માશીબાને ત્યાં મ્હારા જવા આવવાને અને પ્રબોધની હકિકતને જ સંબંધ છે. તું ધારે છે તેવી કોઇ-પણ શંકાનું બીજ તો શું પણ ત્રણે ભુવનમાં ત્હેનો ખ્યાલ પણ મ્હને નથી. માટે જો ત્હારા પતિની સત્યતા ઉપર વિશ્વાસ હોય તો એ શંકાને ત્હારા ઉરમાં નિર્મૂળ કર—અરે ! આ દેવીપ્રસાદતો આવી પણ પહોંચ્યા.

(દેવીપ્રસાદ બાગમાંથી દાખલ થઇ બંગલા તરફ જતો દ્રશ્ય થાય છે. તે દેખાવમાં ખુબસુરત કંઇક ઉછાંછળો ને સ્હેજ છેલબટાઉ જેવો જણાય છે. સોનાના " આઇગ્લાસ " આંખ ઉપર લટકી રહ્યાં છે ને હસ્તમાં લાકડી નચાવે છે ત્યાં અરવિન્દ ત્હેને રોકી બોલાવે છે.)

દેવીપ્રસાદ ! આ તરફ; અહીં આવો; આ ત્હમારાં બ્હેન અહીં છે.

(દેવીપ્રસાદ ચમકીને એ તરફ આવે છે ને જરા દૂરથી ચન્દ્રમતિને નમે છે.

ચન્દ્ર (સ્હેજ હાથ લંબાવી)—ભાઇ દીર્ઘાયુષી થાઓ; ઘણે વર્ષે મુંબઇ તરફ આગમન કર્યું ?

દેવી (ડોળને લટકા સાથે) શું કરૂં ચન્દ્રાબ્હેન ! ધંધાને વશ હમે પુરૂષો એટલે કંઇ સ્વતંત્ર હોઇ શકીએ? પણ મન અહીં દેશમાં રહ્યા કરે

એટલે બધી ખબર કાંઈ જાણ બ્હાર રહે ! ચાલો ભૂતકાળ સ્મરી ત્હમને દુઃખદ નહિ થાઉં; કેમ ખરૂં ને મી. અરવિન્દકુમાર ! પરન્તુ let me congratulati you on your marriage. અરે હા ! ને વળી હાલ જે ભયાનક મંદવાડની પાર ઉતાર્યાં ત્હેને ખાતર પણ.

ચન્દ્ર—દેવુભાઇ ! બહુ ઉપકાર થયો. પણ મ્હારાં ત્રણ કુસુમો વિશે ત્હમે જાણ્યું હતું કે નહિ ?

દેવી—ઓ હા ! હા ! બે પુત્રને એક પુત્રી ! ક્યાં છે એ ત્રણેભુલકાં ! મ્હારી આતુરતા ત્હેમને જોવાની મર્યાદામાં નથી રહેતી.

ચન્દ્ર (જરા મ્હોટે સાદે)–ઇન્દુ ! સુરેન્દ્ર ! અહીં આવો તો; ત્હમારા મામા પરદેશથી આવ્યા છે. ભાઇ ! ત્રીજું તો પાલણામાં ઝુલતું છે. તે અત્યારે પોઢી ગયું હશે.

(બાલ ને બાલિકા દોડતાં આવે છે, પરન્તુ ઈન્દુ આવનારને દેખી અત્યંત ભય પામી હોય તેમ દૂર નાસે છે ને માતાની ખુરશી પછવાડે ભરાય છે.

દેવી--આ સુરેન્દ્ર ! સર્વથી જ્યેષ્ઠ બાલક ! આબેહુબ કાકાજીની પ્રતિમા ! જાણે કાકાજીજ એમાં મૂર્તિવંત થયા, ને પેલી બ્હીકણ બાળા ! નરી એની માતાનીજ આકૃતિ; ચન્દ્રાબ્હેન ! ત્હમારા જેવાજ બે ચળકતા તારાઓને વૃક્ષમાંથી નીકળતા રેસા રૂપ કેશની લટો ? એનું મુખ એ ત્હમારૂં બાલ્યાવસ્થાનુંજ મુખ કેમ મી. અરવિન્દ કુમાર !

ચન્દ્ર--તેઓ કહે છે કે ઈન્દુ મ્હારા કરતાં ઘણી જૂદી થશે. એમનો ગર્વ એવો છે કે માતાની શારીરિક આકૃતિ કરતાં પિતાના ઉચ્ચ સદ્‌ગુણોની આકૃતિ ત્હેનામાં વધારે દશ્ય થાય છે. પણ ઈન્દુ ! તું આમ આગળ આવને !

ઈન્દુ (ખુરશી પછવાડેથી) ના ! નહિ આવું ! એના હાથમાં તો લોહી જણાય છે ના ! ના !

ચન્દ્ર--ઘેલી છોકરી ! કંઇ નહિ દેવુભાઇ ! એ તો પરિચય પડશે ત્યારે ડાહી થશે. પરન્તુ હવે ત્હમારે ક્યાં સુધી આમ દેવુભાઇને અહીં તડકામાં તપાવવા છે ? અતિથીનું આતિથ્ય આમજ કરો છો ને મ્હારા સરકાર !

(અરવિંદ પત્નીના ઉપહાસ્યથી કંઇક હાસ્ય કરતો અતિથીને લઇ બંગલા તરફ જાય છે. અને " ચાલો હું પણ આવું છું " કહી ચન્દ્રમતિ ઉઠે છે. બન્ને બાલકો પિતાની પછવાડે દોડ્યાં જાય છે.)

ચન્દ્રમતિ (ઉઠી શાલ ગોઠવતાં)-કેટલો ઘોંટાળો ! આજે મ્હને ત્હેમણે કેવો દિલાસો દીધો ? ને તે છતાં મ્હારી કેમ ખાત્રી નથી થતી ! શું મ્હારામાં કંઇ પાપ છે તે મ્હને આમ ડંખે છે ! ગમે તો તેઓનું મન છેક વિમળ હશે પરન્તુ **કાન્તિ**ના મનમાં તો મેલ છેજ. હું સ્ત્રી છું. સ્ત્રીનું હૃદય ઓળખી શકું છું. ને મ્હારા પ્રેમે મ્હને અન્ય પ્રેમ જોતાં પણ શીખવેલ છે. મ્હારી પ્રીતિએ મ્હારી અંધદ્દષ્ટિ ખોલી છે ને મ્હારાં એ નવિન ચક્ષુદ્વારા હું **કાન્તિ**નું હૃદય નિરખું છું. **પ્ર**બોધભાઇના નિમિત્તથી પતિ નથી મળતો એવું ઠરાવી એ પક્ષી પ્રમદા પરણતી નથી પરન્તુ સત્ય કારણ હું સમજી છું. ને તેથીજ આટલી ચિન્તા કરૂં છું. અજ્ઞાત રીતે પણ તેઓ ખાણ માથે ઝઝુમતા શિખરના અન્ત સુધી જાય છે ત્હેમાં પ્રભુ ત્હેમનું રક્ષણ કરો. એ શિવાય—

(**ગં**ગાબાઇ હસ્ત ઝાલવા મદદ દેવા આવે છે ને વિચાર અટકે છે. દાસી સાથે તે અદશ્ય થાય છે) ને પડદો પડે છે.

નેપથ્યમાં સંભળાય છે.

ગરબી.

ચુંબક પ્રતિ નવ ઘટતી લોહ ગતિ જરા,
દુર્ઘટ શિખરે ચ્હડે નહિ કોદી ધીરા;
જરા ખસે તો અગાધ ઉંડી ખીણ છે
રક્ષો પ્રભુ ! ત્યાં માનવ શક્તિ હીન છે.

પ્રવેશ ત્રીજો.

સ્થળ-મુંબાઇમાં મહાલક્ષ્મી ઉપર બેટરી

સમય-સન્ધ્યાકાળ.

નેપથ્યમાં સંભળાય છે.

તોટક.

રવિ ડૂબી ગયો ઉદધિ મહિને, શશિ ઉદ્‌ભવિયો નભ માતથીને—
બળવાન અરી કરી દૂર બળે, અતિ ગર્વથી ઇન્દુ નભે ઝળકે.—૧

(પડદો ઉઘડે છે)

(**મહાલક્ષ્મી**ઉપર બેટરીના નામથી ઓળખાતો, એક સમુદ્ર તીરનો ફરવા હરવા કાજે બનાવેલો ભાગ કિનારા આગળ બહુજ જૂજ છુટી છવાઇ ગાડીઓ નજરે પડે છે. ત્હેના એક એકાન્ત ખૂણાના વાંક પાસેના એક

બેન્ચઉપર કાન્તિમતિ હાથમાં એક પુસ્તક ઝાલી પુસ્તકમાંથી દૃષ્ટિ ને મન બન્ને કાઢી વિચારમાં બેઠેલી છે.)

કાન્તિ—ઈન્દુ નભમાં ઝળકે છે ને ઈન્દુનું અન્ય નામ ધારણ કરનારી પૃથ્વીઉપર તેજસ્વી બને. સૂર્ય જેવા બળવાન પ્રતિસ્પર્ધીને પણ દૂર કરનાર ને બળવાન, ઈન્દુ થાય છે ને ! ઇન્દુ જશે; સૂર્ય આવશે ને—

(કુમારિકા થોડી ક્ષણ વિચારમાં અટકે છે)

પ્રભુ ! પ્રભુ ! કેવો વિચાર ! કેવી તુચ્છતા ! કેવું હીન મન ! અરેરે ! શું માનવ મન આટલાં બધાં તિરસ્કરણીય છે ? શું સ્વાર્થ આટલે સુધી ઘેલા વિચાર કરાવી શકે છે ? ખરે ! હું નિત્ય વિચારૂં છું ને નિત્ય દિનપ્રતિદિન વધારે દયા મ્હને મ્હારી આવતી જાય છે, પ્રીતિ કરી ત્હેનું આ ફળ પામી ! સંસારસિન્ધુમાં મન નાવડું જરા છુટું મુક્યું એટલીજ વાયુને તોફાન કરતાં વાર ! પરન્તુ હું દુઃખી થઈ હવે કેમ મ્હારી જ્ઞાનરશ્મિઓ ઉચિત સ્થાને નથી રોકતી ? જે ધ્યાનસમાં જ્યોતિ પુરાઇ છે ત્યાંથી તો નીકળવું, કહાડવું એજ બચવાનો ઉપાય છે, સમજણ છે ત્હેની વિરૂદ્ધ વૃત્તિ કામ કરે છે. બીચારા વકીલ સાહેબ ! ખરેખર એ મ્હારા ઉપર કેવળ નિર્દોષ સાત્વિક બાન્ધવ પ્રેમ રાખે છે ને તે વખતે મ્હારા પાપ સારૂ મ્હારૂં હૃદય કેવું ડંખે છે ! સ્હાય કરવી; પરોપકાર કરવો.

દુઃખીના દુઃખને શાન્ત કરવાં એ એમના ઉચ્ચાભિલાષી હૃદયની કેટલાં જગતજન કદર કરે છે ! આજે કહ્યું કે આવીશ ને ત્યાં સમુદ્રતીરે મળીશ. હું આવી, વખત થઇ ગયો, શું નહિ—(પછવાડેથી **અર**વિન્દકુમાર આવીને કુમારીની આંખ આડા હાથ દેછે.)

અરવિન્દભાઈ ? શું એટલું પણ ન ઓળખી શકું ! કેટલેક સમયે મનને પણ દૃષ્ટિ આવે છે તો શું ત્હમારા હસ્ત પણ ન ઓળખું કે ? (**અર**વિન્દ હસતો હસતો સ્હામો આવી બેન્ચને છેડે બેસે છે.)

અરવિન્દ—**કાન્તિ** ! મ્હારી બ્હેની ! કહ્યા કરતાં મોડું થયું માફ કરજે હોં, પણ હમારા ઘરમાં હાલ નવું પાપ—

કાન્તિ—હું ! હં ! ભાઇ ! અઘટિત વાક્ય ના બોલો. બેન્ચના લાકડાને ને સમુદ્રના ઉછાળાને પણ કાન હોય હોં ! ને વળી પાપીને પણ પાપી કહી, નિંદ્યની પણ નિંદા કરી આપણે શાને પાપમાં પડવું ?

અરવિન્દ—મ્હારા ન્હાના ફીલોસોફર ! મ્હને માફ કરજે. બાનુની સ્હા-

મી જોઇતી ઘટિત મર્યાદા મ્હેં ઓળંગી ખરૂં ? વારૂ ! પણ બ્હેન ! કાંઈ પ્રબોધનો પત્ર પાછો આવ્યો છે ?

કાન્તિ—અરવિન્દભાઇ ! તેટલા સારૂ તો હું ત્હમને મળવા ચાહતી હતી. એકાન્ત એજ કારણથી ઇચ્છતી. હવે **પ્ર**બોધભાઇ બહુ અકળાયા છે. હાલ **સ**તારામાં જઇ વસ્યા છે પણ લખે છે કે " જો થોડા સમયમાં કાંઇ નિકાલ નહિ આણો તો જાહેર રીતે **મું**બાઇ આવીશ, પોલીસને હાથ પકડાઇશ ને ફાંસીને લાકડે લ્હડીશ. હાલની સ્થિતિ કરતાં તો મૃત્યુ હજારગણું શ્રેષ્ઠ " એ ત્રણ દિવસથી એજ જાતના પત્રને પછી જુઓ **હમારૂં** ઘરમાં કલેશ; માતા રડી રડી મરવા પડી છે. પિતાજી કશું લક્ષ નથી આપતા ને મ્હારે—

(બોલતાં બોલતાં બાળાનો સ્વર ગદ્‌ગદિત થાય છે ને ત્હેનાં સુંદર નેત્રોમા ઝળઝળીયાં ભરાય છે.)

અરવિન્દ—કાન્તિ ! બેટા ! ધીરજ રાખ આમ રોવું ન ઘટે. ત્હારે ત્હારા ભાઇને બચાવવો છે. મ્હારે ત્હેમાં સ્હાય દેવી છે. હું વકીલ છું. તું મ્હારી સલાહ માગે છે. પરન્તુ કેસમાં બચાવની બ્હારી બહુ ઓછી છે. **પ્ર**બોધ ગઇ વખત અહીં આવ્યો ત્યારે એણે મ્હને ચોખ્ખું કહેલું કે ખુન થયું તે ઘરમાં એ તે સમયે હાજર હતો.

કાન્તિ—તે કાંઈ ખુન કર્યું ન કહેવાય, ભાઇ ! મ્હને તો લાગે છે કે—

પિતાજીના અતિ દબાણનું, દાબ રાખવાના સ્વભાવનું, અને માતાના અતિ અઘટિત વાત્સલ્ય પ્રેમાળ સ્વભાવનું આ અધોગતિવાળું પરિણામ આવ્યું. નહિં તો **પ્ર**બોધભાઇ એવી નીચ નાયકાના ઘરમાં હોયજ શું કામ ?

અરવિન્દ—એ કહે છે કે ખૂન થયું તે સમયે એ અને એક બીજો માણસ બેજ એ ઘરમાં હતા. બીજો માણસ થોડા દિવસથીજ ત્હેને એ ઘરમાં ઓળખીતો થયો હતો. ત્હેનું નામ એ જાણતો નથી પરન્તુ કહે છે કે એની આંખો એવી વિચિત્ર છે કે ફરી જોઉં તો ઓળખી કહાડું. **પ્ર**બોધ ખાત્રીપૂર્વક કહે છે કે ખૂન ત્હેણેજ કર્યું છે. પોતે કંઇક લેવા નીચેની દુકાનઉપર ગયો ને પાછો ઉપર આવ્યો ત્યારે નાયકા લોહીમાં તરફડતી પ્રાણ કહાડતી હતી ને એના મ્હોંમાંથી છેલ્લા કંઇક શબ્દો ન સમજાય તેવી રીતે નીકળતા હતા.

કાન્તિ—એ પીડાકારી સર્વ વાત મ્હને પણ વિસ્તારપૂર્વક ખબર છે. પણ વાત કરે કાંઇ અન્ત આવે ? ઉપાય ! ઉપાય ! ભાઇ ! કંઈ માર્ગ કહાડી આપો.

અરવિન્દ—બ્હેની મ્હારી ! મુંઝાયે માર્ગ નહિ સુઝે .મ્હેં મ્હારી વકીલાતરીકેની એ બાબતને લગતી સર્વ બુદ્ધિને આ બાબતના વિચારઉપર વહેવા દીધી છે ને માત્ર જોયેલો માણસ જડે તોજ. (પછવાડેના ભાગમાંથી ચંદ્રમતિને લઇને **દેવીપ્રસાદ** આવે છે ને જરા દૂર છૂપાં વાત સંભળાય તેમ ઉભાં રહે છે.)

કાન્તિ—એ બધી વાત લાંબી, મ્હારે હાલ હાલ ઉપાય જોઇએ. હું મુંઝાઇને મરી જાઉં છું. કોઇને મ્હોંએ ન કથાય તેવી કથા છે. તુમેજ માત્ર મુંઝાછો; તો અરે રે ! શું કરૂં—

(**કાન્તિ** અતિ ગભરાઈ રડી પડે છે ને **અરવિન્દ** દયાથી ત્હેને માથે હાથ ફેરવી શાન્ત પાડે છે. **દેવીપ્રસાદ** આંગળી કરીને દેખાડે છે)

અરવિન્દ—કાન્તિ ! સમય આવે ત્હેનો નિવેડો આણી નાખીશું હાલતો જે સ્થિતિમાં છીએ ત્હેમાં સહી લેવું. પણ જો ’હણે પેલું કેવું સુંદર બ્હાણુ છે ? ચાલ દરિયાની વધુ નજદીક જઇ જોઇએ.

(**અરવિન્દ** **કાન્તિ**મતિને હાથ પકડી ઉઠાડતો ને એ વાંકા ભાગઉપરથી દૂર લઇ જતો અદસ્ય થાય છે. ને **દેવીપ્રસાદ** **ચન્દ્ર**મતિને ઐન્ચ પાસે આણી બળતા અગ્નિમાં તેલ હોમે છે.)

દેવીપ્રસાદ—કેમ ! મતિ ! જોયું કે નહિ ! હું કહેતો ત્યારે ખરૂં માનવા બાઇસાહેબ લટકો મટકો કરતાં, પણ ગાંડી ! પુરૂષને તે હું વધારે ઓળખું. કે તું ?

ચંદ્ર—(મનઉપર કબજો મેળવતી) **દેવુભાઇ** ! શું જોયું ? ને શા ઉપરથી તમારૂં સાચું માનું ! એમાં શું એમને એક બ્હેનજેવું વ્હાલ **કા**ન્તિઉપર ન હોય !

દેવીપ્રસાદ (નિર્દયપણાથી મ્હોટેથી)—બ્હેન જેવું વ્હાલ ! બ્હેન ઉપરની પ્રીતિ ! ઠીક છે હો. એ સાધન દોષ છુપાવવાનું. જેટલી લેવી હોય તેટલી છુટ લઈ પછી કહેવું કે હમારા મનમાં ભાવ તો બ્હેન જેવો છે. અહાહા ! શું દુનિયાં પણ દગલબાજ છે ! “ સમય આવે. નિવેડો આણીશું ....હાલતો સહી લેવું. ” ઈત્યાદિ જે બોલાયું તે સારૂં ! મ્હને તો ભય લાગે છે કે બન્ને જણાં કાંક ત્હારો ભાંગરો વાટશે ભાંગરો.

ચંદ્ર—દેવુભાઇ ! મન ના પાડે છે. આંખ હા પાડે છે. શ્રવણશક્તિ નથી કાનુમાં રહેતી. મ્હને દગો દેખાય છે. (એક જોર ભર્યો નિશ્વાસ નાંખતી) હા !!! શું કરૂં ! શું કરૂં !

દેવી—છીટ—ચૂપ! હજી ત્હારી ખાત્રી પુરી કરી છે? હજી એકવાર ત્હારા મનને પૂરૂં દૃઢ કરી લે ત્યાં સુધી એક અક્ષર પણ કાંઇ નહિ. ચાલ ઘરભણી નહિ તો વળી એ તમારા મહેરબાન નારાજ થશે. કેમ નથી સાંભળતી!

(સ્તબ્ધ જેવી ઉભેલી **ચન્દ્રમતિને દેવી**પ્રસાદ હાથ ઝાલી ખેંચી જાય છે. ને થોડે દૂર ગયા પછી હાથ છોડતાં ચન્દ્રમતિ એક પ્રાણહીન માનવ પેંઠ ચાલતા **દેવી**પ્રસાદ સંગેજ અદૃસ્ય થાય છે)

(પડદો પડે છે ને નેપથ્યે સંભળાય છે)

અનુષ્ટુપ.

સર્પ ઝેરી ઉછેર્યાથી, પ્રાપ્ત જે અન્ત થાય છે.
કુસંગી સંગથી તેવું, અન્તમાં પ્રાપ્ત થાય છે.

પ્રવેશ ચોથો.

સ્થળ—ચન્દ્રભુવનનો વરન્ડો.
સમય—રાત્રીના દસ.
(નેપથ્યમાં સંભળાય છે.)

લાવણી.

છળ પ્રપંચ જગમાં સર્વ સ્થળે શું <u>ચ્હાવાં</u>?
તો એક બીજાને મનુજે શાને ચ્હાવાં?
શું સત્ય કોઇ વસ્તુમાં નથી મળવાનું?
શું ગુપ્ત ભેદ તે કો નવ કદી કળવાનું?

(પડદો ઉઘડે છે.)

(વરન્ડાના કઠેરાને અઢેલીને ચન્દ્રમતિ ઉભેલી છે. પછવાડે આરામખુરશીમાં **દેવીપ્રસાદ** લાંબા પગ કરી પડેલો છે. બાગનો એક એકાન્ત ભાગ દૃસ્ય થાય **છે.** વરન્ડાપર દીવો નથી. માત્ર માહીંના ખંડના ઝગ ઝગતા દીવાનો પ્રકાશ સ્હેજ બ્હાર આવે છે. **ચન્દ્રમતિનું** ધ્યાન બાગમાં બનતા બનાવ ઉપર છે. અચાનક ત્હેને **દેવી**પ્રસાદ બોલાવે છે.)

દેવી—મતિ! મતિ! કેમ નથી સાંભળતી શું? નાટકની રંગભૂમિ ઉપર હાલ શા દેખાવ દૃષ્ટિએ પડે છે?

ચન્દ્રમતિ (નજર સ્હેજ પણ ન ફેરવતાં)—**દેવુભાઇ**! જોતાં કાળજું બળીને ખાખ થાય છે છતાં, પગ, દૃષ્ટિ, મન અને મુજ આત્મા સુ-

દ્ધાન્ત મ્હને અહીંથી ખસવા દેતાં નથી. અરે! અરે! જુઓ તો પેલી કંગાલ છોકરી! કેવી દુઃખિત હોય તેમ નખરાં કરી મ્હારા ભોળા સ્વામીને સપડાવે છે!

(બાગમાં દૂર અન્ધકારમાં બે આકૃતિ દશ્ય થાય છે.)

દેવી—ત્હારે હજી ત્હારા સ્વામીનો ત્હારા પતિનો, ત્હારા નાથનો, ત્હારા વ્હાલાનો, બોલ બોલ બીજાં શાંશાં વિશેષણો કહેવાં છે તે બોલી દે, ત્હેનો વાંક નથી કબુલવો ખરો? શું જગતમાં કદી એક હાથે તે તાળી પડે છે કે?

ચન્દ્રમતિ—(સ્હેજ ખુરશી ભણી ફરતાં)—બાપુ! ભાઇ! ત્હમારે બોલવું હોય તે બોલો. મ્હારે સાંભળવા શિવાય શું છુટકો! પરન્તુ દેવુભાઇ! હવે જગતમાં એકજ સ્હાયજ ત્હમારી એકલાની મદદજ મ્હારે રહી છે. બોલો બોલો અરે હું શું ઉપાય કરૂં!

(**દેવી**પ્રસાદ ઉઠે છે ને **ચન્દ્ર**મતિના પડખે જઈ ઉભો રહે છે. બાગમાં જણાતી બે આકૃતિઓ—**અરવિન્દ** ને **કાન્તિ** જરા સમિપ આવે છે ને તે બન્નેના વાતચિતના હાવભાવ જણાઇ શકે છે. **કાન્તિ** અતિ રડે છે ને **અર**વિન્દ ત્હેનું મસ્તક છાતી સરસું દાબી એક પિતાને ધરતા પ્રેમથી ત્હેના કેશ ચુમ્બે છે. **ચન્દ્ર**મતિ એક તીક્ષ્ણ ચીસ પાડે છે. ને **દેવી**પ્રસાદ ત્હેને પછવાડેથી ટેકો દઇ સ્થિર રાખવા પ્રયાસ કરે છે.)

દેવી—**ચન્દ્ર**મતિ! ગાંડી! આ શું કરે છે! ત્હને જે ઘરમાં આવો રાક્ષસી દગો થાય છે, ત્હને જે ઘરના માલીકથી બ્હેન એક હલકી ચાકરડીતુલ્ય ક્ષણે ક્ષણે અપમાન કરે છે, ત્હને જે ઘરમાં આવ્યા પછી લેશ જંપ નથી ત્યાં ત્હારે હવે ક્યાં સુધી વધારે વસવું? કમ ભાગિની! શું હજી મ્હારી મદદ લેવા તૈયાર નથી!

ચન્દ્ર—**દેવુ**ભાઇ! **દેવુ**ભાઇ! હું ત્હામારે શરણે છું. ત્હમે જે બતાવો તે ઉપાય મ્હારે કબૂલ છે. ત્હમે જેમ કહેશો તેમ કરીશ. આ ઘર મ્હારૂં નથી, આ પતિ મ્હારો નથી. એ પતિની પ્રજા મ્હારી નથી, એ પતિનું ધન મ્હારૂં નથી. એની ક્રૂર બ્હેન મ્હારી વેરી છે. મ્હારૂં કશું નથી, કોઇ નથી, ઉપાય બતાવો! ઉપાય બતાવો!! (**ચન્દ્ર**મતિ બોલતાં અતિ ઉશ્કેરાય છે. એના મુખઉપર અઘટિત કોપનાં ને ઉશ્કેરાયાનાં ચિન્હ સ્પષ્ટ જણાય છે. તે **દેવી**પ્રસાદને કરગરતી હોય તેવી દષ્ટીથી જુએ છે.)

દેવી—છીટ! છીટ! આમ ઉશ્કેરા ના; **ચન્દ્ર**મતિ! હિંદુકાયદાપ્રમાણે પણ જો સ્ત્રી તરફ પતિના ઘરમાં અતિ અઘટિત વર્તન ચલાવવામાં

આવતું હોય તો ત્યાંથી પોતાના પિયરમાં જઈ રહેવા હક છે. હું ત્હારો પિત્રાઇ છું મ્હારૂં ગૃહ ત્હારે ગ્રાહ્ય છે. ચાલ એકદમ મ્હારે ત્યાં ને તજી દે ત્હારા પેલા નાલાયક પતિને—

દેવીપ્રસાદ આંગળી કરી બતાવે છે. ફરી ત્યાં **કાન્તિ અરવિન્દ**ની છાતી પર માથું નાંખી ઉભેલી છે ને એ દેખાવથી ચન્દ્રમતિના જુસ્સામાં હજારો ગણી વૃદ્ધિ થાય છે તે ઉન્માદથી માંહેના ખંડમાં જાય છે. પાંચ મિનિટ પછી એક ન્હાનું પરબીડીયું લઇ પાછી ફરે છે ને આરામ ખુરશી પર તે નાખી, જરા આશ્ચર્યમાં ઉભેલા દેવીપ્રસાદનો હાથ ખેંચી ત્હેને ત્યાંથી લઇ જતી અદ્રશ્ય થાય છે. થોડીવાર એ વરન્ડા ઉપર શાન્તિ રહે છે. પછી માંહેના ખંડમાંથી દાસી **ગંગાબાઇ** હાથમાં મીણબત્તી ઝાલી બ્હાર આવે છે ને એક ન્હાની ટીપાઇપર દીવો મુકી ચારે બાજુ કાંઇ શોધતી હોય તેમ જુએ છે. ને પછી બડબડે છે.)—

એ ક્યાં ગુમ થયાં, શેઠ ને બાઇ બન્ને ? ન્હાનાં બે ત્રણ પોરીયાં થયાં તોપણ સારસ સારસી જેમ સાથેને સાથે ક્યાં ફર્યા કરે છે ! અરે ! પેલો **સુરેન્દ્ર** રડી રડી અરધો થાય છે ને બાઇ તો કોણ જાણે ક્યાં (બડબડતી **ગંગાબાઇ** દીવો ત્યાં ભુલી અંદર જવા જાય છે તેટલામાં **અરવિન્દ** બગીચામાંનાં પગથીયાં ચ્હડી વરન્ડા ઉપર આવે છે.)

અરવિન્દ--**ગંગાબાઈ** ! કેમ શું શોધો છો ! બત્તી બ્હાર કેમ લાવ્યાં ?

ગંગા—બાઇ સાહેબ કુઠે આહે ? **સુરેન્દ્ર**ભાઇ રડી રડી અરધો થાય છે ને બાઇનો તો પત્તોભી ન મળે.

અરવિન્દ—અંદરજ હશે. હું સાદ દઉં. **મતિ** ! **મતિ** ! ઓ **મતિ** ! (**અરવિન્દ** મ્હોટેથી બુમ પાડે છે પણ ઉત્તર મળતો **નથી.** એ મીણબતી લઇ અંદર જવાના વિચારથી જેવી બત્તી લેવા જાય છે તેવી ત્હેની નજર આરામખુરશીપર પડેલી ચીઠ્ઠીપર પડે છે. **અરવિન્દ** તે લે છે વાંચે છે ને જોરથી પછી ખુરશી પર બેસી જાય છે. ગંગાબાઇ આ તમાસો જોતાં કંઇ સમજ ન પડવાથી અંદર ચાલી જાય છે. **અરવિન્દ**ના મ્હોં ઉપર કંઇક અજબ ફેરફાર થઈ જાય છે. એની આંખો મુખ અને કપાળ કોઇ અદ્ભૂત વૃત્તિથી ઘેરાય છે ને એનો શ્વાસ રૂંધાઇ જતો હોય એવો ભાસ થાય છે. ને ફરી એ ચીઠ્ઠી લે છે ને ફરી જરા મ્હોટેથી વાંચેછે)

" જે ઘરમાં મ્હને સર્વથા સર્વરીતે અન્યાયજ થયો છે ત્યાં હવે

એક ક્ષણ પણ મ્હારે શા સારૂ રહેવું? જે ઘરમાં પત્નીતરીકે આવ્યા પછી નણંદના ક્રૂર દાબમાં રહી, જે ઘરમાં પત્નીતરીકે આવી પતિની પ્રીતિનો શું પરંતુ દયા પણ ન મેળવી. જે ઘરમાં પતિને સર્વથા ખોઇ બેઠી, જે ઘરમાં પતિને અન્ય સ્ત્રી સંગે લાડતાં દીઠાં, જે ઘરમાં પતિનું તન, ધન, જીવન, મન, આત્મન, આહ! આહ! બસ, અન્તની વિદાયગીરી, જેનાં છોકરાં ત્હેને તે સંભાળે. માતા, સાચી માતા નથી ને–ને–ને–વધુ.”

આહ! જે દિવસથી ઘરમાં પેલા ખરાબ માણસ પેઠા ને એની સંગત વધી ત્યારથીજ મેં જાણ્યું હતું કે આનું કાંઇક ખરાબ પરિણામ આવશે. મ્હારી શાન્ત સરલ મતિ! ત્હેને આ ન સૂઝે. આજ કેટલા દિવસથી મ્હને શક હતો.

પણ–પણ શું કમળો થાય તે પીળું દેખે! શું મતિ કંઇ ખરાબ દાનતથી (વિચારથી અટકે છે ને **અરવિન્દના** મ્હોંઉપર બહુ અજબ ફેરફાર થાય છે.) શું સંસારમાં વિશ્વાસ આટલોજ રહી શકે છે? મતિ? ઉછાંછળી પત્ની! શંકાશીલ પત્ની! સંશયાત્મા! ત્હને આ શું સુઝયું? ત્હારી સાથે માત્ર મ્હારૂં મન નહિ પરન્તુ આખું જીવન સુદ્ધાન્ત કચરી નાખ્યું. મ્હારા ઉપર અણવિશ્વાસ! મ્હારા ઉપર શક! અરે! અરે! હં! હં! હવે મ્હારી ફરજ—(તે કપાળે હાથ દઇ જરા વિચારમાં બેસે છે. કંઇક નિશ્ચય ઉપર આવતાં એ ચિઠ્ઠીને સંભાળથી ગડીવાળી ગજવામાં મુકવા જાય છે ત્યાં અંદરથી એક ન્હાનો છોકરો રડતો ચીસ પાડતો બ્હાર આવે છે ને પછવાડે એક બાલિકા દોડતી આવે છે તે પછવાડે **ગંગાબાઇ** આવે છે.)

અરવિન્દ—**ગં**ગાબાઇ! છોકરાંને આમ સચવાય? **દેવી**પ્રસાદ ક્યાં છે ખબર છે?

ગંગાબાઇ—હું જરા પાણી પીવા ગીયેલી તે છોકરાં નાઠાં રસોડામાં, રામાએ કહ્યું કે બાઇ ને **દેવી**પ્રસાદભાઇ સાથે પછવાડેના ભાગની વાડમાંથી બ્હાર ઉતાવળાં જતાં હતાં (**અરવિન્દનો** ચહેરો વિશેષ સડક બને છે. ન્હાનો બાળક ચીસ પાડી રોવા માંડે છે.)

સુરેન્દ્ર—**મતિ** બ્હેન! **મતિ** બ્હેન! **ગં**ગાબાઇ નહિ, નહિ, **ગં**ગાબાઇ નહિ, નહિ, નહિ, નહિ,

(**અરવિન્દ** ઉઠે છે, બાળકને હાથમાં તેડી લે છે ને બાળકના મુખ ઉપર કોઇ અપૂર્વ નિશ્ચયથી હાથ દાબે છે.)

અરવિન્દ—છીટ! એ નામ લેવાય, **મતિ**ને હવે ન બોલાવાય, ખ-

ખરદાર જો એવું હવે બોલ્યો છે તો ઈન્દુ નહિ, **સરલા**! ત્હારે પણ **મતિનું** નામ ખબરદાર ન લેવું સમજી! **ગંગાબાઇ**! છોકરાંઓને અંદર લઇ જાઓ. તે બન્નેને **સમજાવી** સુવાડી દ્યો. ને મ્હારો **આજથી ઘરમાં એવો હુકમ છે** કે કોઇએ **મતિનું** નામ કે સ્મરણ કશું ન રાખવું ને આ છોકરીને **પણ** **સરલા** કહેવાની છે સમજ્યાં ?

(**અરવિન્દ** કાંઇક એવા જુસ્સામાંથી બોલે છે કે છોકરાં તો શું પ- રન્તુ **ગંગાબાઇ** પોતે પણ એક અક્ષર પુછી નથી શકતી ને છોકરાંઓનો હાથ પકડી અંદર જાય છે. **અરવિન્દ** ફરી જઇને—

પોતાની વૃત્તિઓ દબાવતો પોતાના હૃદયના ગુપ્ત જુસ્સાને ઠારતો બેસે છે ત્યાં અંદરથી ત્હેની બ્હેન **લલિતા** બ્હાર આવે છે. ભાઇ અતીવ કરડી નજરથી બ્હેન સ્હામું જુએ છે ને સદાના સ્નેહાળ ભાઇના આ એકજ અ- ણસારાથી બ્હેન જાણે સર્વ સમજી હોય. તેમ આવી હતી તેમની તેમજ, માંહી જાય છે.)

(પડદો પડે છે ને નેપથ્થમાં સંભળાય છે.)

દ્રુતવિલંબિત.

જનનીના ભુલી ધર્મ બધા શું રે ? ગૃહણીનાં ભુલી કર્મ સહુ તું રે !
વળી શું પ્રેમ નહિ વચમાં પડયો, નહિ શું એક સુમાર્ગ ત્હને જડયો—

દ્વિતીય અંક સમાપ્ત.

બીજાને ત્રીજા અંકની વચ્ચે દોઢેક વર્ષ વિતે છે.

તૃતીય અંક.

પ્રથમ પ્રવેશ.

સ્થળ–નાસિકના ગોદાવરીના તટ ઉપર.
એક એકાન્ત બંગલી.
સમય. રાત્રીના આઠ.
(નેપથ્થમાં સંભળાય છે.)

અનુષ્ટુપ્.

શાન્ત રાત્રી સહુસ્થાને, શાન્ત તે ગૃહ લાગતું,
કિન્તુ વાસી ઉરે શાન્તિ. લેશ ના હોય ભાસતું·

પડદો ઉઘડે છે.

(ગોદાવરી તટે એક બાજુ બંગલીનો વચલો ખંડ છે. નદીનાં સ્પષ્ટ દર્શન બંગલાના વચલા ખંડમાંથી થાય છે. ને હેને પાછલે બારણેથી નદી તરફ ઉતરી જવાનાં પગથીયાં પણ દૃશ્ય છે. ખંડ સામાન્ય સાદા સામાનથી શણગારેલો છે. હેની વચમાં એક ગોળ ટેબલ ઉપર દારૂના બે ત્રણ જુદી જુદી જાતના શીશા ને બે સફેદ ચોખ્ખાં ટંબ્લરો પડેલાં છે. ટેબલ પાસે એક લાકડાની નેતર ભરેલી ખુરશીમાં **દેવીપ્રસાદ** અરધી મસ્ત દશામાં બેઠેલો છે, ને પછવાડેના બારણાની છેક સમિપ એક ન્હાની માંચી ઉપર **ચન્દ્રમતિ** ભયભીત હરણી પેઠે બેઠેલ છે. વર્ષ દિવસમાં તે છેક બદલાઇ ગઇ છે. એના મ્હોં ઉપરનું તેજ સૌન્દર્ય, સુખની છાપ વિગેરે સર્વ જઇ અપાર દુઃખ તથા ઉદાસિનતાએ વાસો કરેલ છે. એની દૃષ્ટી જમીન સ્હામી છે ને તે પગના અંગુઠાથી પૃથ્વીમાતાને ખોતરે છે. **દેવીપ્રસાદ** એક ગ્લાસ દારૂનું ફરી ભરે છે ને એ પી જતાં અચાનક ગુસ્સા ભર્યા સાદથી બોલતો સંભળાય છે.

દેવીમતિ ! ચાલ બોલ ! હવે ત્હારો છેલ્લો શો જવાબ છે ? મ્હારી આજ્ઞાને આધીન થવું છે કે નહિ ?

ચન્દ્રમતિ—**દેવું**ભાઈ! **દેવુ**ભાઇ ! જરા તો ભાન રાખો, કાં નાહકના શબ્દો બોલીને પણ પાપમાં પડો છો ? નથી પાપ માત્ર પાપી કર્મથી લાગતું પણ પાપી વિચારથી પણ તેથી વધારે પાપ લાગે છે. ભાઇ ! હું ત્હમારી બ્હેન થાઉં હો !

દેવી—બ્હેન ને બ્હેન હવે બધું ઠીક છે. જોતો ખરી મ્હોટી પાપ પુણ્યની સમજનારી, બહુ સમજ હતી તો પતિને તજીને કેમ ચાલી આવી ?

ચન્દ્રમતિ—ખરૂં કહો છો ભાઈ ખરૂં કહો છો. એ મ્હેણું સાંભળવા જેટલા કટાક્ષથી જેટલી ખરાબ ભાષાની સાથે સંભળાવો તેમ હું સાંભળવા તત્પર છું. પાપનું ફળ વેઠું છું ને જગતમાં રહી નર્કનું દુઃખ ભોગવું છું. ઓ પ્રભુ અરે હરિ ! (બોલતાં એક ઉંડો નિસાસો નાંખતાં **ચન્દ્ર**મતિની આંખો ઝળઝળીયાંથી ભરાય છે.)

દેવી--હવે જવા દે ત્હારી પતરાજી, નકામી મ્હારા ઉત્તર માટે મ્હને ખોટી ન કર.

ચન્દ્રમતિ (સ્હેજ ઉસ્કેરાતાં)-જોશો કે પતરાજીનું પરિણામ કેવું આવે છે ? શિયળ સાચવતાં પ્રાણ જશે તો તે આપવા સુદ્ધાન્ત તૈયાર છું.

પતિને તજ્યા છે પણ તે શંકાથી, નહિ કે ત્હેમના પરની મ્હારી પ્રીતિ ઓછી થવાથી! ભગવાનના શબ્દો પ્રમાણે **સંશયાત્મા વિનશ્યતિ** તે મ્હારે થવુંજ જોઇએ. ને જો સતિનું પ્રાબલ્ય હજી પણ જગતમાં હશે, જો પ્રભુ હજી પણ આર્તની આરતી સુણતો હશે તો જોઇ લેશો ખરે વખતે ફળ.

દેવી—(એક ગ્લાસ ફરી ગટગટાવતાં) હવે જોયો ત્હારો પ્રભુ અને જોયું ત્હારૂં સતિ પણું; એકતો પરાયા પુરૂષ સાથે નાશી આવવું ને પછી નકામા દંભ શા કરવા? આજે મ્હેં છેલ્લે પાટલે બેસવા નિશ્ચય કર્યો છે, હું જૂલમ કરી ગમે તેમ પગલું ભરીશ, પછી જોઉંછું આવે છે ત્હારૂં સતિપણું કે ત્હારો પ્રભુ વચમાં મદદ કરવા?

ચન્દ્રમતિ—(વધારે ઉસ્કેરાતાં) થાય તે કરી લ્યો ને જુઓ શું થાય છે તે? ઓ મ્હારા પતિતપાવન પ્રભુ! ઓ મ્હારા દોષિતના દોષ ક્ષમા કરનાર દયાળુ દેવા! રે રે! દયાસિન્ધુ દીનબન્ધુ સ્વામી! મદદ! મદદ! મદદ!

(**ચન્દ્ર**મતિ એટલું બોલતી ઉભી થાય છે. **દેવી**પ્રસાદ પણ એક દારૂનું ગ્લાસ ચઢાવી ઉભો થવા જાય છે ત્યાં પગમાં ટેબલ આવવાથી તે અથડાઇને નીચે પડે છે ને એ તકનો લાભ લઇ ચન્દ્રમતિ પાછલા નદી તીરે પડતા દ્વાર પાસે જઇ મદદ સારૂ ચીસ પાડે છે. બેચાર ક્ષણમાં એક પુરૂષ દોડતો નદી તીરેથી આવી, વિજળીક ત્વરાથી પગથીઆં ચ્હડી આ બે લ્હડતા યુગલની મધ્યમાં આવી ઉભો રહે છે.) ને એક આશ્ચર્યની ચીસ ચન્દ્રમતિના મુખમાંથી નીકળે છે.)

ચન્દ્ર— માસાજી! માસાજી!

માસા—કમભાગી છોકરી! હા એજ હું. સ્વગૃહ ત્હેં તજ્યું તે શું આ ફળની અભિલાષાથી કે? દુ:ખી સ્ત્રી! તું માત્ર એકલી દુ:ખી નથી થઈ પણ ત્હારા પતિ ને ત્હારાં છોકરાં ને, તવ ગૃહસંસાર આખાને ત્હેં ત્હારા હીન કર્મથી કચરી ભૂકો કરી નાંખ્યો છે. પરપુરૂષ સાથે નાસી ગયેલી ચન્દ્રમતિ જગજાહેર, આખા મુંબાઇની જીહ્વા ઉપર નિંદારૂપે બાહેર આવી છે. તે બધુ શા સારૂ?

શું કરવા? પતિના જીવન સમગ્રને કષ્ટ ઉદધિમાં ડુબાડવાને જ કે?

ચન્દ્ર— (કષ્ટની કારમી ચીસ પાડતાં) —ક્ષમા! ક્ષમા! ઓ મ્હારા અત્યારે સાચે સમયે થયેલા દયાળુ રક્ષક! મ્હને મારી નાંખો, ત્હમારાં ચરણોતળે ચગદી નાખો, પરન્તુ પતિને દુ:ખ થયું છે એ અસત્ય વાત ન કહો. ત્હેમને છોડવાને હું છુટી, મુજ બંધનમાંથી મુક્ત કરવા, અન્ય સાંકળી ત્હેમને સંકળાવવા તૈયાર હતી ત્હેને સગવડ કરવા—

માસા— ચૂપ ! ઓ કંગાલ સ્ત્રી ! એક ઉપર બીજો દોષ, નિર્દોષ ઉપર અસત્ય તિરસ્કરણીય આળ, પડ્યા ઉપર પાટુ, ન વધારો કરીશ. ન વધારો કરીશ ! ત્હારો પતિ **શ્રી**રામ જેવો શુદ્ધ ને **ભી**ષ્મ જેવો દૃઢવ્રત્ત હજી છે. ત્હારી નાલાયકી છતાં એ ધર્મનો અવતાર નિજ કર્તવ્યમાં લેશ નથી ચૂક્યો. કમભાગિની ! રત્નની ખાંણ મુકીને આ જ્વાળા મુખીમાં જાણીને કેમ આવી પડી ?

ચન્દ્ર (અતિ ઉશ્કેરાતાં)–બસ ! બસ ! ઓ પ્રભુ ! ઓ નાથ ! જાઉં છું. જઇશ,—

(એટલું બોલી એક ઉન્માદીની પેઠે, એક ખુણામાં ટાંગેલ કોટમાંથી પૈસાની પર્સ કહાડી માંહીના રૂપિયા કહાડી લઇ એક આંખના પલકારામાં જોરથી પછવાડેને બારણે થઇ ચાલી જાય છે. **માસાજી** એના મુખ ઉપરના જુસ્સાથીજ એવા સ્તબ્ધ થઇ ગયા છે કે પાંચ સાત મિનિટ સુધી તો એમના લક્ષમાં પણ નથી આવતું કે શું થાય છે ને શું થયું ! **દેવીપ્રસાદ** તો જ્યારથી દારૂના ઘેનમાં ટેબલ સાથે અથડાઇ પડ્યો ત્યારથી પૃથ્વી માતાને શરણે બેશુદ્ધ જ પડેલ છે, ને થોડી થોડી ક્ષણે ઉંડા શ્વાસ, નાકે કોપના જુસ્સામાં નીકળતા સર્પ સમા ફુંફાડાના સ્વર સંભળાય છે. **માસાજી** કંઇક સાવધ થતાં માથા ઉપર હાથ ફેરવી વિચાર કરી “ શું વિચિત્ર પ્રાણી” એટલું બોલી ધીમી ગતિથી પછવાડેના દ્વારથી નીકળવા જાય છે. ને પડદો પડે છે.)

(નેપથ્યમાં સંભળાય છે.)

તોટક.

પ્રભુ પાસ ગઇ સઘળી વિનતી, શુચિ ધામ મહીં ગઇ એ ઉડતી;
અતિ આર્ત તણી જગનાથ સદા, વિનતી શુણી વ્હાર કરે સુખદા,

પ્રવેશ બીજો.

સ્થળ—ઇગતપુરી ને રીવરસિંગ સ્ટેશન વચ્ચેનો **થળઘાટ ઉપરનો** ભાગ.

સમય—પાછલી રાત્રીના ત્રણ.

(નેપથ્યમાં સંભળાય છે.)

હરિગીત.

હું માનું છું આ છે સજા મુજ કૃત્યની, મુજને મળે,

જે રીતથી છે આપીયું, લેવુંજ તે, નિયમો બળે;
અગ્નિ મહીં મુકી હસ્ત પીડા દહનની ખમવી પડે,
શું વિશ્વપતિના વિધિ નિષેધો ના કંઈ મુજને નડે ?

(ને પડદો ઉઘડે છે.)

(ઘાટ ઉપર એક ટ્રેન અકસ્માત થયેલી પડેલી દશ્ય થાય છે. ડબ્બા પાટા ઉપરથી ઉતરી જઇ અતિ જોરથી પૃથ્વી સાથે પછડાયા હોય તેવું લાગે છે. ઘણાં માણસો મરણ શરણ થયેલાં ડબ્બા બ્હાર પડેલાં નજરે પડે છે કેટલાક ડાકટરો, કેટલીક ઈંગ્રેજી નર્સો ને થોડા ઘણા રેલવેના નોકરો હાથમાં ફાનસ લઇ આમથી તેમ દોડતા નજરે પડે છે. કોઇ મરતાંને શાન્તિ દેવા પાસે બેસી જાય છે, કોઇ વાગ્યું હોય ત્હેના ઉપર મલમ પટ્ટા કરવા મંડી જાય છે, કોઇ કંઇક હુંશિયારી આણવા દવા પાવાના કામમાં રોકાયેલ છે, આખી ટ્રેનના સર્વે ઉતારૂને, જુદા જુદા પ્રકારની નુકસાની પહોંચી છે. તેઓ કોઇ, પોતાને કોઈ રીતથી સંભાળી શકે એવી સ્થિતિમાંજ નથી. મદદગારો અતિ દયાથી બનતી મદદ આપે છે. ત્યાં મધ્યમાં બૈરાંઓના વર્ગના અરધા ઉંધા પડેલા ડબ્બા પાસે ચન્દ્રમતિ લોહીમાં રગડતી પડી છે ને ત્હેની પાસે એક માયાળુ દેખાવની વૃદ્ધ ઈંગ્રેજી નર્સ ત્હેના ઘા ઉપર મલમપટ્ટી કરે છે. ચન્દ્રમતિ અરધી ભાનમાં ને અરધી બેશુદ્ધ છે. પરન્તુ તે નર્સની સ્હામું જોઇ કંઇ કહેતી હોય તેવું લાગે છે.)

ચન્દ્ર—ઓ દયાની દેવી ! ઓ પરદેશમાં આવી જનની બનેલી સેવિકા ! ગુજરાતી સમજતી હોય તો મ્હારૂં કામ કરજે માડી !

નર્સ—બાઇ ! ગુજરાતમાં વસી છું તેથી ગુજરાતી સારૂં આવડે છે પણ તું તસ્દી ના લે.

ચન્દ્ર—મરવું છે, મ્હારે મરવું છે. હું મરવા સારૂ તો ઘરથી નીકળી છું. પણ દેવી ! મ્હારૂં કામ કરવા વચન આપો તો—

(ઉશ્કેરાવાથી ચન્દ્રમતિ બેશુદ્ધ થાય છે. નર્સ જે નવરો ડાકટર હોય ત્હેને તેડી લાવવા જરા ત્વરાથી ઉઠી ત્યાંથી ચાલી જાય છે ને ચન્દ્રમતિ પાછી શુદ્ધિમાં આવી બડબડવા માંડેછે.)

ચન્દ્ર—ઓરે ! ઓ ! મ્હને કોઇ એમ ન કહો કે મ્હારા પતિ પૂર્ણ પવિત્ર છે. હા ! એ સાંભળતાં મ્હને કેટલું દુઃખ થાય છે. મ્હેં મૂર્ખાઈ કરી ? મ્હેં ભૂલ કરી ? મ્હેં પાપ કર્યું. અરેરે ! મ્હારા સાત્વિક દેવ ! હું ત્હારી સ્વર્ગમાં રાહ જોઈ બેસીશ. શું સ્વર્ગમાં, શું ભૂમિપર, શું વિશ્વના

કોઈ પણ ભાગમાં મ્હારો હવે એના ઉપર હક—ઓ ! ઓરેરે—લોહી બહુ નીકળી ઘામાં બહુ પીડા થાય છે. નર્કની પીડા અહીંજ ભોગવું છું. કર ને જો. કરણી તેવી પાર ઉતરણી અહીં પ્રત્યક્ષ. ઓ પ્રભુ ! ઓ મ્હારા નાથ ! અરેરે નસો તુટે છે, ભાન થાય છે કે કેવું અઘોર કર્મ મ્હેં—હેં ! શું ? શું જગત એમ કહેશે કે હું દેવીપ્રસાદ સાથે—ઓ શું ! મ્હારૂં પતિવ્રત ? પતિ મ્હારા પણ તેવુંજ માને છે ? શું ! એ આ મ્હને કોણ કહે છે ? અરે અરે પોતે મ્હને અપવિત્ર ત્યાજ્ય વસ્તુ માને છે. છતાં નથી પરણ્યા ! શું કહ્યું ? કોણ બોલે છે ?— શું ! હૃદય બળીને ભસ્મિભૂત થતાં રક્ષા ગમે ત્યાં ઉડી જશે—એટલે એટલે શું મ્હારા સ્વામીનું બળેલું ઉ——વચન—વચન—હું પ્રતિજ્ઞાથી મુક્ત કરૂં છું, મ્હારો સંદેશો—મ્હારી વિનંતિ પત્રિકા—

(ચન્દ્રમતિ ફરી બોલતાં બેશુદ્ધ થાય છે. નર્સ ડાકટર ને લઇને પાછી આવે છે. ડાકટર ઘુંટણ પર પડખે બેશીને નાડ હાથમાં લેછે. ઘા તપાસેછે. સાથે આણેલી ન્હાની કોથળીમાંથી દવા ખવડાવવા ને ચોપડવા આપીને ઉઠે છે.)

ડા—બાઇ અતિ જખમી છે. ભાગ્યે બે કલાક પણ બચશે. પણ કદાચ આ દવા પીધા પછી સહજ શુદ્ધિમાં આવશે કંઇ પુછવું હોય તો પુછી લેજો કારણ કોઇ આબરૂદાર આદમી છે. ને પછીની તો આશાજ છોડજો.

(ડાકટર ચાલ્યો છે. નર્સ ધીમે ધીમે દવા પાય છે ને પછી અતિ નરમ હાથ રાખી દવા ચોપડવા માંડે છે. ત્યાં ચન્દ્રમતિ ફરી ભાનમાં આવેછે.)

ચન્દ્ર—ઓરે કોઇ કહેજો ઓ સાચી સાધ્વીઓ ! આ ખબર મુંબાઇ પહોંચાડજો. હું ત્યાંના પ્રસિદ્ધ વકીલની પત્ની છું. અરે—ઓ પ્રભુજીરે ! મ્હારૂં નામ ચન્દ્ર—એ ત્યાં લખજો—હા—વાલકેશ્વર ઉપર—**અ**રવિન્દ વહાલા અરવિન્દ ! પ્રતિજ્ઞામાંથી દુષ્ટ સ્ત્રીએ મુક્ત કર્યા.—**અ**રે રે ઓ માજી ! બહુ કષ્ટાઉં છું, બહુ દુઃખ થાય છે, મરવા દ્યો પા પાઠવી દેજો—નથી કોઇનું કામ—બાલકો મ્હારાં લાડકડાં બાલુડાઓ——ઓરે ! ઓરે ? હું હું——નહિ ઓ મ્હારા પ્રભુજી ? દોષિત આવે દોષની શિક્ષા ખમવા——

(બોલ મ્હોમાં અટકે છે. ઘામાંથી બંધ પડેલું લોહી ફરી વહેવા માંડે છે. નર્સ ડાકટરને મદદ સારૂ બુમ પાડે છે ને ચન્દ્રમતિ આંખો મ્હડાવી દેવા માંડે છે,)

(પડદો પડે છે ને નેપથ્યે સંભળાય છે.)

દીંડી.

ત્રાસદાયકરે ? દર્શન તે કેવું ? મનુંજ માત્રને શું જગત મહીં રહેવું ?
સત્ય શાંતિ સુખસત્ય ન શું કાંઈ ! ઇશની ગતિ અગમ્ય ક્યાં છુપાઇ ?—

તૃતીય અંક સમાપ્ત.

ત્રીજા ને ચોથા અંકની વચ્ચે બે સવાબે વર્ષ વિતે છે.

ચતુર્થ અંક.

પ્રથમ પ્રવેશ.

સ્થળ—ચન્દ્રભુવનનો ઉદ્યાન ને વરન્ડો.

સમય—સ્હવારના નવ.

(નેપથ્થમાં સંભળાય છે,)

લલિત.

અરર મ્હેં કર્યું કેવું કાર્ય એ ! સુઝ પડયું મ્હને પાપ કેમ રે !
પ્રથમ ના કરી ધારણા કશી, પ્રીતિની દેવી ના ચિત્તમાં વશી.

ને પડદો ઉઘડે છે.

(ઉદ્યાનમાં એક ક્યારાપાસે માળી બેઠો બેઠો કામ કરે છે. ત્હેની પાસે **ચન્દ્રમતિ** અગાઉ કરતાં જુદા વેશમાં ને પહેરવેશમાં ઉભેલી છે. ત્હેણે શરીરઉપર દ્રાવિડી સ્ત્રીઓ જેવી સાડી સજેલી છે. આંખ ઉપર કાળાં ચશ્માં ત્હેના મુખને છેક બદલાવી નાંખતાં પહેરેલાં છે, નાક આગળ ને આંખની નીચે એક અરધો ઇંચ ઉંડો ઘા જણાય છે. ડાબો હાથ ખોટો પડેલો હોય તેમ કમ્મરથી જરા ઉંચે લટકેલો છે. દુ:ખની પરાકાષ્ટાનાં જેટલાં ચિન્હો હોઇ શકે તે સર્વે ત્હેના બદલાયલા ચ્હેરા ઉપર છે. તે અત્યારે બગીચામાં ભુવનની શેઠાણી તરીકે નહિ પણ કોઇ અજાણી સ્ત્રી પેઠે ઉભેલ છે. ને **માળી**ને કાંઇ પ્રશ્ન કરતી હોય એમ લાગે છે.)

ચન્દ્ર—માળી ! શેઠ સાહેબ ઘર મહીં છે ?

(માળી પોતાના કામમાંથી જાગૃત થાય છે ને કંઇક અજાયબીથી ત્હેના સ્હામું ટીકે છે)

માળી—શેઠ ઘર મહી છે કે નહિ તે હમારાં કામ; ખરાં કે !

(માળી બેદરકારી ભર્યો જવાબ દઇ ફરી કામમાં વળગે છે ને **ચન્દ્ર**-

મતિને હ્મેના ઉત્તરથી કટારનો ઘા વાગ્યો હોય તેવું થાય છે એ પણ ત્યાંથી બંગલા ભણી ચાલવા માંડે છે. ને વિચારધારા શરૂ થાય છે.)

ચન્દ્રમતિ—હરિ ! હરિ ! શું આ સ્થિતિ ! જે ઘરમાં એક શેઠાણી તરીકે એક રાજ્ઞીને ઘટતા દમામ સાથે રહી હતી તેજ ઘરમાં આ તિરસ્કાર ખમવાનો ! ઓ પ્રભુ ! ન્હાનું બાળ જેવી રીતે એક સુંદર કુસુમ હાથમાં લઈ વગર સમજે ત્હેને પગ નીચે કચરી નાંખી પછી તેનું તેજ પાછું પ્રાપ્ત કરવા જેવું રૂદન કરે તેવું આ મ્હારૂં કલ્પાન્ત છે. હાથે કરીને જીવન સુખના પુષ્પને કચરી છુંદે છુંદા કરી નાંખ્યા ને હવે ! હવે પછી પસ્તાવો શા કામનો ? શા ઉપયોગનો ? શું સ્વર્ગમાં તો મ્હારે સારૂ જગ્યા ન રહી. પરન્તુ શું નર્કનાં દ્વાર પણ મ્હારે માટે બંધ થયાં કે હું આવા અવર્ણ્ય અકસ્માતમાંથી અવર્ણ્ય નર્કથી પણ વધતું દુઃખ જોવા બચી ? ને મ્હને--

(અબળાના બોલ મ્હોમાં રહે છે. તે આટલું વિચારતાં પગથીયા ઉપર ચ્હડી વરન્ડાની અંદર આવી પહોચી છે. વરન્ડાનો શણગાર એનો એ છે. એક ઘાટી બ્હાર ઓટલાના પ્રથમ પગથીયા પર બેઠેલો છે. ને ત્હેના હાથમાં અરધી ગુપ્ત અરધી ખુલ્લી એક બીડી છે.) **ચન્દ્રમતિ** ઉપર ચ્હડી માળીને પુછેલો પ્રશ્નજ ત્હેને પણ પુછે છે.)

ઘાટી—શેઠ બ્હાર ગયેલા છે તે હાલ આવશે પણ બાઇ છે. મળવું છે ત્હેને !

(ચન્દ્રમતિ—એક નિશ્વાસ નાંખી ડોકું ધુણાવી હા કહે છે ને ઘાટી ઉઠીને અંદરના ભાગમાં જાય છે. અબળા ધ્રસડાતી ફસડાતી એક ખુરશી પર જઇ ત્હેના ઉપર પડતું નાંખે છે. થોડીવારમાં **કાન્તિમતિ** બહુ ઠસ્સાબંધ પોશાકમાં સજ થયેલી બ્હાર આવે છે. ને ખુરશીથી થોડે દુર એક ગોળ ટેબલને ભપકાથી અઢેલી ઉભી રહે છે.)

કાન્તિ—બાઇ ! કોનું કામ છે !

ચન્દ્ર—કાલે મ્હેં મુંબાઇ સમાચારમાં જાહેરખબર વાંચી કે આપના ઘરમાં એક નર્સની જરૂર છે તે તે.

(બોલતાં સ્વર ધ્રુજે છે. ત્હેણે પોતાનો સાદ બદલવા બનતી કોશેશ કરેલી છે.)

કાન્તિ—દ્રાવીડીયન છતાં તમે ગુજરાતી બહુ સારૂ બોલતાં લાગો છો કેમ કાંઈ માંદાં છો કે શું !

(કાન્તિના પ્રશ્નના સ્વરમાં કંઈક જીજ્ઞાસા ને કંઈક ગર્વ બન્નેનો આભાસ થાય છે.)

ચન્દ્ર (અતિનમ્રતાથી) હાજી ! હું ગુજરાતમાં એકાદ વર્ષ કન્યાની હાઇસ્કુલમાં નોકરી ઉપર હતી તેથી મ્હારે ગુજરાતી શીખવું પડ્યું ને તેથી બોલાય પણ ઠીક. મ્હારી તબીયત હાલ કંઇ ખરાબ નથી પણ બહુ લાંબો મંદવાડ વેઠેલ તેથી આમ અશક્ત દીસું છું.

કાન્તિ—ત્યારે થોડીવાર વાટ જુઓ. હમણાં શેઠ બ્હારથી આવશે પણ ત્હમને ખબર છે કે હું કાંઇ એ છોકરાંની સગી મા નથી. એની સગી માતાતો નાશી ગઇ, તે પણ શું કામ મૃતમાનવની નિંદા કરવી ખરૂં ને !

(**ચન્દ્ર**મતિ અંદરથી કમ્પે છે. પોતાનીજ નિંદા પોતાના મુખઉપર સાંભળે છે ને તેથી આંખમાં બે અશ્રુ અતિ દબાણ છતાં પણ આવી જાય છે.)

કાન્તિ—બેસો બેસોજી નિવૃત્તિથી; હમણાં શેઠ આવશે. હું જરા કામમાં છું માફ કરજો હો !

(ઝડપથી બોલતી કાન્તિ વિદ્યુત પેઠે તેટલીજ ત્વરાથી અંદરના ભાગમાં અદસ્ય થાય છે ને **ચન્દ્ર**મતિ વરન્ડા પર એકલી બડબડે છે.

ચન્દ્ર (હાથમાંના રૂમાલથી અશ્રુ લુછતાં)—**પ્રભુ** ! **પ્રભુ** ! આ દશા ! જે મ્હેં ભોગવેલું તે હું બીજીને ભોગવતાં દેખું ! ને નિંદા ! **ચન્દ્ર**મતિ ! તું આ જીવનમાં શા સારૂ નિભી ! ઓ મારા નાથ ! હું પાછી ચાલી જાઉં ! હું શા માટે ચાહીને આ દાવાગ્નિમાં આવી પડું ! પરન્તુ ઓરે ! ઓ મ્હારાં બાલુડાં સહીશ ત્હમારે ખાતર અગ્નિમાંથી ધગધગતા કહાડેલા લોઢાના સોંયાના ઘા પણ સહીશ. પ્રભુ ! વિશ્વેશ ! એમની દશા પણ શું આ ગૃહમાં અપમાન ભરીજ હશે ! શું મ્હારા બાલકો શું મ્હારા દીવ્ય કુસુમો ! શું મ્હારા પ્રાણનાથની પ્રતિમાઓ ઓ શું એ પણ અહીં ચગદાય છે ! પણ અરે ! અરે ! એતો તેઓ આવે છે, ઓ મન પંખીડા હવે તું કંઇ સ્થિર રહે ધૈર્યને માનસિક બળ મહારી મદદે મ્હારા પ્રભુજી ! મ્હને મોકલી.

(**ચન્દ્ર**મતિની વાણીથી વહેતી વિચાર ધારા અટકે છે ને **અરવિન્દ** બગીચામાંથી પગથીયાં ચ્હડી ઉપર આવતો દસ્ય થાય છે. પ્હેલાં તે બેચાર ક્ષણ અન્તના પગથીયાપર પ્રશ્નની નજર કરતો સ્તંભે છે પણ પછી કંઇક ખ્યાલમાં આવ્યું હોય તેમ ઉપર આવી જ્યાં કાન્તિ ઉભી હતી તેજ ટેબલ પાસે આવી ઉભો રહે છે. બે વર્ષની મુદત સાથે ફેરવાયો છે ને તે પોતાના

ગૃહની ગુપ્ત વાત આવી તોછડાઇથી એક પરાઇ જણાયલી સ્ત્રીને મ્હોંએ! શું આવી જાતનું બોલવું દરેકના મુખમાંથી હશે! શું હું ન્હાસી ગઇ! અરેરે પ્રભુ! પ્રભુ! છુપા દુઃખની છુપી નિશાનીઓ અતિ નિગ્રહ છતાં પણ જરા જરા જણાય છે. તે ટેબલપાસે જઇ નમ્ર સ્વરથી પ્રશ્ન કરે છે.

અરવિન્દ—જી કોનું કામ છે? આપનું નામ શું?

ચન્દ્ર—(સર્વ માનસિક બળ એકઠું કરતાં)—કામ આપનુંજ ને નામ અશ્રુબાળા છે. મ્હેં કાલે સમાચારમાં જાહેરખબર વાંચી તેથી નોકરીની અભિલાષાએ અહીં દોરાઇ આવી છું. મદ્રાસની રહીશ છું. પણ ગુજરાતમાં ઘણા વર્ષથી આવેલીછું ને એકાદ બે સ્કુલોમાં કામ પણ કરેલું છે. ઇંગ્રેજી ગુજરાતી સંસ્કૃત ને દ્રાવીડી ચાર ભાષા જાણુંછું. જ્યારે સ્થિતિ સારી હતી, સમય અનુકુળ હતો, પતિનું શિરછત્ર હોવા ભાગ્યશાળી હતી ને જ્યારે મ્હારે પોતાને પણ સંતતિ સુખ.

(બોલતાં દુઃખીતાનો સ્વર તુટે છે, ને અરવિન્દ દયાની દ્રષ્ટિથી ત્હેના સ્હામું જુએ છે.

અરવિન્દ (અત્યંત માયાળુ સ્વરથી) ત્હમે કાંતો બહુ અશક્ત છો અથવા તો ઘણાંજ દુઃખી છો. પણ બાઇ! સંસાર કષ્ટથી ભરપુરજ છે. જંગલવાડીમાં એક પણ વૃક્ષ કે વેલી પીડારહીત નથી. મ્હોટા ભુવનમાં વસનાર હું પણ સુખી છું એમ ન માનશો. જીંદગી તે મધુર મધ નહિ તથાપિ કડુ ઔષધ છે. સહીને શિખવાનું છે તે પ્રભુ તરફથી જે સ્રજતમાં હોય તે ધૈર્યથી સહેવું માટે ધૈર્ય આણો.

ચન્દ્ર (પતિની માયાથી વિશેષ ગભરાતાં)—નહિજી! નહિજી! ભૂતકાળ એવી ચીજ છે કે જેને સંભારતાં અખુટ અશ્રુ કે અપાર હૃદયના દાહ શિવાય બીજું કશું ન મળે, મને મ્હારૂં બધું ગુમાવેલ સાંભર્યું ને તેથી—

(ફરી તે લાગણીથી અચકી જાય છે ને હસ્તનો રૂમાલ પતિ દેખતાં નેત્ર સમીપ દાબવા ફરજ પડે છે.)

અરવિન્દ—કંઈ નહિ ધૈર્ય રાખો ને અહીં રહી મ્હારા છોકરાંઓ ને ત્હમારાં જ ગણી ત્હેમાંથી સંતોષ પ્રાપ્ત કરો.

(ચન્દ્રમતિ આ શબ્દોથી અંતરના અપાર દુઃખથી કમ્પે છે. ને એ કમ્પ જોનારનું કાળજું ભેદી નાંખે છે.)

આ ગૃહ પણ ત્હમારૂં ગણવું, ત્હમારે સારૂ રહેવાની સુવાની સર્વ સગવડ જુદી કરી આપીશું, વળી ક્રાન્તિ પણ—મ્હારાં વાઇફ પણ બહુ માયાળુ

છે. ને બીજું સહુથી મ્હોટો છોકરો સુરેન્દ્ર બિચારો મંદવાડમાં છે તેથી ત્હેની ખાસ સારવારમાં રહેવાનું થશે. એની પાસેથી એક ક્ષણ પણ ખસાય તેવું નથી. ગરીબ બીચારો! હાજી! અંદર આવો, અંદર બધી રીતે આપણે નક્કી કરી ગોઠવણ કરી દઇએ.

(**અરવિન્દ** દયાની વૃત્તિથી વધુ વધુ માયા દેખાડતો ચન્દ્રમતિને પછવાડે આવવાનો ઇશારો કરતો અદૃશ્ય થાય છે ને ત્હેની પછવાડે નીચે મસ્તકે, દુઃખી પગલે ને વિચારોના વમળમાં વિંટાયેલ ઢબે ચન્દ્રમતિ પણ અંદરના ભાગમાં અદૃશ્ય થાય છે.)

પડદો પડે છે ને
નેપથ્થમાં સંભળાય છે.

તોટક.

સમજું નહિ શું કરવું રહીને, સમજું નહિ શું કરવું જઇને;
નવ શાન્તિ કંઇ નવ સુખ કંઇ; નવ આશ પ્રભુની દયાની રહી.

પ્રવેશ બીજો.

સ્થળ—ચન્દ્રભુવનનો ઉદ્યાન.

સમય—સાંજના ૭.

(નેપથ્થમાં સંભળાય છે.)

હરિગીત.

સ્ત્રીના જીવનમાં શ્રેષ્ઠ મધુર ફળ ગણાતું મ્હેં ચુંટીયું,
નિજ પાદથી બળ કરી મ્હેં તે સર્વ વીંખી નાંખીયું
તે પૂર્ણ નષ્ટ થયા પછી શી મધુરતા તે મ્હેં લહ્યું.
ઓ નાથ! ઈશ્વર? મુજ હૃદયનું કષ્ટ જાય નહિ સહ્યું.

(પડદો ઉઘડે છે.)

(ઉદ્યાનમાં ચન્દ્રમતિ માંદા **સુરેન્દ્ર**ની એક આંગળી પકડી ચાલે છે ને અગાડી ૭ વર્ષની **સરલા** જરા ત્વરાથી દોડતી જાય છે. **ચન્દ્રમતિ** એજ દ્રાવીડીયન જેવા પહેરવેશમાં છે. તે નર્સની પેઠે બાલકોમાં ભળી ગયેલી જણાય છે. દોડતી **સરલા** જરા પાછી ફરે છે, ને **ચન્દ્રમતિ**ના વસ્ત્રનો છેડો પકડી કંઇ બોલવા માંડે છે.)

સરલા—**અશ્રુ**બાળા! અંદર ચાલો પાછાં વળી પેલાં હમારાં **ક્રાન્તિ**

બ્હેન આવશે ને મોડે સુધી બગીચામાં આ સુરેન્દ્રને ફરતો દેખશે તો—

સુરેન્દ્ર (ત્હેને એકદમ બોલતી અટકાવી)-છી ચુપ-**સરલા** ?

ત્હને કેટલી વાર મ્હેં કહ્યું છે કે ત્હારે એવા રીતે ન બોલવું. **અશ્રુ**-બાળા ! ચાલો આપણે અંદર જઈએ, મ્હારો શ્વાસ જરા રૂંધાય છે ને મ્હને ઉધરસ બહુ આવશે એવું—

(શ્વાસને લીધે બાળક મુંઝાય છે. એ નબળા આઠ વર્ષના છોકરાને **ચન્દ્રમતિ** દુઃખથી ધડકતે હૈયે આઠમાસના બાલકની પેઠે તેડી લે છે ને **સમીપ**માં પડેલી ચીનાઈ ખુરશી પર બેશી જાય છે. **સરલા** ગભરાય છે, ઉંચે નીચે જુવે છે ને પછી **ચન્દ્રમતિ**ના ખોળામાં સુતેલ વીરાના મસ્તક ઉપર વ્હાલથી હસ્ત ફેરવે છે. **ચન્દ્રમતિ** પણ અતિ સંભાળપૂર્વક **સુરેન્દ્ર**ની છાતી ઉપર પંપાળે છે ને થોડી ક્ષણમાં બાળક કંઈક સ્વસ્થ થતો લાગે છે. **ચન્દ્રમતિ** બીજા હસ્તથી બાલિકાને સોડમાં લે છે ને જરા ઉપદેશના રૂપમાં કહે છે.)

ચન્દ્રમતિ—જો મ્હારી ડાહી **સરલા** ! આજે તું ગાંડી થઇ ખરૂં ? ત્હેં જરા **સુરેન્દ્ર**ને ચ્હીડવ્યો એટલે એ તણાઇને બોલ્યો ને ત્હેમાં આમ થયું ખરૂં ? એવું શાણી **સરલા** કદી કરે ખરી કે ? પછી સહુ બહુ ડાહી કહે છે તે નહિ કહે. ગમે તેમ ચ્હીડાય પણ **કાન્તિ**બ્હેન તો ત્હારી મા ખરીને ?

(સરલાની આંખો અશ્રુથી ભરાય છે ને એ ક્ષમાયાચક દ્રષ્ટિથી વીર સ્હામું જુએ છે. કુમાર ધીમું મીઠું હાસ્ય કરે છે ને એ ભાઇ બ્હેનને સમાધાન થતું હોય એવું લાગે છે. શ્વાસથી મુક્ત થયેલો **સુરેન્દ્ર** જરા બેસવા માગે છે ને ત્હેને તેમ કરાવતાં **ચન્દ્રમતિ** અતિ વિચારમાં પડે છે.

સરલા (અચાનક એ ગંભીર ચુપકીદીમાં ભંગાણ પાડતાં)-અરે **અ**-શ્રુબાલા ! મ્હારૂં પહેલું નામ ત્હમને ખબર છે કે ? જુઓ જ્યારે હમારી મા અહીં હતી ને ત્યારે સહુ મ્હને ઇન્દુ—ચુપ ! ચુપ પાછી ! બોલવા લાગી કે—

(પછવાડેથી અચાનક આ અવાજ આવે છે ને અવાજની સાથેજ **ગંગાબાઈ** હાથમાં ન્હાના **નરેન્દ્ર**ને લઇ દ્રશ્ય થાય છે.)

ગંગાબાઈ—**સરલાબાઇ** ! તું કદી ચુપ ન રહેવાની ખરી કે ? ત્હારી મા તેથીજ ત્હારાથી રીસાઇને ચાલી ગયાં.

ચન્દ્ર—ગંગાબાઈ ! શા સારૂં એમ કરો છો. લઇ જાઓ **ઇન્દુ**ને—

અને—એને સરલાને પ્હેલી માંહી ને પછી આ સુરેન્દ્રને પણ તેડી જવાનાં છે. ઝટ કરો તો, મોડું જરા વધારે થયું છે.

(ચન્દ્રમતિ દાસીપર ગુસ્સે થવામાં પોતે ધારણ કરેલ ખોટો સ્વર ભૂલી જાય છે ને નામમાં પણ ગોટાળા કરે છે.)

ગંગાબાઈ જૂની શેઠાણીનો સ્વર ઓળખી કહાડે છે ને એક વૃક્ષઉપર વિદ્યુતનો ઝપાટો લાગ્યો હોય ને થડકે તેમ થડકે છે. ચન્દ્રમતિ ભૂલ સમજે છે. પણ જાણે કશું જાણતી ન હોય તેમ સુરેન્દ્રની છાતી પંપાળ્યા કરે છે. એટલે ગંગાબાઇ સંશયના સમુદ્રમાં ડોલાં ખાતાં ને ત્હેનો થોડો બડબડાટરૂપ અવાજ બ્હાર કહાડતાં સરલાની આંગળી પકડી ચાલવા માંડે છે.').

ગંગાબાઈ—(એકલાં બબડતાં)—એ તે શા ચમત્કાર ! આબેહુબ જાણી બાઇની વાણી આવી ! એ શું એણે તે કર્યો છે ! રામજી ! રામજી ! ભગવાન ! એ શું ભૂત બીત તો નહિ થયાં !

(એટલા બોલ સાથે તે ઉદ્યાનના દ્રસ્ય ભાગમાંથી અદ્રસ્ય થાય છે. સુરેન્દ્રએ છેક અદ્રસ્ય થાય છે. ત્યાંસુધી ચૂપ પડ્યો રહે છે. પણ પછી તરત તે એક અતિ દયનીય નજર સાથે ચન્દ્રમતિ સ્હામું જુએ છે.)

સુરેન્દ્ર (ગળગળીત સ્વરે)—ગરીબ બીચારી સરલા ! અશ્રુબાળા ! એનું હમારી મરી ગયેલ માતા તરફ એટલું હેત છે કે આખા ઘરમાં એ હાડમાર થાય છે. મ્હને પણ માતા એના કરતાં એ પણ વધુ વ્હાલી છે પણ હું મ્હારૂં વ્હાલ ગુપ્ત રાખી શકું છું. અશ્રુબાળા ! અશ્રુબાળા ! જો ત્હમે મતિબ્હેનને મળ્યાં હોતને તો આમ એવાં ખુશી થાત. મ્હારી માતા એવી સારી એવી ભલી ને એવી વ્હાલવાળી—

(બાળકની છાતીમાં મનના ગભરાટથી મુંઝવણ વધે છે. ચન્દ્રમતિ કપાતે કાળજે ને બળીને ભસ્મ થતે હૃદયે આ સર્વે જુએ છે. તે કંઇક બોલવા જાય છે પણ દુઃખનો ડચુરો હૃદય ને ગળાની વચ્ચે એવો ભરાય છે કે ત્હેનો પ્રાણ રૂંધાઇ જાય છે.)

સુરેન્દ્ર (જરા શ્રમ લઇને ફરી)—ને અરવિન્દભાઇ બ્હાર ગમે તેટલા હિંમતવાન લાગતા પણ એમને મનમાં લાગે બહુ હાં—એટલે પ્હેલાં લાગતું બહુ એમ સમજ્યાં ને ! જ્યારે મ્હારી માતા ગુજરી ગયાના સમાચાર ન્યુસમાં આવ્યા ને રાત્રીના હમે બધાં સુઇ ગયાં હઇશું ધારી હમારા સુવાના ખંડમાં આવ્યા ને હમારી ત્રણે બાઇ બ્હેનની વચમાં પડી એવું રોયા એવું રોયા—પણ પછી દસેક મહિના પછી એટલે પાંચ છ મહિના પહેલાં આ કાન્તિ બ્હેન સમજ્યાં ને સમજ્યાં ને,

(એવડો ન્હાનો બાળક પણ કોઇ એવો માર્મિક ઇશારો કરે છે કે **ચન્દ્રમતિ**ને એ ઇશારામાં સર્વ સમજી જાય છે તે મનને કંઈક સ્વસ્થ કરીને પ્રશ્ન કરવા જાય છે. તેટલામાં **ગંગાબાઇ** પાછી આવીને વગર બોલ-ચાલે **સુરેન્દ્ર**ને **ચન્દ્રમતિ**ના હસ્તમાંથી ઉપાડી લઈ એમને એમ ચાલવા માંડે **ચન્દ્રમતિ** કંઇ પણ વાંધા વગર કરેલ કરવા દે છે ને એ બન્ને અદૃશ્ય થાય છે. એટલે વસ્ત્ર સંકોરતી ઉભી થાય છે.)

ચન્દ્રમતિ (ઉભી થઇ એક દુઃખનો નિશ્વાસ નાંખતાં)—આ મ્હારી સ્થિતિ ને આ મ્હારાં બાલકો ! ઓ પ્રભુજી ! મ્હને અત્યારે એવું થયું અરે ! કેવું થયું કે હું કહી દઉં કે હુંજ ત્હમારી સગી મા એજ ત્હમારી મતિ બ્હેન, ત્હમારી જનની છતાં પણ દુઃખનું મૂળ, ત્હમારા મરણની દૂત. હે હરિ ! હા ! મ્હારાં બાલકોનોજ વધ કરનાર હું—**સુરેન્દ્ર** મરવા પડ્યો છે, દીકરી ગૃહમાં હાડમારી ભોગવે—

(ત્હેના વિચાર અટકે છે કારણ કે ખુરશીની જમણી બાજુ આવેલા સુંદર દ્રાક્ષના મંડપમાં ખડખડાટ થાય છે. કંઇક વસ્ત્ર પણ દેખાય છે. ને વાતચીતના સ્વરતો સ્પષ્ટ સંભળાય છે.)

કાન્તિ—તું આવી ધેલાઇ કરે છે પણ એ દ્રાક્ષના લુમખા સુધી તું આટલી નીચી તે ક્યાંથી પહોંચી શકીશ !

(બોલનારના સ્વરમાં મીઠાશ ને સ્નેહ બન્ને રણકાર કરે છે ને આ દુઃખી અબળા એ પતિસ્વરતરીકે ઓળખતાં કમ્પે છે.)

કાન્તિ (અત્યંત લાડ ભર્યા સ્વરથી)—નહિ બસ મ્હારે આ એ દ્રાક્ષજ ખાવી છે. હું મ્હારૂં ધાર્યું કરનારી દ્રઢ નિશ્ચિત **કાન્તિ**, નહિ એમ કોઇથી દબી જવાની કે કોઇના કહેવાથી વિચાર ફેરવવાની ! સમજ્યા જી !

અરવિન્દ—**કાન્તિ** ! ઈશ્વરે જગતમાં દ્રઢતાનાં બીજ બહુ થોડાં જ મુકયાં છે. જ્યાં જોઇએ ત્યાં શંકા અને અનિશ્ચિતપણું અને વ્હેમ દૃષ્ટિ પડે છે, માટે મ્હારી લાડકી બહુ અભિમાનજ કરીશ હોં !

કાન્તિ—જગતમાં જે ન કરવું હોય તે મુસ્કેલ જ લાગે છે. જો એક મનુષ્ય દ્રઢતાવાન વિશ્વમાં છે એમ માનો તો પ્રભુએ જગતમાં દ્રઢતાનાં બીજ સ્થળે સ્થળે વેર્યાં છે એમ માનવાનું જ છે. પેલી લટકેલી દ્રાક્ષને હું પહોંચી ન શકું તેથી દ્રાક્ષ ત્યાં છે જ નહિ અથવા બહુ જુજ છે એમ કહેવાય જ નહિ માટે મ્હારા વિવાદી વકીલ સાહેબ ! મદદ આપો, મ્હને કમ્મરેથી ઉંચા કરો ને પછી જુઓ હું દ્રાક્ષ મેળવું છું કે નહિ !

(થોડી ક્ષણ ત્યાં ચુપકીદીનું રાજ્ય ફેલાય છે. તરતજ કોઈકના પગ જમીન ઉપર જોરથી પછડાતા સંભળાય છે. ને કાન્તિમતિના વિજયના હાસ્યનો સ્વર આખા દ્રશ્ય ભાગમાં ફેલાઇ રહે છે.)

કાન્તિ—બોલોજી ! કહો કે હાર્યા. મદદ, માત્ર સ્હાય કોઇક જાતના બળની જરૂર પડે તે સહુને સહુના મન પ્રમાણેનું જો મન ઇચ્છા કરે તો જગત્કર્તા આપી શકે. કહોજી કે તું મ્હારા ઉપર વિજયી થઇ.

અરવિન્દ—કાન્તિ ! ત્હારી બુદ્ધિ અપાર છે એમ હું પ્રથમથી માનતો અને કહેતો આવ્યો છું ને અત્યારે ખુશી થતી હોય તો લે કહું કે તું મ્હારા ઉપર (ચન્દ્રમતિ આ વખત સુધીમાં જરા દુર એક ગુલાબના છોડપાસે જઇ ઉભેલી છે ને ત્યાંથી અચાનક ગાન સ્વર આવે છે)

શિખરિણી—પ્રતિજ્ઞા લેવીના ! હ્રદય નવ કો માનવ વશે,

પ્રભુહસ્તે બાજી ! દીનજનથી શું શું બની શકે ?

શાખી—પ્રથમ પત્ની ઉડી ગઈ, સ્મરો પિયુજી ! ભૂતકાળ;

ગયો પ્રેમ ક્યાં તે બધો ? શેણે વિસર્યાં બાળ !

(બન્ને ચમકતાં હોય તેવાં પાંદડાં વચ્ચે ખડખડાટ થાય છે. બન્ને મંડપમાંથી બ્હાર આવે છે ને ગુલાબના છોડ પાસે ઉભેલ ચન્દ્રમતિને ત્હેની સાથે રમતી જુએ છે)

અરવિન્દ—(ત્હેના સ્હામું જોઇને) અશ્રુબાળા ! ત્હમે કાંઇ ગાયનસ્વર સુણ્યો !

ચન્દ્ર—(જાણે ચમકતી હોય તેમ દેખાવ કરી)—નાજી ! નાજી ! હું તો હમણાં છોકરાંને માંહ્ય મોકલી બંગલામાં જવા ઉભી થઇ છું. શું છે કંઇ ખાસ કામ છે ? કહો તો રોકાઉં ?

અરવિન્દ—ના ! ના ! જાઓ, ત્હમે ત્હમારે; પણ કાન્તિ ! પછી પેલી પ્રબોધની વાતનો શો નિર્ણય આવવાનો છે ? ત્હેં તે વખત કહ્યું હતું ને—

કાન્તિ (ત્હેને બોલતો અટકાવીને)—કેમ, મ્હેં ત્હમને તે દિવસ ન હોતું કહ્યું કે એ લખે છે કે તે દિવસે પેલે દિવસે ચન્દ્રમતિ તેજ દિવસે પ્રબોધભાઇએ આપણા ચન્દ્રભુવનની વાડીનીજ પાસે જે માણસને તેઓની ખૂની ધારે છે ત્હેને જોયો.

(ચન્દ્રમતિ આ અરધુ સાંભળતી અરધુ ન સાંભળતી ચાલી જાય છે. ને એ દંપત્તિ પણ વાતમાં પડી મંડપમાં અદ્રસ્ય થાય છે.)

પડદો પડે છે ને નેપથ્યે સંભળાય છે.

અનુષ્ટુપ.

વિશ્વત્રાતા કૃપા ત્હારી, હોય તે પરખાય છે.
કૃપાની વૃષ્ટી આ સ્થાને, મ્હને પુરી જણાય છે.

પ્રવેશ ૩ જો.

સ્થળ—ચન્દ્રભુવનનું દીવાનખાનું

સમય—સાંજના ચાર.

નેપથ્યે સંભળાય છે.

તોટક.

ક્ષણમાં પલટે સ્થિતિ કેવી હરે ! રચના બદલાય વિચિત્ર રીતે;
પ્રભુ રાયનું રંક કરે ક્ષણમાં, વળી રંકનું રાય કરે પળમાં.

ને પડદો ઉઘડે છે.

(પૂર્ણ શોખથી શણગારેલ દીવાનખાનું પ્રથમના દેખાવમાં ઘણો ફેર પડી ગયો છે, કાન્તિના ફુલનો શોખ ક્ષણે ક્ષણે જણાઈ આવે છે. ત્હેને એક ખૂણે **સુરેન્દ્ર** સોફા ઉપર સુઇ ગયો છે ને ત્હેનાથી જરા દુર **ચન્દ્રમતિ** હાથમાં રામાયણ લઇ આરામખુરશીમાં પડી પડી વાંચે છે. કહેવામાં વાંચે છે. પરન્તુ વાસ્તવિકમાં તે વિચાર કરે છે. થોડીવાર આ દર્શન ચાલુ રહે છે. બે ચાર મિનિટમાં અંદરના ભાગમાંથી **કાન્તિમતિ** ભવ્ય ગંભીર પગલાં ભરતી આવે છે. **ચન્દ્રમતિ**ને જુએ છે. ને **સુરેન્દ્ર**ને નિદ્રાવશ જોઇ ધીમા ચાલે આરામખુરશી પાસે આવી ત્યાં નજીક પડેલી ન્હાની ખુરશીપર બેસે છે ને **ચન્દ્રમતિ** હાથમાંનું પુસ્તક નીચે મુકી દે છે. ને ઉભી થવા જાય છે. ત્હેને **કાન્તિમતિ** હાથના ઇશારાથી બેસાડી દે છે.

કાન્તિ—આજે અત્યારે **સુરેન્દ્ર** કયાંથી સુઇ ગયો ?

ચન્દ્ર—જી ! આખી રાત્રી બહુજ ટળવળ્યો છે. દિનપ્રતિદિન વ્યાધિનું જોર વધતું જાય છે, ને એક નિર્દોષ આત્મા પ્રભુના ગૃહની વધુ વધુ સમીપ—

(બોલતાં ત્હેનો સ્વર બહુ ધ્રુજે છે ને એની આટલી દશ્ય દીલગીરી દેખી **કાન્તિમતિ** કંઇક આશ્ચર્ય પામે છે.)

કાન્તિ (જરા જીજ્ઞાસુ સ્વરથી)—**અશ્રુબાળા** ! ત્હમે આટલા થોડા સમયમાં એ છોકરાં સંગાથે બહુ ભળી ગયાં ખરૂં ? એક અજ્ઞાત વિદેશી નર્સ સાથે એટલી માયા બાળકોની થાય એ જરા નવાઇજેવું નથી લાગતું ?

ચન્દ્ર (સ્હેજ સ્વસ્થ થઇ શંકાશીલ નજરથી જોતાં)—નાજી ! મ્હને

તો એ સામાન્ય લાગે છે. બાળકોનાં નિર્દોષ મન જ્યાંથી સત્ય સ્નેહનું લોહચુંબક આવે ત્યાં ખેંચાય ! એ મધુરા આત્માઓ કદાચ માતાના પ્રેમના પોષણવિના તૃષિત હશે તે ક્ષુધાતુર મ્હારા સ્હેજ સ્નેહથી પણ ખેંચાયાં.

કાન્તિ (દલીલ કરતાં)—પણ ત્યારે ત્હમે એવાં વિદેશી વિજાતીય બાળોને શા સારૂં આટલું બધું ?

ચન્દ્ર (ત્હેને અટકાવીને)—કારણ કે હું મ્હારાં એવાંજ મધુરાં કુસુમાંથી વિખુટી પડી છું. મુજ વિશ્વવાડીમાંથી સ્વહસ્તેજ મ્હેં એ પુષ્પો ચુંટીને પગતળે કચર્યાં ને મ્હારૂં દુઃખ જાણીને ઉપજાવી પુકારતી રડતી ને પ્રભુને યાચતી અહીં આવી તો બાઇ ! પતિતપાવન પ્રભુએ મ્હારી દોષિતની પ્રાર્થના પણ સુણી; પરન્તુ હું હીણભાગી અહીં પણ મુજ નસીબ દેવીને સાથે દોરતી આવી તે એણે આ કામ—

સુતેલા **સુરેન્દ્ર** સ્હામી આંગળી બતાવે છે. **કાન્તિ**મતિ વિશેષ આશ્ચર્યમાં ડુબતી જાય છે. એટલામાં **લલિતા** બારણામાં જરા ડોકું કહાડી પાછાં ચાલ્યાં જાય છે. **કાન્તિ**મતિનાં ભુવાં ચ્હડે છે.)

કાન્તિ—**અ**શ્રુબાળા ! ત્હમે જાણો છો કે અરધું તો આ હમારી નણદીના પ્રતાપથી આ છોકરાનું માતારૂપી સુખ ગયું !

ચન્દ્ર—(અજાયબીથી) એટલે !

કાન્તિ—એ બીચારી પરણીને આવી ત્યારથી કદી આ નણંદે એને જંપવા નથી દીધી. પોતાના ભાઇનો ગૃહકાર્યભાર પોતે શિર ઉઠાવે તો ત્હેમાં વચમાં વિઘ્ન નાંખનારી તરીકે એનું તો સદા અપમાનજ કરતાં. એઓ પોતે બ્હેનઉપર નાખુશ બહુ રહ્યા કરતાં પરન્તુ સ્વભાવ પ્રમાણે વચમાં બોલ્યા નહિ, ને તે બાપડીનો મનનો એ દુઃખનો ડુમો મનમાં રહ્યો.

(**ચન્દ્ર**મતિ પાછી પોતાને મ્હોંએજ પોતાની વાત સાંભળી અંદરથી મુંઝાય છે ને લાગણીઓ દબાવવા પ્રયાસ કરે છે. **કાન્તિ**મતિ તો વાતની ધુનમાં વાત આગળજ ચલાવે છે.)

કાન્તિ—હં ! તે હા ! હું શું કહેતી હતી ? જાણે કારણ ગમે તે હોય પરન્તુ પતિનું ગૃહ છોડયું ને સંતાનોની લેશ દરકાર ન કરતાં રખડતાં મુકયાં એટલે એ ભલે ! સારી દાનતથી નાશી ગઇ હોય પરન્તુ દોષિત તો ખરીને ! ને વળી બીજું બીજું—

(કંઇક વિચારથી **કાન્તિ**મતિ બોલતી અટકી જાય છે. ત્યાર પછી થોડીવાર આખા ખંડમાં શાન્તિ પ્રસરી રહે છે. એ શાન્તિનો રાજ્યઅમલ

કાન્તિમતિ અચાનક તોડે છે.)

કાન્તિ—અરે ! હા જો ! ત્હમને એતો ક્યાંથી ખબર હોય ! મ્હારાં જ્યારે લગ્ન થવાનાં હતાં ત્યારે મ્હેં તો પ્રથમથી માગી લીધું હતું કે તીજોરીથી માંડીને આખા ગૃહની ન્હાનાં દૂધ દહીંનાં કબાટો સુદ્ધાન્તની કુંચી મ્હને સોંપવી હોય તો લગ્ન કરૂં ! ને તે દિવસથી હમારાં નણંદબાનો ગર્વ ચાર ચાસણી ઉતર્યો—

(વાત અધુરી રહે છે ને જે દ્વારથી કાન્તિમતિ પ્રવેશી હતી ત્યાંથી અરવિન્દ પણ દાખલ થાય છે. તે જરાવાર દ્વારમાં ઉભો રહે છે. **ચન્દ્રમતિ** ત્હેને દેખી એકદમ ખુરશી પરથી ઉભી થાય છે ને **અરવિન્દ** ધીરે શાન્ત પગલે સમીપ આવે છે.)

અરવિન્દ--કેમ કંઇ **અશ્રુ**બાળા સંગાથે ખુબ ચર્ચામાં પડી ગયાં હતાંને શું ? બેસો ! બેસો ! **અશ્રુ**બાળા અહીંજ બેસોને, ને **કાન્તિ** અત્યારે હવે ચ્હા પણ અહીંજ અણાવો. બહુ આસ્તેથી જરા પણ ખડખડાટ કર્યા શિવાય સમજીને ? અને લલિતાબ્હેન પણ આવે તો બોલાવતી આવજે,

(**કાન્તિમતિ** ઉત્સાહપૂર્વક પતિની આજ્ઞા ઉઠાવતી ઉભી થાય છે ને પ્રેમથી ઉભરાઇ જતાં નેત્રો સાથે પતિનાં ચક્ષુ સંગાથે નિજ ચક્ષુ રમાડતી ત્વરિત હરણી માફક ચાલી જાય છે. ચન્દ્રમતિ અંતરમાં ઉભરાતા દુઃખના દાવાગ્નિ સાથે દષ્ટિને જમીન ભણી કરતી પહેરેલ ચસ્માંમાંથી પણ આંખોને નીચી નમાવી દૂર પડેલ એક ખુરશીઉપર જઇ બેસે છે. **અરવિન્દ** કંઇક વાત કહાડવા જાય છે તેટલામાં બ્હારના ખંડમાં ગરબડાટ થાય છે ને બ્હારના ભાગમાંથી હર્ષથી ઉન્મત્ત બનતી **કાન્તિમતિ** ત્હેના ભાઇ **પ્ર**બોધનો હસ્ત ખેંચતી ખડખડ ભડભડ કરતી પ્રવેશે છે.

કાન્તિ (ઉશ્કેરાયલા સ્વરે) છુટ્યા, **પ્ર**બોધભાઇ છુટ્યા. ઓ મ્હારા પ્રભુ ! મ્હારૂં હૃદય તો જાણે હર્ષના ઉમળગા સાથે ફુટીને કકડા થશે કે શું ?

(સૂતેલો **સુરેન્દ્ર** ગડબડાટથી ચમકી ચીસ પાડી જાગે છે. માત્ર **ચન્દ્રમતિ**નું પૂર્ણ ને **અરવિન્દ**નું સહજ લક્ષ ખેંચાય છે. **ચન્દ્રમતિ** જોરથી ઉઠી બાલક પાસે જઈ ત્હેની છાતીએ હસ્ત મુકી ત્હેને શાન્ત કરવા પ્રયાસ કરે છે. ને સ્હામેનું નાટક તો ચાલુજ રહે છે.)

કાન્તિ--અરે કોઈ માણસ છે કે ! જાઓ એકદમ ચોપાટી મ્હારે પીયેર ને મ્હારા માતા પિતા બન્નેને એકદમ તેડી લાવો. ઓરે આતે

સ્વપ્ન કે સત્ય! મ્હારા **પ્ર**બોધભાઇ સૂર્યથી તમ પ્રકાશિત અતિ આનંદ દાયક સમય નિર્ભયપણે આમ અહીં ઓ મ્હારા ભાઇ! ઓ મ્હારા વીરા!

(**પ્ર**બોધ મીઠી પ્રીતભરી નજરથી ભગિની સ્હામું મંદ હાસ્ય કરતાં જુવે છે તે સુમારે અઠ્ઠાવીશથી ત્રીસ વર્ષનો યુવક છે. દેખાવમાં મનોહર છતાં નિત્ય ભયના દબાણથી ત્હેનાં નેત્રો ઉપર કંઇક અજબ ભાર અને મુખ ઉપર અગાધ નિરાશાની છાપ પડી ગઈ છે. ત્હેનું મંદસ્મિત જાણે કાન્તિમતિને કંઇક ઉપદેશ દેતું હોય શું એવો ભાસ થાય છે.)

અરવિન્દ (ખુરશી ઉપરથી ઉભો થઇ એક હાથ લંબાવી ત્હેની સમીપ જતાં)—**કાન્તિ**! ઘેલી થઇ કે? તું **પ્ર**બોધભાઇને કંઇ બોલવા વખત નહિ આપે કે! **પ્ર**બોધ! મ્હારા વ્હાલા મિત્ર! મ્હારી અંતઃકરણપૂર્વક શુભ વાંચ્છના સ્વીકાર તે પ્હેલાં આ શું આશ્ચર્ય તે તો મ્હને કહીશને!

પ્રબોધ (અત્યંત માન ને હર્ષથી ઉભરાતી ઉર્મિ સાથે) મ્હારા શુભેચ્છક **અર**વિન્દ! ત્હારી કૃતિનુંજ આ પરિણામ છે. એક નિર્દોષ આત્મા ત્હેજ બચાવ્યો છે. ત્હારા સ્વાર્થના ભોગે કદાચ એજ હેતુથી છેક દુઃખી થઇને પણ ત્હેં એક વિનાકારણ પિંજરામાં પકડાયેલ પંખીને મુક્ત કર્યું છે. ઓ મ્હારા ભાઈ! હું ત્હારો શો ઉપકાર માનું! ત્હેં મદદ ન દીધી હોત તો **પ્ર**બોધ અત્યારે જીવતો જાગતો આમ ન ઉભો હોત—

અરવિન્દ (ત્હેને અટકાવીને)–છીટ! છીટ! **પ્ર**બોધ મૂળ વાત કરને! શું ખરો ખૂની પકડાયો? એ કોણ છે?

(**લલિતા** બ્હારના દ્વારથી અંદર પ્રવેશી આ નાટક જોતી ઉભી રહે છે.)

પ્રબોધ (સ્હેજ અચકાતો હોય તેમ)—હા! નાશિકમાં કાલે રાત્રીના પકડાયો. નદી તટ ઉપર હમે બન્ને સ્હામસ્હામા અચાનક મળી ગયા. જગતના નિયમ રચનાર નિયંતાની એવી પ્રથમથી રચના હશે તે હું રાત્રે ત્યાંજ ફરવા ગયો. મ્હેં એને પારખ્યો એણે મ્હને ઓળખ્યો, એ દોડ્યો, હું પછવાડે થયો, પકડી પાડ્યો, તે ઘસડતો ઘસડતો ગામમાં પોલીસ સ્ટેશન ઉપર લઇ ગયો. નાશિક આખામાં એક શેતાન રૂપે એ જાણીતો છે તેને!

અરવિન્દ (ત્હેને અચકાતો જોઈ બોલવા સારૂ હિમ્મત આપતા સ્વરે)—ને શું બોલી દેને!

પ્રબોધ—આ ચન્દ્રભુવનના પ્રથમ માલીકનો ભત્રીજો ને **દેવીપ્રસાદને** નામે ઓળખાતો ઠગ!

(**અ**રવિન્દ જોરથી ખુરશીપર બેસી જાય છે ને પોતાના **મન**ઉપર કોઇક જાતનો નિગ્રહ કરતો હોય તેવાં સ્પષ્ટ ચિન્હ જણાય છે, ચન્દ્રમતિ તેથી પણ વિશેષ ચમકે છે પરન્તુ બાળકની સંભાળ તરફ વિશેષ લક્ષ આપવું પડે છે. **લ**લિતા વ્હેનનું બોઇલર તેથી પણ વધારે ઉકળે છે. ને વગર બોલાવે વચમાં બોલી દે છે.)

લલિતા--સા--ચોર--મ્હેં તો અહીં એ પ્હેલે દિવસથી આવ્યો ત્યારથીજ લક્ષણ પરખ્યાં હતાં ને આ આપણી **સ**રલા પણ કોઇ દૈવી રીતથી એવી સમજી ગઈ હતી કે શું કહું ! બધું ખરાબ ધુળધાણી કર્યું છે. પીંખી નાંખીને છેવટે એ કચરાને પણ ન રહેવા દીધો. પ્રભુ ! પ્રભુ ! **ભ**ગવાન કરે તે સાચું.

(કોઇ ત્હેમના બોલવાને ઝાઝું વજન આપતાં નથી એટલે જરાક ચ્હીડાઇને કોચઉપર બેઠેલ ચન્દ્રમતિને **સુ**રેન્દ્ર જાણી જાય છે. **અ**રવિન્દે પણ ત્યાંસુધીમાં વૃત્તિયો ઉપર પૂર્ણ વિજય મેળવ્યો છે ને તેથી એકાન્તમાં સાળા સંગે વધુ વાત કરવાના વિચારથી એ **સુ**રેન્દ્ર સ્હામું જોતો ઉભો થાય છે.)

અરવિન્દ--આ બીચારો જાગૃત થઇ ગયો. ચાલો **પ્ર**બોધ ! આપણે બીજા ખંડમાં જઇ વાત કરીયે. **અ**શ્રુબાળા ! હમે જઇએ છીએ હં !

(**અ**રવિન્દ **કા**ન્તિમતિને **પ્ર**બોધ ત્રણે ચાલ્યાં જાય છે. **લ**લિતા થોડી ક્ષણ કંઇક આશ્ચર્યથી **ચ**ન્દ્રમતિ સ્હામું જુએ છે એ અત્યંત વિચારમાં પડેલી અબળાને ભાન નથી કે ત્હેના ચશ્માં-- ત્હેની મુખાકૃતિ ઢાંકવામાં મુખ્ય મદદગાર વસ્તુ જરાક આઘે ખશી છે. ત્હેનો હસ્ત બાળકની છાતીઉપર ફર્યાં કરે છે. **લ**લિતા પણ **ગં**ગાબાઇની પેઠેજ સંશયમાં ડુબતી ને કંઇક "આબેહુબ એજ નાક ! આબેહુબ એજ મ્હોં ! રે ! રે ! આતે શું ભૂત કે મ્હારા મગજના તર્કો !" બોલતી ચાલી જાય છે.)

પડદો પડે છે.

ને

નેપથ્યમાં સંભળાય છે.

હરિગીત.

શું જગત પ્રેમની આ સ્થિતિ ! શું સ્વાર્થ સર્વ વસ્તુમાં !
શું દ્રષ્ટિ સંમેલન સુધી વસતોજ સ્નેહ મનુષ્યમાં !
શું જેહ સારૂ પ્રથમ પ્રીતિ ઉછળતી અતિ બળ થકી,
ત્હેનેજ સારૂ મૃત્યુ પછી શું વિસ્મૃતિ થાતી નહી ?

પ્રવેશ ચોથો.

સ્થળ—ચન્દ્રભુવનનો વરન્ડા ઉપરનો સર્વ બાજુથી ચણીને ઓરડા જેવો બનાવેલ ભાગ

સમય—સાંજના ૭.

નેપથ્યમાં સંભળાય છે.

વસંત તિલકા—" ઓ વિશ્વ પાલક વિભુ! દીન વિનતી આ,
" પુરી દયાથી સુણજો કહું છું દુઃખીતા;
" આ મ્હારૂં બાલક મૃદુ મુજ પ્રાણરૂપે,
" એ મ્હારૂં જીવન પ્રભુ! કયમ ખુંચવે છે.

ને પડદો ઉઘડે છે.

(ઓરડામાં એક મચ્છરદાની નાંખેલ છત્રપલંગ પર **સુરેન્દ્ર** સુતેલો છે. સમીપની ખુરશીમાં **અરવિન્દ** ને ત્હેની સ્હામે પલંગના કઠેરાને અઢેલી **ચન્દ્રમતિ** ઉભેલી છે. ત્હેની આંખમાંથી અશ્રુ વિના અટકયે વહે જાય છે ને **અરવિન્દ** બાલકના પ્રતિ શોકિત મુખમુદ્રાથી નીહાળે છે.)

અરવિન્દ—**અશ્રુ**બાલા! આ ત્હારા નમાયા બાલકનાં ત્હમે ખરેખર માતારૂપે બન્યાં છો. હું ત્હમારો શા શબ્દોમાં આભાર જણાવું! શબ્દો એકે પ્રાપ્ત નથી ને ઉચ્ચારતાં ઉર ભરાઇ આવે છે.

ચન્દ્ર (ગદ્ગદિત સ્વરે) જી! ના, માનો, આભાર ના માનો; જો હું કાંઇ યશ પ્રાપ્ત કરી શકી હોત તો બોલવા કે ઉંચું મુખ કરવા પણ વખત હતો, પરન્તુ બાલક મોતની ઉંડી ખીણ સમીપ વ્યાધિના પ્રચંડી વાયુબળે ક્ષણે ક્ષણે વધુ ઘસડાતું જાય છે ને ઓરે હું, (મન ભરાઇ આવે છે ને શબ્દો ગળામાંજ અટકે છે.)

અરવિન્દ—કર્તવ્ય કરવું તે આપણું કામ છે, ફળ પ્રાપ્ત થવું એ ઇશ્વર ઇચ્છા આધીન છે. તે સર્વજ્ઞ પિતાને જે ઉત્તમ લાગતું હશે એજ એ કરતો હશે. મ્હારૂં હ્રદય આ દુઃખી બાળકને જોઉં છું ત્યારે બળીને ભસ્મીભૂત થાય છે, પરન્તુ જે આત્માએ એને જન્મ આપ્યો; જે દેહમાં એ નવ માસ રહ્યો તે ત્હેની સગી માતા અત્યારે આ દુઃખ જોવા નથી તે એની પહેલાં આ જગત છોડી ગઇ છે એટલે હું ત્હેને ભાગ્યશાળી માનું છું. બાકી બે સ્હામ સ્હામાં રૂદન કરતાં માત પિતાને જોવાં એ બે સ્હામ સ્હામાં વૃક્ષ ઉપર બેશી વચગાં પૃથ્વી પર તરફડતાં મૃત્યુવશ પંખી બાળને માટે ત્હેને ખ-

ચાવવા નિજ અશક્તિને લીધે ચીસેચીસ પાડતાં ને પુકારથી સ્વર તોડી નાંખતાં પંખીને નીહાળવા કરતાં પણ ત્રાસદાયક છે. મનુષ્યમાં સમજશક્તિ વધારે છે, ને ઉપાય કરવાની અશક્તિ પશુ પંખી જેટલી જ છે એટલે દુઃખ જોવામાં સરખાં પરન્તુ અનુભવમાં હજારો ગણાં વધારે છે. એની માતા ગઇ તે સુખી થઇ.

(ચન્દ્રમતિનું હૃદય માંહિથી જાણે બ્હાર ઉછળી પડવા માંગતું હોય તેમ ધબકારા કરે છે. તે એક ઉંડો વિશ્વાસ મુકે છે ને બધા વિચાર દાબવાનો પ્રયાસ કરતી હોય તેમ બે હસ્તથી શિર પકડે છે.)

અરવિન્દ—અશ્રુબાલા ! મ્હને ભય લાગે છે કે ત્હમે પણ આ કુમળા વૃક્ષ સંગાથે કરમાશો. ત્હમારૂં મુખ બહુજ ઉતરી ગયું છે ને ત્હમે આમ દશ્ય રીતે ધ્રુજો છો. બેશી જાઓ ત્યાં ખુરશી ઉપર હમણાં મ્હોટા ડાકટરને તેડાવેલ છે તે આવશે.

ચન્દ્ર (કંઈ સ્વસ્થ થતાં ખુરશી પર બેશી)—શું અહીંના મેડીકલ કોલેજના મુખ્ય પ્રિન્સીપાલને બોલાવેલ છે !

અરવિન્દ—હા ! મનુષ્યે બનતા ઉપાય કરવા ચૂકવું નહિ ને પછી રહેતા પસ્તાવા સારૂ તો એક બ્હારી મુકવીજ નહિ. સ્વજન ખોયાનું અવર્ણ્ય દુઃખ થતું હોય ત્હેમાં પસ્તાવો અસહ્ય પીડાકારક થાય. થોડીવારમાં આવી પહોંચવાની વકી છે.

ચન્દ્ર (જરા આશામાં આવતાં) ને ભાન ભૂલતાં ઓ ! ત્હમારો કેટલો ઉપકાર ! કેટલો આભાર ! હું એ કીયા શબ્દોમાં વર્ણવી શકું ?

અરવિન્દ (બહુજ આશ્ચર્ય પામતાં)—એટલે ! એટલે શું ? હું મ્હારા દીકરા સારૂ કાંઇ કરૂં ત્હેમાં ત્હમારે શાનો આભાર માનવાનો ! અશ્રુબાલા ! જરા સ્વસ્થ બનો.

ચન્દ્ર (સાવધ થઇ પોતાની ભૂલ જોઇ મનથી બહુજ લજવાતાં)—નહિજી; માફ કરજો. એ તો મ્હને આ બાળક એટલો બધો વ્હાલો થઇ ગયો છે કે મ્હારાથી ભાન ભૂલ્યું બોલાઇ ગયું. મ્હારે એક એવોજ પુત્ર હતો ને ત્હેને પણ ગુમાવ્યો ને આજે પણ ગુમાવીશ. એ દુઃખે ને ત્હેમાં મ્હને આપે દીધેલ ડાકટરના દીલાસાએ મ્હને મ્હારૂં ભાન ભૂલાવી. માફ કરજો હોં જી !

અરવિન્દ—નહિ ! નહિ ! એમાં શું ? મ્હારા બાળક પરની પ્રીતિને લીધે ત્હમારાથી બોલાઇ જવાયું ને ? પરન્તુ હું ત્હમને ખાસ સલાહ આપું

છું કે ત્હમે આરામ લ્યો. નહિ તો પછી, તદ્દન, બાળકની સેવાનો લાભ ચૂકશો.

ચન્દ્ર (અરધું મનમાં ને અરધું મ્હોટેથી)—કદાચ સદાને સારૂ બાળકની સેવા ચૂકવાનો લાભજ પ્રભુ સમીપમાં આણતા જાય છે.

(**અરવિન્દ** લેશ ચમકી કંઇ પ્રશ્ન પુછવા જાય તે પહેલાં **પાંડુ** આવી કોઇ બ્હાર મળવા આવ્યાની ખબર દે છે એટલે **અરવિન્દ** "હવે ડાક્ટરને તેડીનેજ આવીશ હું !" કરતો કે ત્વરાથી ઉઠી નોકરની પછવાડેજ અદૃશ્ય થાય છે.)

ચન્દ્ર (મસ્તકે હસ્ત મુકી)—પ્રભુ ! પ્રભુ ! કેટલું સહેવાનું ! તેઓ કહે છે કે એની માતા નથી એટલો હું ભાગ્યશાળી પણ (બે હાથ જોરથી એકઠા દાબી) ઓ મ્હારા નાથ ! એમને ક્યાં ખબર છે કે એ કમભાગી માતા તો—

(**ચન્દ્ર**મતિના વિચાર અટકે છે, કારણ કે **સુરેન્દ્ર**ને ઉધરશની ગુંચ આવવાથી એ ઝબકી ઉઠે છે. **ચન્દ્ર**મતિ પાસે જઇ, બાળકને પર્યંકમાં લઇ ત્હેનો મસ્તકઉપરનો પરસ્વેદ લુંછે છે. ઉધરશમાં ગભરાટ બહુ થાય છે. બળખો છાતીમાં ભરાતો હોય તેવો ભાસ થાય છે. થોડીવારમાં બળખો નીકળી જાય છે ને બાળક શાંત પડે છે. ને શ્રમને લીધે મંદ શ્વાસ લેતો **ચન્દ્ર**મતિની સ્કંધઉપર મસ્તક નાંખે છે. થોડી ક્ષણમાં ત્યાંથી ટટાર થઇ ઉઠે છે ને આશીકે ગોઠવાઇને સુવે છે.)

સુરેન્દ્ર (ગોઠવાયા પછી અતિ મંદ મધુર સ્વરે)—**અશ્રુ**બાલા ! **અ**શ્રુબાલા ! આ દિવ્ય ગાનના સ્વર ત્હમને સંભળાય છે કે ?

ચન્દ્ર (ચમકીને ત્હેની તરફ દીલાસાની દૃષ્ટીથી) બેટા ! દીકરા ! શાન્ત થાઓ; ત્હને કંઇ જોઇએ છીએ ?

સુરેન્દ્ર—જોઇએ તે શું ? **અશ્રુ**બાળા ! હું જાણું છું હોં કે હવે આમાંથી હું સાજો થવાનો નથી, હું કાંઈ મરણથી ભય નથી પામતો સમજ્યાં !

ચન્દ્ર—બાપુ ! એવું ના બોલીયે હં કે !

સુરેન્દ્ર (જાણે કશું સાંભળતો ન હોય તેમ)—એમાં બ્હીક શાની ! મરવું એટલે પ્રભુના ઘરમાં જવાના દ્વારમાં પ્રવેશ કરવો. જેણે સારાં કામ કર્યાં હોય ને જેને પાપનો ડર ન હોય ત્હેણે શા સારૂ મરવાની બ્હીક રાખવી ! જુઓ જુઓ સાંભળો તો ખરાં ! કેવા સુંદર વાદ્યના સ્વર આ સંભ-

ળાય છે! એ શું તે જાણો છો કે? એ તો બધા દીવ્ય પાર્ષદો પ્રભુની સન્મુખ ગાન કરે છે સમજ્યાં!

ચન્દ્રમતિ—(હેને મસ્તકે સમીપના ટેબલ ઉપરથી કાચના ગ્લાસમાં ભરેલ ગુલાબ જળમાં એક મલમલનો કકડો પલાળીને મુકતાં)-દીકરા! સુરેંદ્ર! જરા સ્વસ્થ શાન્ત થા તો.

સુરેન્દ્ર—(આંખ મીંચતો સ્પપ્નમાં હોય તેમ)-હા! કેવું સારૂં! કેવું સુંદર! ત્યાં મ્હારી માતા મ્હારી પ્હેલેથી જઇને રાહ જોતી બેઠી છે. અહા! કેવા બગીચાને વૃક્ષો! એ કેવું અપૂર્વગાન ને મધ્યમાં અહાહા! મધ્યમાં ત્યાં સિંહાસન ઉપર એ મ્હારા પિતા! મ્હારા પ્રભુ! કેટલા બધા પાર્ષદો–ને શું મ્હારી માતા અહીં નથી, શું તે અહીં આવી નથી!(જરાક શ્વાસ લેવા રોકાય છે. ચન્દ્રમતિ ઉશ્કેરાઇ ચશમાં કહાડી નાંખી હેનો હસ્ત પકડી)

ચન્દ્રમતિ—**સુરેન્દ્ર**! મ્હારા દીકરા હું અહીં છું શું મ્હને મ્હને ત્હારી સગી માતાને નથી ઓળખતો! મ્હારા વ્હાલા! (**સુરેન્દ્ર** લેશ પણ સુણ્યાવિના બેધ્યાનપણે) હે! અરેરે! એ મ્હારા દિવ્ય પિતા! એ પ્રભુજી! હા! હા! બેસાડો મ્હને આપનાં પર્યંક ઉપર–જાઉં છું–મ્હારી **સરલા**–મ્હારા **નરેન્દ્ર**–ના રડો રડો–હું તો બહુ સારેસ્થાને–ત્હમે પણ ત્યાં–મ્હારી માતા– એ પ્રભુજીએ–(ધીરે ધીરે મંદ પડતો સ્વર છેકજ બંધ પડે છે ને સાથે શ્વાસપણ બંધ પડે છે. નિર્દોષ બાળક શાન્ત રીતે મૃત્યુવશ થાય છે. ચન્દ્રમતિ કમકમતી મંદ ચીસ પાડતી ઉઠે છે ને પછી ભાન ભૂલી ઓશિકે મસ્તક મુકી રૂદન કરે છે.)

ચન્દ્ર—(ડસકાં ભર્યાં સ્વરે) એ મ્હારા લાડકવાયા! એ **સુન્દ્રેદ્ર**! નથી ત્હારી માતા પ્રભુ ધામમાં, એ મ્હારા દીકરા! સ્હામું જો. સ્હામું જો. **સુરેન્દ્ર**! **સુરેન્દ્ર**! ત્હારી માતા અહીંયાં પૃથ્વી ઉપર ત્હારી પછાડી વિલાપ કરતી પડી છે. એકવાર માત્ર એકવાર એમ કહે એ **સુરેન્દ્ર** કે ત્હેં ત્હારી કમભાગી દુઃખીને પાપિણી માતાને ઓળખી.—

ચન્દ્રમતિ—(હજી કંઇ વધુ બોલે તે પહેલાં પછવાડેના દ્વારથી **લલિતા** પ્રવેશ કરે છે. **ચન્દ્રમતિ** ખખડાટથી ચમકે છે તરતજ સાવધ બનતાં ચશ્માં પહેરી લે છે પરન્તુ **લલિતા** ત્હેનું ચશ્માં વગરનું મુખ જોઇ શકે છે. ને એક ધીમી ચીસ ત્હેના મુખમાંથી નીકળે છે. પરન્તુ એ કાંઇ બોલે તે પહેલાં ચન્દ્રમતિ ધ્રુજતે શરીરે ઉભી થઇ ત્હેની સ્હામે ફરે છે.)

ચન્દ્ર—(અશ્રુથી ને ડસકાંથી દબાતાસ્વરે)-**લલિતા** બ્હેન! **લલિતા**

બ્હેન ! ખેલ ખલ્લાસ થયો ને આ કુમળું કુસુમ કરમાયું ! ત્હમારી રીતે હવે ત્હમારે એનું જે કરવું હોય તે.—

(બોલતાં બોલતાં તમ્મર આવે છે ને બેશુદ્ધ થતી પૃથ્વી ઉપર લલિતા પાસે આવે તે પહેલાં પડે છે.)

પડદો પડે છે. ને

નેપથ્થમાં સંભળાય છે.

હરિગીત.

રહીયે હમે ઉંચે પ્રભુના દિવ્ય ધામ મહીં અને,
આ વિશ્વ ભોગો તુચ્છ ગણીને શુચિ સુખે ત્યાં માણીએ;
શું વર્ણવું હું તેજ ને સૌંદર્ય એ જગતાતનું,
ત્હેની સમિપે જગતને જગની પ્રીતિ નહિ કામનું.—

પ્રવેશ—પાંચમો.

સ્થળ—ચન્દ્રભુવનનો ગયા પ્રવેશમાં દર્શાવેલ ભાગ.

સમય—પ્રભાતના ૭

નેપથ્યે સંભળાય છે.

મન્દાક્રાન્તા.

આ સંસારે, દુઃખ નિરખવા, માત્ર છે જન્મ મ્હારો,
આ સંસારે, સહન કરવા, બાંધવા કષ્ટ ભારો;
આશા બીજી, નવ રહી ઉરે, માત્ર છે એક આશા,
ઇચ્છું છું હું, જગત પતિને, આ પતિની ક્ષમા હા !—

પડદો ઉઘડે છે.

(ગયા પ્રવેશમાં વર્ણવેલ ઓરડાની સ્થિતિ એની એ છે માત્ર પલંગ ખાલી પડેલો છે ને ત્હેની મચ્છરદાની નીચી નાંખી દેવામાં આવી છે. ને ત્હેની બરોબર સ્હામે એક સોફા ઉપર ચન્દ્રમતિ અતિ માંદગીમાં સુતેલ છે. ત્હેની બે અક્ષી ચસ્મા તળે બંધ છે પરન્તુ ત્હેના મગજમાં વિચારધારા વહી રહી છે ને તેથી ધીમે ધીમે સ્વરે કાંઇક બોલે છે.)

ચન્દ્રમતિ (જરા આંખ ખોલીને મ્હોટા સ્વરથી)—આવો ! આવો ! સૂર્યનારાયણ પધારો. આ સ્થાનમાં ને કરો પ્રકાશિત આ જગા. ઓ પ્રભુ ! હવે હવે ઘરનાં બે મનુષ્યોથી લગભગ ઓળખાઇ ગયેલી હું શો ઉપાય કરૂં ? પ્રભુ ! ત્વરાથી મૃત્યુને મદદે મોકલ પરન્તુ છુટું તે પહેલાં એકજ આશા

હા એકજ આશા ! મારી-ક્ષમા હા ! એમની ક્ષમા માંગવી છે. અરેરે ! મ્હારૂં કાળજું કેટલું બળે છે ! હું હજી પણ, હું હજીપણ—એઓને—ઓરે —ઓરે ચાહું છું શબ્દ કેમ બોલી શકું ! મ્હારા પતિ છતાં પારકાના પતિ, મ્હારા પ્રેમી છતાં અન્યના પ્રેમી, અને એ સર્વ હું જીવીને જોઉં છું—અરે રે—પ્રભુ ! ક્ષમા ! ક્ષમા ! શું, મરતી વખત પણ હું ઈર્ષાથી બળું છું ! નારાયણ ! હરિ !—

(**સુરેન્દ્ર** જેવીજ એક ઉધરસની ગુંચ આવીને ગભરામણ થાય છે. તરતજ પાસેના ખંડમાંથી **ગંગાબાઇ** ઝડપથી આવે છે.)

ગંગા—બાઇ ! પાણી જોઇએ છીએ !

ચન્દ્ર—(સ્હેજ સ્વસ્થ થતાં)—ના ના, ગંગાબાઇ ગંગાબાઈ આમ પાસે આવો એ ત્હમે બોલો ત્હમે મ્હને ઓળખો છો ?

ગંગા—(દુર ઉભી રહીને)—બાઇ મ્હારી વ્હાલી બાઇને શું હમી ન ઓળખે ! પણ એ કમભાગી અણસમજુ બાઇ ! આ તું શું કરતા છે ! આ ભેદ શો છે !

ચન્દ્ર—(ઉશ્કેરાતાં)—ગંગાબાઈ જાઓ ઝટ **લલિતા** બ્હેનને આંહી બોલાવી લાવો. હજી બહુ વહેલું છે તેથી કોઈ ઉઠ્યું નહિ હોય માટે ઝટ જાઓ—જાઓ.

(**ગંગાબાઇ** વગર અચકાયે ઝડપથી ચાલ્યાં જાય છે ને **ચન્દ્રમતિ** એકલી પડતાં પાછું મન કામ કરવા માંડે છે.)

ચન્દ્ર—પ્રભુ ! જગતમાં માનવ જાતિનો શા સારૂ જન્મ ! અસ્થિરતા, અનિશ્ચિતતા, સંશય, દુઃખ કષ્ટ એ સર્વ વચ્ચે નિભવા સારૂ—(ઉંડો નિશ્વાસ મુકતાં)—હા ! તે કસોટીઓ ઉપર કસાવા માનવ મન કેટલું નિર્બળ છે ? હું જાણું છું કે હવે મ્હારે આ જગત છોડવાનો સમય ખરેખર ઘણો નજદીક આવ્યો ને તેમ તેમ મ્હારૂં મન બહુ—(ફરીશ્વાસની રૂંધણને લીધે ઉંડો દમ લેવો પડે છે)—પરન્તુમ્હારી શી સ્થિતિ હા ! અરેરે ! મહારા જ નિર્દોષ બાળકે મરતાં મરતાં શું કહ્યું ! જે નિર્દોષ હોય ત્હેને સારૂ પ્રભુનું ગૃહ ત્યારે—ત્યારે—શું ત્યારે ઇશ્વર દયાસિન્ધુ તે માત્ર.

(ફરી પાછી ઉધરશની ગુંચ આવતાં અબળા મુંઝાય છે. એ ચાર ક્ષણમાં પગલાંનો સ્વર આવે છે ને તરત **લલિતા** ને **ગંગાબાઇ** પ્રવેશે છે. **ચન્દ્રમતિ** **લલિતા**ને જોઇ વધારે ઉશ્કેરાય છે, આંખ ઉપરનાં કાળાં ચશ્માં જોર કરી ફેંકી દે છે ને બે હસ્ત લાંબા કરી બુમ પાડે છે.)

ચન્દ્રમતિ—ઓ **લલિતા** બ્હેન! ઓ **લલિતા** બ્હેન! હું ત્હમારી **મતિ**ભાભી રે! ઓળખો છો! ઓળખો છો!

લલિતા (અતિ દુઃખપુર મુખ ને દયાપુર દ્રષ્ટી સાથે સમિપ જઇ ત્હેના બે લાંબા કરેલ હસ્ત પકડતાં)—**મતિ**! મ્હારી વિનિત **મતિ**! મ્હારી કલાગરી આજ્ઞાંકિત મતિભાભી ઘેલી! આ તેં શી ઘેલછા કરી!

ચન્દ્ર (નણંદનો સ્નેહ જોઇ આશ્વાસનથી કંઇ શાન્ત પડતાં)—ઓ! ના આપો! મને ઠપકો ના આપો. લલિતા બ્હેન! હું પણ આખરે એક માનવ જાતિમાં જન્મેલ કંગાલ પ્રાણીછું. હું મ્હારા મનના વ્હેમને વશ થઇ મ્હેં ઘરનાં સુખ, ને વ્હાલાં બાલકોના આનંદને વ્હેમના જોરે ધક્કો માર્યો; પરન્તુ ઓ મ્હારી નણંદ!! કષ્ટ ખમવામાં મ્હારે કાંઇ બાકી નથી રહી હો! મ્હેં "કરને જોનું ફળ અહીંજ જોયું છે. ઓરે ઓ મ્હારા! પ્રભુ! મ્હેં બહુ સહ્યું છે! ઓરે! ઓરે રે!

(જોરથી શ્વાસ ભરતી અબળા શ્રમિત થઇ સોફાઊપર ગોઠવેલ તકીયા પર પડે છે. **લલિતા** પાસે પડેલ એક ન્હાના લાકડા સ્ટુલ ઉપર બેશી ત્હેને મસ્તકે હાથ ફેરવે છે. થોડીવાર ખંડમાં ચૂપકીદી ફેલાયા પછી **લલિતા** પાછી વાત આરંભે છે.)

લલિતા—(ઘણાજ મીઠા સ્વરથી)—ત્યારે બોલ! શું ત્હેં મને ક્ષમા આપી દીધી!

ચન્દ્ર—(આશ્ચર્ય પામતાં)—એટલે! એટલે એનો અર્થ શું? હું ત્હમને શી બાબતમાં ક્ષમા આપું?

લલિતા—(કંઇક છુટકારનો દમ ખેંચતાં)—ત્યારે શું ત્હારૂં અહીંથી જતા રહેવાનું મ્હારા દોષને મ્હારા દાબને મ્હારા કડકપણાને આભારી નથી?

ચન્દ્ર—એક કિંચિત પણ નહિ. ઓ **લલિતા**બ્હેન! એટલું ખરૂં કે જો ત્હમે મ્હારા પ્રતિ વધુ દયા દ્રષ્ટિ રાખી હોત, જો ત્હમે મ્હને ત્હમારી સંગાથે વધારે બોલવા છુટ આપી હોત તો આ બનાવ! અરે! આ કમનસીબ બનાવ કદી ન બનત ઓરે! ઓરે! પરન્તુ હવે શો ઉપાય! બનનાર બની ગયું થનાર થઇ ગયું.—

લલિતા—(ત્હેને અટકાવીને)—હવે વધારે નહિ, હવે બહુ ન બોલ. અરે **મતિ**! ત્હેં મ્હને આજે કેવા ભારના બોજા તળેથી કહાડી લીધી છે તે તું શું જાણે? પરન્તુ ઘેલી! જાણી જોઈને તું આ દાવાગ્નિમાં પડવા શા સારૂ આવી! તું ટ્રેનના અકસ્માતમાં મરી ગયેલી શું પાછી સજીવન થઇ? ત્હારો આ બધો ભેદ શો છે?

ચન્દ્ર—(શાન્ત સ્વરથી)–સાંભળો! ધૈર્ય ધારીને સાંભળો. હું શંકાને વશ થઈ આ ભુવનમાંથી નીકળી, મ્હને એક શેતાને–એક દૈત્યે–શંકાશીલ બનાવી ને શંકાને એટલી હદ સુધી વધારી મુકી કે ત્હેના તાપ નીચે બળતી હું ગમે તે રીતે આજુબાજુ જોયાવિના બચવા નીકળી પડી. પ્રથમથી ન તપાસ્યાનું પુરૂં ફળ ચાખ્યું. પતિગૃહ ત્યજાની ઘટિત સજા પામી, અજ્ઞાત બાળકોને તરફડતાં મુકવા કાજે ઉચિત પરિણામ ભોગવ્યું, ને અન્તે ત્રાસી આત્મહત્યા કરવા ધારતી હતી ત્યાં માસાજીએ આવી બચાવી. બચાવતાં બચાવતાં ચક્ષુ પણ ઉઘાડ્યાં ને ક્ષમાની આશાથી ત્વરાથી દોડતી ગૃહભણી વળી. પરન્તુ ભાગ્યમાં ઉંધુ લખેલું, કરેલાં કૃત્યોના ફળ ભોગવવા બાકી રહેલાં તે અકસ્માત થયો. મરી ગયેલી મનાઇ. ખબરો જાહેરમાં જણાઇ ને મ્હેં પોતે પણ તેમ માન્યું પરન્તુ મોતથી છેક પ્રભુના દ્વાર ખખડાવી આવીને બચી. મૃત્યુએ મ્હને ન સંઘરી મ્હારા જેવાને સારૂં એ પણ બહુ ઉપકાર વધારે પડતો થઇ જાય એમ દેખાડ્યું ને નર્કની પીડા તેથી પણ અસહ્ય કષ્ટ ભોગવવા રહી. બેવર્ષ હોસ્પીટલમાં મંદવાડમાંજ ગાળ્યાં. કોઇ ઉદાર દયાની દેવીના આશા તળે રહી ને પેપરમાં માંદા બાળક માટે–મ્હારા જ મરી જતા બાળક માટે–નર્સની જરૂરીયાતની જાહેર ખબર વાંચી નમાયા ગણાતા બાળકની સેવા કરવાનો મ્હેં ત્હેની સગી માતાએ મ્હારા ગમે તે જાતના ભોગે ઠરાવ કર્યો. આવી રહી અવર્ણ્ય દુઃખ જોયું ને.

(સ્વવૃતાન્ત કહેતાં ઉશ્કેરાયલી અબળા જોરથી શ્વાસ લે છે. **લલિતા** ત્હેની સ્હામું દયાની નજરથી જોયા કરે છે. શ્વાસનું જોર વધે છે ને સાથે સાથે અંદરના ભાગમાં દરદ પણ વધતું લાગે છે.)

ચન્દ્ર—(બહુ પ્રયાસથી બોલવાની મહેનત કરતાં)–ઓ **લલિતા** બ્હેન હું એક વાત ના ખુલાસા વગર મરીશ. મ્હારૂં મૃત્યુ નહિ સુધરે. ઓ કૃપા કરી ગમે તે પ્રકારે એઓને અહીં બોલાવો. મ્હારે ક્ષમા યાચવી છે. જાઓ, વિલંબ ન લગાડો, જાઓ, સમય બહુ.—

(**લલિતા** ત્હેને વધારે બોલવાની તસ્દી ન આપવાના હેતુથી તરત ઉઠી **ગંગાબાઇ**ને સમિપ રહેવા આંખના ઇસારાથી સમજાવતી ચાલી જાય છે. બહુજ થોડી ક્ષણમાં તે **અરવિન્દ**ને તેડી પાછી આવે છે. પરંતુ અંદર ન આવતાં સમજણ વાપરી બ્હાર રહી **ગંગાબાઇ**ને પણ બ્હાર બોલાવતી અદૃશ્ય થાય છે. **અરવિન્દ** અરધો બે ધ્યાનપણે દાખલ થાય છે, ને પુરૂં સ્હામું જોયાવિના પ્રશ્ન કરે છે.)

અરવિન્દ—કેમ અશ્રુબાળા ? આજે અત્યારમાં તબીયત વધારે બગડી છે કે શું ? પણ ઓરે ! આ કોણ ? શું ચન્દ્રમતિ ! !

(પ્રશ્નની સાથે નજર વધારે ખેંચાતાં અરવિન્દ ત્હેને જુએ છે ને પરખી કહાડે છે ને જાણે તે ઉભો હતો ત્હેની નીચેની જમીન ફાટી હોય તેવો આશ્ચર્યના આંચકાથી કમ્પે છે.)

ચન્દ્ર (દુઃખના રૂદનનાં ડસ્કાં દાબતાં)–હા એજ કમભાગિની ! એક વખતની આપની વ્હાલી મતિ ! હવે એ નામને સારૂ અનધિકારિણી ઓ મ્હારા શિર છત્ર ! ઓ મ્હારા આ જગતના મનુષ્યોમાંના એકજ વ્હાલા ! જુઓ. જુઓ ! આમ મ્હારા ભણી જુઓ. હું મરૂં છું. આજે ખરેખરી મરૂં છું, પરન્તુ વ્હાલા મ્હારા પ્રાણ ત્હમારી ક્ષમા વગર નીકળી શકતા નથી. ઉચ્ચારો, ફક્ત એકજ વાર ઉચ્ચારો કે " મતિ ત્હને ક્ષમા છે. "

(ઉધરશની ગુંચ આવતાં અટકે છે. **અરવિન્દ** સોફાની સમિપ આવે છે ને ત્હેના ઉંચા અડીંગણપર હસ્ત મુકી જાણે **ચન્દ્રમતિના** લેશ સ્પર્શથી પણ બ્હીતો હોય તેમ દૂર ઉભો રહે છે.)

અરવિન્દ (કંઇક સ્નેહાળ સ્વરે)—**ચન્દ્રમતિ** ! શાન્ત થા ! પણ આ બધો શો ભેદ ! તું અહીં કયાંથી ?

ચન્દ્ર—કહેશે, **લલિતા** બ્હેન સર્વ હકીકત કહેશે; પરન્તુ અત્યારે હાલ તુરત તે મ્હને માફી આપો. મ્હારા પ્રતિ જોઇને મને ક્ષમા આપો. હું બીજી હજાર રીતે ત્હમારી અપરાધી હોઇશ પરન્તુ મ્હારૂં જે એક પતિવ્રત ત્હેમાં કોઇ અંશે પણ વાંધો નથી આવ્યો ત્હેની શાક્ષી સર્વેશ્વર છે. માનો, માનો, હું મરતી વખત અસત્ય કેમ બોલીશ ! મ્હારે હવે આ સંસારમાંથી શું લેવું છે ? જુઓ મ્હારા ભણી જુઓ ને મ્હારા અભિમાની શિર છત્ર ! કરો ખાત્રી ત્હમારી, હું શું વિશેષણ ત્હમારે સારૂં વાપરૂં ! નથી પતિ કહી શકતી, નથી વ્હાલા વદી શકતી, ઓ મ્હારા પ્રાણજીવન ! માફીના બે શબ્દજ બોલો તો પ્રભુના ગૃહનાં દ્વાર ઉઘડે ત્હમારી પરવાનગી વિના પ્રવેશનો પ્રયત્ન નિષ્ફળ છે, બોલો. બોલો.

અરવિન્દ (કંઇક નિર્ણય સાથે **ચન્દ્રમતિની** વધારે નજદીક આવી ત્હેના મસ્તકઉપર સ્નેહથી બે હસ્ત મુકી)—મતિ ! મ્હારી અણસમજુ, ઉતાવળી, શંકાશીલ મતિ ! મ્હારી ત્હને ક્ષમા છે. સર્વથા સર્વ રીતે હું ત્હને ક્ષમા કરૂં છું.

ચન્દ્ર (હર્ષના ન દબાતા ઉભરાથી ઉશ્કેરાતી ને એ ઉશ્કેરાટથી દરદમાં

અગાધ વધારો કરતા)—ત્યારે શું **संशयात्मा विनश्यति** એ ન્યાયે મ્હારા આત્માની અધોગતિ નહિને ! **અરવિન્દ** (**ચન્દ્ર**મતિના કપાલ ઉપરના વાળ સમા કરતાં માયાથી)—ના—એજ વાકયો કહેનારેજ શ્રી મુખે બીજું અન્તનું એ વચન દીધું છે કે.

अहं त्वां सर्व पापेभ्यो मोक्षयिष्यामि माशुचः ને વળી.

(અને તે કંઈ હજી વધા રે બોલે તે પહેલાં **ચં**દ્રમતિનો દેહ છુટી જાય છે. ત્હેનું મસ્તક પતિના હસ્તમાં હોવાથી તે ત્યાંજ મૃત્યુ વશ થાય છે. એના મુખઉપર અપૂર્વ શાન્તિને દિવ્યતા છવાય છે ને એ નિરખતો અરવિન્દ ઉભો રહે છે.)

પડદો પડે છે ને
નેપથ્યે સંભળાય છે.

ભુજંગી.

દયા જાણીએ તોય નિત્યે ભૂલીએ, વૃથા શોક સિન્ધુ મહીં તો ડુબીએ;
શિશુ સર્વના ચિત્તને શાન્ત દેજો, સદા દિવ્ય જ્યોતિ ! પુરી ભાળ લેજો.
નથી પાર સ્વામી કરૂણા તણો ને, ઉરે આશ ત્હેની હમોને રહે છે;
અતિ દીન સર્વજનો સ્હાય દેજો, સદા દિવ્ય જ્યોતિ ખરી ભાળ લેજો.

સમાપ્તિ.

તા. ૧—૯—૧૦ વાર ગુરૂ.

અંધેરી.